વિલાસ સુંદરી

અને

અદ્ભુત જાદુનો પલંગ

એક રસીલી મનરંજન, ચમત્કારીક વાર્તા.

ભાગ પાંચમો

રચનાર

મીસ્ટર પ્રાગજી પરસોતમ યોગી મુંબાઈ

છપાવી પ્રગટ કરનાર
શા. એચ. એસ. હરી એન્ડ કુંપનીના માલીક
લછમનદાસ ગુપ્તા.
બુકસેલર્સ અને પબ્લીશર્સ
ફાકલેન્ડ રોડ માણેક બિલ્ડીંગ, પોસ્ટ નંબર-૪ મુંબાઈ

આવૃતી પહેલી પ્રત ૧૦૦૦

AHMEDABAD.

પાનકોરનાનાકે મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં મોતીલાલ
ગણપતરામે છાપી.

સંવત ૧૯૬૭ સન ૧૯૧૧

કીંમત રૂ. ૧-૦-૦

વિલાસ સુંદરી

અને

અદ્ભૂત જાદુનો પલંગ.

ભાગ પાંચમો.

કળાધર.

ચૈત્ર માસનો પ્રાતસકાલ છે. જોબનના બ્હારમાં આવી ઝુલી રહેલા આંબાના વૃક્ષ ઉપર બેસીને કોયલ કુહુ કુ હુ કરીને વિરહીઓને લલકારી રહી છે,બીજી બાજુએથી પપીઓ પીઉ પીઉ કરી સમો સાંધી રહેલો છે. પુષ્પોની કળીઓ ખીલી રહી છે. ગુલાબના ફુલ ખુબ ફુલીને જંગલને ખુંબ ગુલાબમય બનાવી મુકયું છે; તેની સુવાસને ખેંચીને વાયુ ચારે દીશાઓમાં તેની સુંગધીને ફેલાવતો મંદ મંદ વહી રહયો છે.

જેણે સફેદ વસ્ત્રો ધારણ કરેલ છે, કમરે તરવાર લટકાવેલી છે; પીઠ ઉપર ઢાલ બાંધેલ છે, પીઠની ડાબી પુઠ ઉપર ચોખા તીરોથી ભરેલો એક ઠેલો બાંધેલ છે, જમણા હાથમાં ધનુષ અને ડાબા હાથમાં બરચ્છી પકડેલ છે, એવો એક યુવક જેની ઉમર સુમારે ત્રીસ વર્ષની છે તે આ સુહામણાં સમયમાં કનકાવતીની ઉત્તરે આવેલા એક ઘાડા જંગલના વૃક્ષોની ઘટા નીચે બેઠો છે.

બેઠા બેઠા તેણે માથું ઉચું કર્યું, અને ચોતરફ નજર ફેરવીને તે બોલ્યો કે, 'વાહ ઇશ્વર! તારી લીલા અગાધ છે, પાર વગરની છે; તે જાણુવાને આ જગત કેવલ અસમર્થ છે. જેને માટે હું ક્યારનો વલખા મારૂં છું, દુઃખ સહન કરૂં છું, અને જેથી કરીને મને બહુ ક્ષુધા વ્યાપી છે, તે સર્વ કષ્ટના કારણરૂપી મૃગને મારી સમીપ મોકલી આપનાર અહો ઇશ્વર! તુંજ છે.

એટલા શબ્દો સ્વમુખની બ્હાર નીકલતાની સાથે તે યુવક પોતાની જગ્યાએથી ઉભો થયો. તે જોઇને મૃગ આમથી તેમ ન્હાસવા લાગ્યું, તે જોઇને તે યુવકે તે મૃગને કહેવા લાગ્યો કે, ' હવે હું તને છટકવા નહીં દઇશ? એક ઝડપમાં તને પકડી લઇશ? મારૂં એક તીર તારે માટે બસ છે? મારા તીરના ઘાથી તું બચવા પામનાર નથી. તો પછી તું શા માટે ભાગે છે? કયાં જઇશ? કોનો આસરો લઇશ! તારા પ્રાણને બચાવનાર આ જગતમાં હું કોઇને પણ જોતો નથી. એટલું કહેતાની સાથે ઘોડાપર સ્વાર થઇ તે મૃગની પાછળ પોતાના ઘોડાને છોડી મુકયો.

મૃગ પોતાના રંગમાં રમતો રમતો અને પોતાની પાછળ આવતા સ્વારને છકડ ખવરાવતો ખવરાવતો અને પરસેવાથી તરબોલ કરતો કરતો સડકપરથીજ સીધ્ધો ચાલ્યો જાય છે.

પોતાના હાથમાંથી તે મૃગ છટકી ન જાય તેટલા માટે તે સ્વારે પોતાના ઘોડાને તેની પાછળ ખુબ વેગમાં છોડી દીધો, અને તેની ઉપર પોતાના તીરનો એક ઘા કર્યો.

પોતાની ઉપર આવેલા પ્રાણનાશક તીરના ઘાને ચુકવી દઈ, લાંબી લાંબી છલાંગો મારતો ચાલ્યો. મૃગનું સ્વરૂપ બદલાઇ ગયેલું જોઇને, સ્વારે પણ પોતાનું સ્વરૂપ બદલાવી નાખીને તેની પાછળ ઘોડાને છોડી મુકયો. ઘોડો પણ પાણીના પુરની પેઠે તે મૃગનું પગલે પગલું લેતો ગયો.

સ્વાર મુછ ઉપર હાથ મુકીને મૃગને કહે છે કે, 'હું તને જીવતો જવા નહીં દઇશ?' તેના ઉત્તરમાં મૃગ કહેછે કે, 'મારૂં માશ તને ખાવા નહીં દઇશ ? બેધડક મારી પાછળ ચાલ્યો આવ. પણ આવતા પહેલાં તારા પ્રાણ અને ધનુષને બચાવજે.'

આ બંને પોત પોતાની ચાલાકીથી,ચપલતા અને સાવચેતીથી પવન વેગે ઉડયા જાય છે. પાછું ફરીને જોતા નથી. અને એક એકના બલની શકતી, એક એકને બતાવવા માટે, પોતાના શરીરની શકતીના પ્રમાણનો કંઇ પણ વિચાર કર્યા વગર તેઓ લગભગ ત્રણ કલાક સુધી એક સરખી ઝડપથી દોડી રહયાં હતાં.

પોતાની પાછળ પડેલાં તેજી શીકારીની શકતીને ક્ષીણ કરવા માટે, અને તેથી તે બલહીણ બની પોતાની આશા ત્યાગ કરી ચાલ્યો જાય એવા વીચારથી તે મૃગે સડકના સીધામાર્ગને મુકી દઇ જંગલની ગીચ ઝાડીઓ વાળા માર્ગમાં પેઠો.

આ જોઇ તે સ્વાર ક્રોધાઅગ્નીથી બળવા લાગ્યો. અને તેની બળતરા સહન કરી ન શકવાથી તે સ્વારે ઘોડા ઉપરથી કુદકો મારી તેની પાછળ દોડીઓ. દોડતાં દોડતાં તેની ઉપર બરાબર નેમ ટાંકીને એક ઝેરી તીર ફેંકયું તે તીર મૃગ ને નહીં એવો જખમ કરીને ભાંગી ભુકા થઇ નીચે પડી ગયું. તે જોતાની સાથેજ તે યુવકના મુખ કમળ ઉપર ચમકી રહેલી લાલી ઝાંખી પડી ગઇ. પોતાના ઝેરી તીરના કારી ઘાને એક તરણા સમાન ગણનારા મૃગને એક ગુફામાં ભરાઇજતાં જોઇ ને તે જરા નીરાશનોનીશાસોનાખીને નાઉમેદ અનેકાયર સરખોબની જરાસોં વાંકુ કરીને આડું અવળું જોવા લાગ્યો. આવી દશામાં તેણે કેટલીક ક્ષણ કાઢયા પછી પાછો શરીરમાં કાંટો લાવીને કહેવા લાગ્યોકે, ' ઓ હઠીલા મૃગ! તેં ખુબ કરી બતાવી! તેં તારી અદ્દભુત શકતીને અજમાવત્રામાં કંઇ બાકી રાખી નથી. પણ તું તારો પ્રાણ બચાવી શકયો નથી. મારા તીરના ઝેરી ઘાના કારી જખમથી થતી પીડા તું સહન ન કરી શકવાથી ગુફામાં જઇ ભરાઇ બેઠો છે. પણ હવે હું તને એક પલ પણ આ ગુફામાં રહેવા દઇશ નહીં, અને મારી બરછીની અણીથી તને ગુફાની બહાર ખેંચી કાઢીશ, અને તારા કાચા માસથીજ મારી સુધાને તૃપ્ત કરીશ'.

આમ મનને મનાવતો, અને મનમાં ને મનમાં હસતો, મુછને મરડતો અને આડી અવલી બરચ્છીને ફેરવતો, તે મૃગને ગુફાની બહાર ખેંચી કાઢવા માટે તે યુવક તે ગુફાની આગળ

જઈ ઉભો રહયો. પણ કંઈ કરી શકયો નહીં. અને એક જંગલ વાસી માણુસની પેઠે અબુધ બની ગયો.

જેઓ ધૈર્ય રૂપી ઢાલથી, અને હીંમત રૂપી હથ્યારથી, રક્ષાયલાછે, તેના ચીત્તમાં ચટકો મારનારી, જેઓ બહુ કાળ સુધી બ્રહ્મચર્ય પાળી મન અને ઇંદ્રીઓને વશ કરેલ છે; તેને પણ એકવાર ચલાયમાન કરી શકે એવી જે આ ગુફા છે, તે ગુફા પોતાના માયીક મોહમાંથી આ યુવકને કેમ બચવા દે.

તમામ ગુલાબના ગોટાઓથી ભરેલી વાટીકાના મધ્ય ભાગમાં એક બેઠા ઘાટનો મ્હેલ હતો, અને તે મ્હેલને જુદા જુદા આકારમાં ગુલાબી અને સોનેરી રંગથી ચીતારવામાં ચીતારે બાકી રાખી ન્હોતી. આ મ્હેલની બારીઓમાં લાલ લીલા પીલા અને સફેદ હીરાઓને જડી લેવામાં આવ્યા હતાં તેથી તેની ઉપર જેમ જેમ સુર્યના કીરણો પડતાં જતાં હતાં તેમ તેમ તે મ્હેલ ભભુકી ઉઠતો હતો, અને લોહ ચુંબકની પેઠે જોનારના ચિત્તને પોતા તરફ ખેંચી રહયો હતો. તેજ મ્હેલની નીચે તે ગુફા હતી અને તેજ ગુફામાં મૃગ ભરાઇ જઇ બેઠું હતું, અને તેનું માશ ખાવાની લાલસા માટે તે યુવક પણ ત્યાં ઉભો હતો. ગુફાની અંદર મૃગ પ્રવેશ કર્યા પછી તે ગુફાનું મુખ ગુલાબની ગુંથેલી ચાદરથી ઢંકાઇ ગયું હતું. તે આ યુવક જોઇ શકયો નહોતો, અને તેથી તેની ભ્રાન્તીમાં તે ભ્રમીત બની ગયો હતો.

આ ગુફાની સામે એક વીસાલ જગ્યા હતી, અને તે જગ્યા ઉપર ગુલાબી રંગનો ગલીચો બીછાવેલ હતો. તેની ઉપર ગુલાબી

રંગના અંગવાલી ચાર રસીક રમણીઓ રંગ રસમાં તરબોલ બનીને બેઠાઓ હતી. અને તેમાંથી એક ગુલાબની ચાદર ગુંથતી હતી, બીજી ગુલાબની ચોલી બનાવતી હતી, ત્રીજી ગુલાબનો ચણીઓ તૈયાર કરતી હતી અને ચોથી ગુલાબનો હાર બનાવતી હતી, તે ચારે જણીઓ ઉપર આ યુવકની દ્રષ્ટી ચોટતાજ તેના હાથમાનું ધનુષ્ટ અને બરચ્છી નીચે પડીગયા.

તેની દ્રષ્ટી તેને ખેંચતી ખેંચતી તે ચારે રમણીઓની પાસે લઇ ગઇ; તે જોઇ તે ચારે રમણીઓ તે ગુફામાં અલોપ થઇ ગઇઓ, તેની પાછળ તેની દ્રષ્ટી તેને પાછો ખેંચી લાવી તે ગુફાની આગળ છોડી દીધો. છતાં યુવકને ભાન આવ્યું નહીં; અને બેભાન બની બકવા લાગ્યો કે, 'અહો મૃગનેણીઓ ! જેમ ગુલાબ વીના આ વાટીકા સોભતી નથી, તેમ તમે નર મૃગ વીના શોભતીઓ નથી! નરમૃગ વગર તમારો દીવસ કેમ વીતે છે; નરમૃગ વગર તમને કેમ હાસ્ય છુટે છે. જરા આવો,હાસ્ય વીનોદનો રંગ જમાવો, તમારા સ્નેહનો અભીલાષી તમરા સ્નેહ વગરના આ મૃગ તમારી આ વાટીકામાં કયારનો તડફડીઆ મારી રહેલ છે તેની શું તમને દયા આવતી નથી ? અહો કોમલાગીઓ ! તમારા કોમલ સ્વરથી મને પ્રસન્ન ન કરતાં ઉલટો મને કામ બાણથી વીંધીને ચાલી ગઇઓછો. તે હું કેમ સહન કરી શકીશ? તમારા કામ બાણથી ઘાયલ બનેલો આ ઘાયલ તમને ઘાયલ કર્યા વગર હરગીશ અહીંથી જનાર નથી'.

બાણુ સૈયા ઉપર સુઇને તપશ્ચર્યા કરનાર યોગી પુરૂષ પણ કામનીના કટાક્ષ બાણુથો ઘાયલ બની યોગીપણાનો ત્યાગ કરી દે છે. જ્ઞાની પુરૂષ માયાના મોહમાં લપટાઇ જઇને પોતાના સર્વોતમ જ્ઞાનને ભુલી જાયછે, તો પછી આ યુવક પોતાના સર્વો પરી સુરાપણાના લક્ષણોને તજી દઇને માયાના મોહ રૂપી કુપમાં પડી તડફડીઆ મારી રહેલો છે તેમાં શી નવાઇ!

જેની ઉમર લગભગ પાંત્રીસ વરષની છે, રંગે ગોરો છે; જેના શરીરનું કદ લાંબુ છે, જેની આંખો મ્હોટી છે, અને જેના પહોલા લેલાટ ઉપર ભસ્મનું ત્રિપુંડ ખેંચેલું છે. અને જેણે ગુલાબી રંગનું પીતાંબર પહેરેલું છે એવા રંગવાળો એક પુરૂષ અંગોની ફુરતીની સાથે ગુફાની બહાર નીકળી આવી ઉભો અને લલકારીને કહયું કે, 'કેમ કરણસીંહ! સુધ્ધીમાંછો કે બે સુધ્ધીમા છો? જો સુધ્ધીમાં હોતતો મારા પાળેલા મૃગને કદીપણ ઘાયલ કરત નહીં. અને તેની પાછળ આવીને મારી વાટીકામાં કદી પણ દાખલ થાત નહીં, અને તેની સાથે મારી દાસીઓનું તું કદી પણ અપમાન કરત નહીં; એટલો બધો તું બેશરમ ક્યારથી બની બેઠો છે. બોલ તેને બદલ તુને શું શીક્ષા કરૂં.

આ શબ્દો કરણસીંહને કાને પડતા કરણસીંહ ચમકયો. અને ચમકતાની સાથે તે સચેત થઇ, પોતાના પડી ગયેલા

ધનુષ અને બરચ્છીને પાછા નીચેથી ઉપાડી લઇને કઠ્ઠકીથી તેને કહેવા લાગ્યો કે, ' તમારી શીક્ષા લાયક હું નથી, પણ તમારૂં મૃગ અને તમારી દાસીઓ છે. તેને શીક્ષા ન કરતાં મને શીક્ષા કરવાને કેમ સમર્થ થયા છો? શું મને એક તરણા સમાન ગણો છો ? શું મને એક રઝળતાં અને ભટકતાં ભીખારી સરખો સમજો છો ? નહીં, નહીં, તેમ સમજી મને તમારો રોષ બતાવશો નહીં, હું તમારા કોપથી કે રોપથી જરા પણ ડરવાનો નથી. જો તમે તમારા મૃગની રક્ષા કરવા ઇચ્છા રાખતા હોતતો તેના ચામડા ઉપર તમારા નામની નીશાની કરીજ હોત. અને આ નીશાનીથી કોઇ પણ શીકારી તેને મારવાનો પ્રયત્ન કરતેજ નહી. જંગલમાં રઝળતાં મૃગોને જોઇ કોણ એવો શીકારી હશે કે તેને જીવતું જવા દેશે. બસ હવે તમને લાજમ છેકે મારા શીકારને મને આપી મારી સુધાને તૃપ્ત કરો. તેણે મને દુઃખ દેવામાં કાંઇ પણ બાકી રાખ્યું નથી.

કુળાધર—ઓ બે અદબ ! ચુપ રહે ! શું બકવાદ કરી રહયો છે. એકતો મારા મૃગને ઘાયલ કરી મારી વાટીકામાં ચોરની પેઠે દાખલ થયો તેના અપરાધ બદલ ક્ષમાં ન માગતા સામી મૃગની માગણી કરે છો? મર્ખ શરમાતો નથી. તને તેનાજ માસની ભુખ છે તો તારી ભુખને મટાડવા માટે ચાલ બીજા મૃગનું માસ આપુ છું તે લઇ જા. અને ફરીથી તે મૃગનું નામ લેતો નહીં, નહીંતો તને મ્હોટી શીક્ષા કરીશ.

કરણસીંહ—અરે ચોરના સરદાર! ભોળા લોકોને ભરમાવી, તારી વાટીકામાં લાવી, તેને લુટવા માટે તે શું આ મૃગ પાળ્યું છે? અસમર્થોનેફસાવીઆ સંસારમાંથી નાબુદ કરવા માટે તે શુંઆ વાટીકાબનાવેલીછે?ફરીનેતેમાણુસ સંસારનુંસુખ અને પોતાના વૈભવનો ઉપભોગ ન કરી શકે તેટલા સારૂં તે ચાર રમણીઓને તારી ગુફામાં રાખેલી છે? તું ખરે ખરો કોઇ લુટારો છે અને જગતને લુટીનેજ આવો વૈભવ ભોગવવાને તું સમર્થ થયો છે. પણ યાદ રાખ કે તારી આવી ધુરકીથી હું કદી પણ ડરનારો નથી. માટે તારા પ્રાણુની રક્ષા કરવાની ઇચ્છા રાખતો હોયતો તે મૃગને આપીદે તેમાંજ ઠીક છે. (બરછી બતાવીને) નહીંતો આના બલથી લઇશ.

કલાધર—જબાન સંભાળ! વીચારીને બોલ! નહીંતો મૃગના માસને બદલે તારા માસનો ભોગ પક્ષીઓને આપવો પડશે. આ રાંડી રાંડનું ખેતર નથી પણ સુરાઓના ગાત્ર ગાળી નાખનારાનું ખેતર છે, જો તારામાં લડવાની શક્તી હોયતો સરત કર. તું મને જીતતો મારે તને મૃગ આપી દેવું. અને કદાચ તું હારી જાતો, હું જે કહું તે તારે કરવું. બોલ આ સરત તારે કબુલ છે.

કરણસીંહ—(જરા વીચાર કરીને) તારી ઇચ્છાને પુર્ણ કરવા માટે તું જે સરત કબુલ કરાવવા કહીશ તે હું કરીશ. પણ એક ખલની પેઠે સત્યને તજી અસત્યને ગ્રહણ કરવા કદી પણ

તત્પર થઇશ નહીં બેશક હું કહુંછું કે એકવાર નહીં, પણ સાતવાર તારી સરત મને કબુલછે. આવ, હવે વખત કેમ લગાડેછે?

કલાધર—બહાદુરોની પરીક્ષા કરવાની આ એક કસોટીછે બોલવામાં કે કઠોરતા બતાવવામાં વીરતા સમાયલી નથી. પણ સામાને સરત્રોથી જીતવામાંજ પરાક્રમીઓનું પરાક્રમ સમાએલું છે. માટે જુએ છે શું? તારી સમીપતો ઉભોજછું વાર કર.

કરણસીંહ—પહેલાં તું કર.

કલાધર—(હસીને) મારો એવો નિયમ નથી કે પહેલો ઘા કરૂં? પહેલો ઘા કરવામાંજ કદાચ તારી શકતી ક્ષીણ થઇ જાય તો, જે આશાને માટે તું અહીં આવ્યો છે, તે આશા એમની એમ તારા પેટમાં રહીં ન જાય, તે માટે હું કરતો નથી, અને તને કરવાનેં કહુંછું. મેં આજે દીન સુધી મ્હોટા મ્હોટા શુરવીરો ઉપર કદી પણ પહેલો ઘા કર્યોજ નથી તો પછી તારા જેવાં એક સુંજી ઉપર પહેલો ઘા કરીશ?

કળાધરના આ છેવટના શબ્દોએ કરણસીંહના ક્રોધને અગ્ની સરખો તપાવી દીધો, ક્રોધાગ્નીથી તપેલા કરણસીંહે દાંત પીસીને બરછીને ઉઠાવીને કળાધરના જમણા અંગ ઉપર ફેંકી. દુશ્મનની બરછીનેપોતાના અંગ આવતી જોઇને કળાધરે પોતાની બરછીને તે બરછીની સામે ફેંકી, બંનેની બંને બરછીઓ બંનેના જોરથી સામ સામી ટકરો લેવા લાગી. અને ટકરોલેતી લેતીઅધવચમાં ટુકડાથઇનીચે પડીગઇઓ. પોતાનાપહે-

લા ઘાના હુમલામાં બરછીના કટકા થઇ ગયેલા જોઇને, તરત કરણસીંહે ધનુષ ઉપર બાણ ચઢાવીને પોતાના હરીફને બાળી ભસ્મ કરવાને મુકયું. પણ પોતાના હાડરીપુનું બાણ આવે તે પહેલા કળાધરે પોતાના ધનુષ ઉપર ઝેરીમાના ઝેરો બાણને ચઢાવીને કરણસીંહના બાણને વચમાં આવતાં ઠોકયું, અને તેને વચમાં રોકીને તેના ત્રણ ટુકડા કરી નાખ્યા, અને એક બીજુ બાણ મારીને તેની કમાનને પણ કાપી નાખી. કમાનના કટકા થઇ ગએલા જોઇ કરણસીંહે તરત મ્યાનમાંથી તરવાર ખેંચી, તરવારને ખુબ અજમાવી, પણ તેની તરવાર અને તેની ઢાલ જોત જોતામાં કળાધરના ઝેરી તીરોના વરસાદથી ભાંગી ભુકો થઈ નીચે પડી ગયા.

હથ્યાર વગરના તેજહીણ થઇ ગએલા સુરાની મુખમુદ્રા જોઇને કળાધરે લલકારીને કહ્યું કે, 'એ લડવા વાળા ! બહુ હથ્યારને સેવવાવાળા ! હવે તારો શું ઇરાદો છે ? જોયું કે ! મેં કેટલી ઝડપથી તારા શસ્રોને છેદી ભેદી છીબડાઓની પેઠે ટુકડે ટુકડા કરી નાખ્યા'.

કરણસીંહ---તેથી થયું શું ! મારા શસ્ત્રોએ મને પુરેપુરી મદદ કરી નહીં તેથી તું ભુંડની પેઠે ભડકી ઉઠયોછે ? માટે ભુંડનો સ્વભાવ મુકી દઇ, શુરાને સોભે તેવો સ્વભાવ રાખીને મારી બીજી સરત કબુલ રાખ, હવે પછી આ સરતમાં જે જીતે તે હારવાવાળાને, જયાં સુધી તે જીવે ત્યાં લગી પોતાનો ગુલામ કરી રાખો.

કળાધાર—(હસીને) તે પણ કબુલ છે. હથ્યાર વગરનો તું કેમ કરીને તારા ઉમંગને પાર પાડીશ.

કરણસીંહ—ઓ ગુમાની! નથી તો નથી. પણ પુંઠ બતાવીને, ભાગી જતો તો નથીને? આવીજા, મલ્લ યુદ્ધ મચાવીએ, આ મલ્લયુદ્ધમાં જે હારે તે જીતનારનો જીંદગી પર્યંત ગુલામ બની જાય.

આ સરત મંજુર થતાજ બંનેએ ઝટપટ પોતાના લુગડા ઉતારી લંગોટા બાંધી સામસામા થઇ ગયા. મસ્ત હાથીની પેઠે મસ્ત બની રગડા રગડી કરવા લાગ્યા, એક બીજાને આમથી તેમ ખુબ ઘસડવા લાગ્યા, આ બંનેની જબરી ઘસડા ઘસડીથી ગુલાબોના ફુલોથી ભરેલી વાડીનો કેટલોક ભાગ છુંદાઇ જઇ જમીન ઉપર પથરાઇ ગયો, અને તે ઉપર આ બંને જણ એક બેકને દાવપેચથી ઘસડતાં ઘસડતાં આવ્યા, તેના રંગથી આ બંનેનું શરીર ગુલાબી રંગનું બની ગયું, આવી પ્રકારે એક કલાક સુધી બંનેની જંગી કુસ્તી ચાલી. પણ એક એકને કોઇ જીતી શકયા નહીં. કળાધરે સમો સાચવીને કરણસીંહને એવી એક જગ્યાએથી દબાવી દઇને, બે હાથથી તેની કમર પકડીને પોતાના માથાની ઉંચાઇથી પણ વધારે ઉંચો લઇ જઇને જમીનપર છતોપાટ પટકી તેની છાતી ઉપર ચઢી બેઠો અને તેને પુછયું કે, 'કેમ સુંજી! હવે તું શું કહેછે?'

કરણસીંહ--હવે હું તારો સદાનો દાસછું, તારી ઇચ્છામાં આવે તે મુજબ તું મને રાખ.

કરણસીંહના આવા વીનયપુર્વક શબ્દો સાંભળતાજ કલાધર તેની છાતી ઉપરથી ઉઠી, તેને પણ ઉઠાડી, પોતાની છાતી સાથે ડાબી પોતાની ગુફાની અંદર લઇ જઇને તેને અનેક પ્રકારના તેલ અત્તરોથી નહવરાવી અમુલ્ય પોશાક પહેરાવી પોતાના સીંહાસન ઉપર બેસાડયો, અને તેની અચ્છી તરેહથી બરદાસ્ત કરીને કહયું કે, 'કરણસીંહ! હું આશા રાખુંછું કે, તમે મારી સાથે મીત્રાચારીનો ઘાડો સંબંધ રાખશો. આ હારથી તમે કોઇ પણ પ્રકારનું દુઃખ તમારા મનમાં લાવશો નહીં.'

કરણસીંહ-શુરાઓને ઘેર શુરાઓ સોભે છે, અને શુરાઓને શુરાઓ માન આપે છે, અને તેજ રીતી પ્રમાણે તમે વર્તયા છો તે જોઇ મને પરમ આનંદ પ્રાપ્ત થયો છે. આ આનંદની આવેલી લ્હેરની સાથે કહીશકે હું હવે તમારો સદાનો દાસ છું, તે વાસતે તમે જે કહેશો તે કરવાને હું તત્પર છે, આપ જાણોછો કે ક્ષત્રીય લોકોને પહેલા ધર્મ યુદ્ધ કરવાનું છે તે યુદ્ધમાં હાર જીતનું કાંઇ પણ ઠેકાણું રહેતું નથી. બુદ્ધિમાન આવી હારથી કદી પણ દુઃખી થતાં નથી.

કલાધર-તમારા બોલવાનો ભાવાર્થ મેં પુરે પુરો જાણી લીધો છે, હવે આપ કોઇ પણ પ્રકારની ચીંતા રાખશો નહીં. હું તમારા તરફની મદદ માગું છું અને તેટલા માટે

કેટલાએક દીવસોથી હું અહીંઆ રોકાયો છું. મારૂં નામ કલાધર છે. અને હું વીધ્યાધ્રરી (જાદુગરોનો) ચક્રવર્તિ છું, જો આપ મદદ કરોતો મારૂં કામ સીદ્ધ થઇ જાય એમ છે. તેના બદલામાં તમને જે જોઇએ તે મારી પાસેથી માગી લેજો.

કરણસીંહ—(ડરીને) આપ એવી વાત કરશો નહીં, તમારા સંબંધી કેટલીક વાતો એક જોષીએ મને કહી હતી, અને ઘણીક વાર મારા કામમાં મદદ કરવાને તેં મને વારંવાર સુચવી રહયો હતો, પણ તેની ઉપર મારો પૂણ વિશ્વાસ ન હોવાથી તેમ કરવાને મેં ના પાડી હતી. પણ ફરીને તે મારા જોવામાં આવ્યો નથી. છે કે નથી કે ક્યાં ગુમ થઇ ગયો, તે હું જાણુતો નથી ગમે તેમ હો. ગમે તેમ થાઓ પણ તમારૂં કામ કરવાને તૈયાર છું, પણ તેના બદલામાં અગર તમે મને કંઇ પણ દેવાની ઇચ્છા રાખતા હોતો મારૂં રાજ મને પાછું મેળવી દેશો.

કલાધર—શું તમારૂં રાજ, તમારી સત્તામાં નથી ?

કરણસીંહ—નહીં, મારા કનીષ્ઠ બંધુએ મારા મંત્રીઓની સહાયતા વડે એક માસ થયા મારૂં રાજ છીની લીધું છે. તેથી લાચાર બની હું જંગલમાં ભટકી મારા દીવસો કાઢું છુ.

કલાધર—હવે તમારો કોઇ સાચો સ્નેહી છે કે નહીં ?

કરણસીંહ—ખરા વખતને માન આપી દુઃખમાં ભાગ લેંનારો મારો નીમક હલાલ સેનાપતી છે. જેની પાસે માત્ર નામના થોડા લડવૈયા છે. તે લડવૈયાથી શું થનાર છે.

કલાધર–હું એમ નથી પુછતો, મારે તો એટલુંજ પુછવું છે કે તે તમારી સાથે લડાઇમાં આવી શકશે કે નહી?

કરણસીંહ–હા. ખુશીની સાથે આવી શકશે.

કલાધર–ઠીક છે તો તમે તેનાથી મલીને તેની ફોજ તમારી સાથે લઇને અમરપુર ઉપર ઘેરો ઘાલો જ્યારે તમારો ભાઇ તમારી સમીપ આવે તે સમે એકદમ પોકારીને કહેવું કે, ‘ ઓ પૃથ્વી આ ચંડાળનો તું ભોગ લેજે.’ બસ પછી જો જો કેવું થાય છે?

કરણસીંહ–શું તેને પૃથ્વી ગળી જશે! અગર આપ એટલું કરવાને સમર્થ છો તો પછી સો પચાસના મસ્તકો કપાવવાથી શું પ્રયોજન? અંહીઆ બેઠે બેઠે તેને પકડી કેમ મંગાવતા નથી.

કળાધર—(હસીને) તમે કંઇ પણ સમજી શકતા નથી છો. આમ કરવાથી લોકોના મનમાં તમારી તરફથી મ્હોટો ભય ઉત્પન્ન થશે, અને કહેશે કે, પોતાના કોઇ એક મીત્રની મદદથી બેઠે, બેઠે પોતાના શત્રુઓને મારી નખાવે છે બસ પછી તમારાથી લડવાને સર્વે કોઇ ડરશે.

કરણશીંહ—એ તો બધુએ ખરૂં પરંતુ—

કળાધર—પરંતું એટલે શું?

કરણશીંહ—મારા ભાઈની જબરી ફોજ, મારીગણી ગાંઠી ફોજને સેરડીના સાંઠાની પેઠે કાપી નાખશે. એજ વાંધો છે.

કળાધર—(હસીને) મને જણાય છે કે તમે મારા કહેવા ઉપર મુદલ લક્ષ આપ્યું નથી. તમે એક વારતો તેની ઉપર ચઢાઇ લઇ જાઓ પછી જોઇ લેજો કે ભગવંતસીંહ અને તેની ફોજ શું કરે છે?

કરણશીંહ—તો હું જાઉં છું.

કળાધર—હા! હા!! જાઓ હું પણ વખત સર આવી પહોંચીશ.

એટલું કહીં આ બંને જણ હસ્તા મુખડાથી એક એકના ખંભા ઉપર હાથ મુકી ગુફાની બહાર નીકળ્યા. અને પોતાની ગુલાબમય વાટીકાની અલૌકીક રચના કરણસીંહને કળાધર બતાવવા લાગ્યો.

આ સમે જેનું શરીર લીલા વાંસ જેવું પાટલું હતું બહુ લાંબુ નહીં તેમ બહુ ટુકું નહીં પણ એક સાધરણ કદના માલાસના સરખું હતું, ભભુતી અને લંગોટાથી શરીરને ઢાંકેલું હતું જેના એક હાથમાં સવાગજ લાંબો લોહનો ચીપીઓ અને બીજા હાથમાં રૂદ્રાક્ષની માલા હતી જેની આંખો ચારે દિશાને જોઇ રહી હતી. તેવો એક અબધુત શાંત વૃત્તિથી ધીમે ધીમે ચાલતો ચાલતો તે વાટીકા આગલ આવી ઉભો અને નીચે મુજબ કહીને ત્યાંથી ચાલતો થયો. અને પાછું હરીને

જોતા તે અબધુત જોવામાં આવ્યો.નહીં.જાતા જાતા તે કહી ગયો કેઃ—

નહીં હૈં તેરા, નહીં હૈં મેરા,
સબ રહેંગા ઇધર હી ડેરા;
કરલે, કરલે, અબ બીચાર તેરા;
કાલને ડાલા હૈં અપના ઘેરા.

આ શબ્દો તેલની પેઠે કળાધરના કાનમાં રેડાતાં કળાધરના કાન ચમકયા તેથી કળાધરના હોસ કોસ ઉડી ગયા, અને તેની મુખ મુદ્રા ઉપર કાલાસ રૂપી છાંયા છવાઇ ગઇ. કંપવાથી તેનું શરીર ધ્રુજવા લાગ્યુ, અને મોતના પડછાયાને તેની આંખો જોવા લાગી. છતાં તે સંબંધી કરણુસીંહને કળ પડવા ન દેતાં કરણુસીંહને તરત ત્યાંથી વીદાય કર્યો. કરણુસીંહને વીદાય કર્તાની સાથે પોતે પણ પોતાની ગુફાની અંદર ઉતરી ગયો. ગુફામાં ગયા પછી તે બોલ્યો કે, ' મારી આંખને મોતનો પડછાયો બતાવનારને હું એકવાર શોધી લઇશ. ' એટલું કહી તે વીચાર રૂપી સાગરમાં ગોથું ખાઇ ગયો. પ્રિય વાંચક ! મેં તને આ પાંચમાં ભાગમાં કળાધરને ઓળખાવ્યો છે. તેને હવે તું ભુલીશમાં અને તેના જે જે જાદુઇ ચમત્કારો તારા જોવાંમાં આવે તે તે તારા સ્મર્ણમાં રાખજે. અને તેના ઉપર તારા વીચારરૂપી ઘોડાને છોડી દેજે. પણ તેમ દોડાવતાં જો તું ઠોકર ખાઇ જતો હોય એમ તને લાગે તો તે તારા વીચારરૂપી ઘોડાને તેને ઠામે લાવી પાછો બાંધી દેજે.

વાંચક! હવે તું સવાલ કરીશકે આ અબધુત કોણ ? તેનાં ઉત્તરમાં, તને એટલું જ કહીશકે, તે ખરો અબધુત નહીં, પણ અબધુત વેશે આપણી વાર્તાનો મુળ નાયક ગુણુનીધી છે. વિલાસ સુંદરીની શોધ માટે, અને કળાધરમાં કેટલું પરાક્રમ છે તે જાણવા માટે તેણે અબધુતનો વેશ ધારણ કરેલ છે.

કળાધરથી છુટો પડેલો કરણુસીંહ ક્યાં જાય છે, અને શું કરે છે તે હવે આપણે જોઈએ.

ગુલાબની વાટીકાની બ્હાર પસરી રહેલી ગુલાબની સુવાસના લેતો લેતો કરણુસીંહે જ્યાં પોતાના ઘોડાને છોડી દીધો હતો ત્યાં આવી ઘોડા ઉપર સ્વાર થઈ સપાટાની સાથે ચાલતો થયો.

આ સમે સુર્યનારાયણ અસ્તાચલ પર જઈ પહોંચતા હતાં.

આ ગુલાબની અલૌકીક વાડીથી આઠ ગાઉને છેટે એક જંગલ હતું, અને તેની આસપાસ કેટલાએક ન્હાના મ્હોટા ટેકરાઓ હતા. આ ટેકરાની બાજુમાં વનસ્પતીથી ફુલેલી એક વાડી હતી, તે વાડીમાં સુકા પાત્રાની બનાવેલી એક ઝુંપડીમાં ઝાંખો દીવો બળી રહયો હતો.તે દીવાને હાથમાં લઈને એક માણુસ ઝુપડીમાંથી બ્હાર નીકળી વાડીમાં ચોતરફ નજર ફેરવીને પાછો ઝુપડીમાં જતો હતો. આમ ઘણીકવાર સુધી આવ જાવ કર્યા પછી તે વાડીની બ્હાર નિકલ્યો. એટલામાં કરણુસીંહ રખડતો રઝળતો લગભગ રાતના આઠ વાગે વાડીના નાકે આવી ચઢયો, તેને જોઈ તે માણુસ કરણુસીંહના ઘોડાની લગામ પકડી ધીમે ધીમે વા-

ડીમાં દાખલ થઇ ઝુપડો આગળ આવ્યા,કરણસીંહ ઘોડા ઉપરથી ઉતરી પડી ઘોડાને તે માણસને સોંપી દઈ ઝુપડીમાં પેઠો. ઘોડાને ખાલ્લે બાંધી માણસ પણ ઝુપડીમાંગયો અને કરણસીંહને કહયું કે, 'હું ચાર કલાકથી તમારી રાહ જોતો બેઠો છું, આજ આપ કયાં ગયા હતાં. ? મને મ્હોટી ચીંતા થતી હતી કે કંઇ પણ ગડબડ તો થઇ નહીં હોય ?

કરણસીંહ—મેઘનાથ ! તમારા સીવાય મારી ચીંતા બીજો કોણ રાખશે ? ખરેખર આજ એક મ્હોટી આફતમાં ફસાઈ ગયો હતો પરંતુ બચી ગયો છું. હમણા તો આ સમે આનંદનો ઉભરો મનમાં સમાતો નથી.

મેઘનાથ—શું કાંઇ નવીન વસ્તું હાથ લાગી ?

કરણસીંહ-રાજ્ય.

મેઘનાથ-કયાંનું રાજ્ય.

કરણસીંહ-વીરપુર.

મેઘનાથ-શું સત્ય કહો છો ? શું વીરપુર ઉપર તમારો કાબુ બેસી ગયો.

કરણસીંહ-બેઠો તો નથી, પણ બેસવા સરખોજ છે.

મેઘનાથ-ખુલ્લે ખુલ્લું કહી દો, મારૂં મન મુઝાય છે.

આજ સહવારે કલાધરની ગુફામાં જે કાંઇ બનાવ બન્યો હતો તે સર્વે બનાવ કરણસીંહે મેઘનાથને વર્ણવી બતાવ્યો. તેની સાથે એમ પણ કહયું કે, 'આ વખતે જઇને તેનો સર્વે બંદોબસ્ત

ફરી લેવો જોઇએ જેથી કાલ 'સહવારનાજ વીરપુર ઉપર ઘેરો ઘાલી શકીએ'.

કરણસીંહની વીચિત્ર કથાનું કથન કરતા કરતાં બંને જણા જમવા બેઠા. જમી રહીને બંને જણા ઝુપડીની બહાર નીકળી કોઇ બીજે રસ્તે ચાલતી પકડી.

વાંચક ! આ સમે અબધુત પણ કરણસીંહની પાછળ આવીને કરણસીંહની સાથેજ કરણસીંહની વાડીમાં દાખલ થયો હતો. અને કરણસીંહની ઝુપડીની પાછળ સંતાઇને કરણસીંહ અને મેઘનાથ વચ્ચે થયેલી સર્વે વાત સાંભળી લઇનેજ પાછો તેની પાછળ ગયો.

ડુંગરોની અંદર સંતાડી રાખેલા પોતાના બસો માણસોને આ બંને જણા આવી મળ્યા. તેઓને શતો શત હથ્યારથી સજ કરી વીરપુર તરફ જવા નીકળ્યા. પહો ફાટયા પહેલા વીરપુરને ઘેરો ઘાલી પડયા.

પોતાના કનીષ્ઠ બંધુ પાસેથી પોતાનું વેર વાળવા માટે જાદુગરના જાદુઇ બળથી ઉત્સુક બનેલા કરણસીંહે વીરપુર ઉપર તોપનો મારો ચાલુ કર્યો.

તોપના મારાથી ઉંઘમાં પડેલું વીરપુર ભડકી ઉઠયું અને તે ભડકાનો પોકાર છેક વીરપુરના રાજા ભગવતસીંહના કાન સુધી પહોંચી ગયો.

ભગવતસીંહે તરત હથ્યાર બાંધી મ્હેલની નીચે ઉતર્યો અને એક હાંકોતાની સાથે પોતાના બહાદુર લડવૈયાને એકઠા કરી વીરપુરના મેદાનમાં આવી શત્રુની ઉપર તુટી પડયો.

ભગવતસીંહ કરણુસીંહના લશ્કરને ઘાસની પેઠે કાપવા લાગ્યો. તે જોઇને પોતાના ધણીનું વેર વાળવાના આવેશમાં આવીને મેઘનાથ ભગવતસીંહની ફોજ ઉપર તુટી પડયો. અને લલકારીને પોતાના શુરાઓને કહયું કે, 'બહાદુરો ! પહાડ સરખા કીલ્લાને તોડીને તમારા નામને અમર કરે આ અવસર ફરી ફરીને મળવાનો નથી.

બીજી બાજુએથી ભગવતસીંહના સરદારે મેઘનાથ ઉપર હલ્લો લઇ જઈને મેઘનાથની ગરદન ઉપર તલવાર મુકીને કહયું કે ! 'એ બે સરમાં ! એકવાર તને આ મેદાનમાંથી જીવતો જવા દીધોછે તેથી તું ફરીને તારા રૂધીર માસનો ભોગ મારી ભવાનીને આપવાને આવ્યોછે પોતાની ગરદન ઉપરઆવેલી ભગવતશીંહની તરવારને ચુકવીને મેઘનાથ તેના માથા ઉપર તરવાર લઇ જઇને તેને કહયું કે ! 'હે નીમકહરામ ! તારા જેવા નીમકહરામોની ખાલ ઉતારી તેમાં ગધેડાને લોટાવવા, અને મારા ધણી પ્રત્યેનો મારો નીમકહલાલનો બદલો વાળી આપવા માટે તારા મસ્તકની ખબર લેવાને જીવતો રહયો છું. સંભાળ તારા મસ્તકને !'

પોતાના મસ્તક ઉપર સમરીની પેઠે ફરી રહેલી મેઘનાથની તરવારના ઝપાટામાંથી ભગવતસીંહના સરદારે પોતાના મસ્તકને બચાવવા માટે કાંઇ બાકી રાખ્યું નહી, પણ અંતે મેઘનાથે

તેનું માથું નાળીએરની પેઠે ઉરાડી દીધું. અને સીંહની પેઠે ગર્જના કરતો તેના લશ્કરનો સંહાર કરવા લાગ્યો; પણ ભગવતસીંહના લશ્કરની મ્હોટી સંખ્યા આગળ કરણસીંહના લશ્કરની સંખ્યા ઘઉંના કાંકરા જેટલી હતી, છતાં ઘઉંના કાંકરા જેટલી સંખ્યાએ મોટી સંખ્યાવાળા લશ્કરની અરધી સંખ્યાને કાપી નાખી તેના સબોને ઘાસની પેઠે પૃથ્વી ઉપર બીછાવી દીધા હતાં. તે જોઇને કરણસીંહની છાતી ફુલી ગઇ હતી.

ઘઉંના કાંકરા જેટલી લશ્કરની સંખ્યા ઘટતી જતી જોઇને કરણસીંહ પોતાના ભાઇના લશ્કર ઉપર તુટી પડી ગાજરની પેઠે કાપવા લાગ્યો. કરણસીંહના આ પરાક્રમથી ભગવતસીંહની ફોજ જમીન ભેગી થવા લાગી, તે જોઇ ભગવતસીંહના ક્રોધનો પાર રહ્યો નહીં.ભાલો ઉઠાવીને ઘોડાનેપોતાના લશ્કરની વચમાં નાખીને મેઘની પેઠે ગર્જના કરી કે, ' બસ હવે શું જુઓ છો ! કેસરીઆ કરો, શત્રુના લોહીના ટીલ્લા કપાળે કરવા, સ્વર્ગની સુંદરીને વરવા; અને તમારા પૂર્વજોની કીર્તીને ગજાવવા, ફરીને એકવાર તમારા એકત્ર બળને એકઠું કરીને તમારા નામને દીપાવો.એક તરણા સંરખો જેનો એક પણ કટકો તમારી તરવારને ભાગે આવવાનો નથી તે તરણાથી તમે શું કાયર બની જશો ? બહાદુરો ! વીરપુરની કીર્તી અને અપ કીર્તીએ બંને તમારા હાથમાં

છે'. પોતાનાં શીર છત્રપતી મુકટમણીના મુખમાંથી આ શબ્દો નિકળતાની સાથે ભગવતસીંહના લશ્કરે લલકારીને કહયું કે, 'મારો મારો, કાપો કાપો, શત્રુઓના લોહીની નદી ચલાવો. સુ-સવાટ કયારનું ધમસાણ મચાવી રહેલ છે તે ભાગી ન જાય તેટલા માટે તેને ઘેરીલઇ તેને ભાલાથી વીંધીનાંખો.આમપોકારો કરતું કરણસીંહને પોતાના ઘેરામાં ઘેરી લીધો પણ વાહરે કેસરીસીંહ ! જેની પર તેનો ઘા ચોટતો તેતો સીધો યમપુરીમાંજ પહોંચી જતો હતો. પોતાની ઉપર પડતા હજારો ભાલાના ઘાનો કંઇ પણ ભય રાખ્યા વગર તે ભાલાવાળાઓના મોંમાંથી છ-ઠીનું ધાવણ ઓકાવતો ઓકાવતો ભગવતસીંહની સમીપ આવીને ઉભો.પોતાનીએકચાલાકી અને યુકતીથી ભગવતસીંહને ભાલોમાર્યો, ભગવતસીંહે ભાલાથી ભાલાને પોતાનો અંગ ઉપર આવતાં અધવચમાં અટકાવ્યો. પોતાના ભાલાને અધવચમાં અટકેલો જોઇને કરણસીહે તલવાર ખેંચી ભગવતસીહની તરફ ફેંકી તે પણ ભગવતસીંહની ઢાલમાં ખુંચી જવાથી ભાંગ ગઇ. હથ્યાર વગરનો કરણસીંહ હવે શું કરે ? ભાલાની અણીઓથી ચારણીની પેઠે તેની છાતી ને પીઠ વીંધાઇ ગઇ તે જોઇને તેલશકરના ઘેરામાંથી પાછી પાની કરી ભાગવા લાગ્યો. તેને પકડી પાડવા માટે તેની પાછળ તેનો ભાઇ ભગવતસીંહ દોડયો. હવે હું જરૂર પકડાઇ જઇશ એવો ભય તેના મનમાં પેસતાજતેણે સીંહની પેઠે ગર્જના કરી કે,' અહો પુથ્વી તું ફાટી

તારો ભોગ લેજે ? ભોગ લેવા સારૂં તારૂં વિકાળ સ્વરૂપ ધારણ કર; અનીતિ અધર્મી કૃત્યોથી વર્તનારને તારા પેટમાં સમાવ; જેના બે હાથમાં બે ખુલ્લા તરવારો રહી ગઇ છે. એવો એક અબધુત ઘોડાને મારતો, અને લશ્કરના ઘેરાને વીખરી નાખતો ભગવતસીંહની બાજુમાં આવીને ઉભો. તે જોઇ તમામ લશ્કર અજાયબીમાં ડુબી ગયું. અને એક એકના મોં જોવા લાગ્યા. બધાની અજાયબીની વચ્ચે પુથ્વી પણ :કડાકો કરતી ફાટી અને પુથ્વીના વીશાળ પેટમાંથી બે કાળી ભયંકર મુખવાળી આકૃતિ બ્હાર નિકળી. તેમાંની એક આકૃતિએ ભગવતસીંહના પ્રધાનને પકડી પાછી પુથ્વીના પેટમાં સમાઇ ગઇ. અને બીજી આકૃતિ ભગવતસીંહને પકડવા માટે જેવી ભગવતસીંહના ઘોડા પાસે જાય છે તેવી તેને તે અબધુતે તરવારથી કાપી નાંખી. ભગવતસીંહને તેના અશ્વ સાથે લઇને તે અબધુત લશ્કરના ઘેરામાંથી જોત જોતામાં અલોપ થઇ ગયો. તે કયાં ગયો તે તેઓને કોઇ જોઇ શકયું નહીં.

આ વીલક્ષણ પ્રકારના ચમત્કારના ભયંકર સ્વરૂપને જોઇને તમામ લશ્કરને કંપારી છુટી, અને આ રહસ્ય ભેદક કંપારીથી તેઓના હાથમાંના હથ્યારો તપોતપ પુથ્વી પર પડતા લાગ્યાં. પણ આનો ખરો ભેદ કોઇ જાણી શકયાં નહીં.

પોતાનો હેતું સફળ થયેલો જાણી કરણસીંહે લલકારીને કહયું કે, ! માથે ધણી વગરના, અને હાથે હથ્યાર વગરના રંડાકે

બેઠેલા બાયલાઓ નિર્ભય થાઓ. તમારો બાયલો રાજા, તમને બાયલા બનાવીને આ સળગી રહેલા દાવાનળમાં પડતાં મુકીને આ રણસંગ્રામના મેદાનમાંથી જીવ લઇને છટકી જવા પામ્યો છે, તેને તમે જીવતો છે એમ ન સમજતા મુવેલો છે. એમ સમજજો. તમે શુરા અને તપોબળના તેજથી તપી રહેલા સીંહણરૂપી ક્ષત્રાણી જાયા સીંહો રૂપી ક્ષત્રીઓના છત્રરૂપી છાયા તળે રહી શુરાપણાને દીપાવવા માગતા હોતો હું તમારા પ્રાણના રક્ષણનું તમને અભય વચન આપી તમને તમારા હથ્યાર પાછા સોંપી છોડી દઇશ. અને જો તમે તેમ ન કરતાં આ રણસંગ્રામના મેદાન માંથી તમારા બાયલા રાજાની પેઠે બાયલા બની પીઠ બતાવી ભાગી જવાનો યત્ન કરશો તો હું તમને જીવતા રહેવા દઇશ નહીં.

પોતાના રાજાને રણના મેદાનમાંથી ભાગી ગયેલો જાણી નીરૂપાય, નાચાર અને આધાર વગરના નિર્બલ બનેલા લશ્કરે મહા કષ્ટ અને ભયથી ઉત્પન્ન થયેલી વેદનાથી થતી પીડાને સહન કરીને કરણસીંહના રાજવાવટાને સાત વાર શીર નમાવી પોતાના પ્રાણોના રક્ષણેના અભય વચનોની માગણી કરી. તે માગણી કરણસીંહે સ્વીકારી તમામ લશ્કરને અભય વચન આપી તેમને તેમના પડી ગયલા શસ્ત્રો ફરીને નીચેથી ઉપાડી હાથમાં ગ્રહણ કરવાની પરવાનગી આપી.

ભગવતસીંહના લશ્કરે પોતાના હથ્યારો ઉપાડી લઇને કરણસીંહના વીજયનો જય ઘોષ કર્યો.

કરણુસીંહે તમામ લશ્કરની સરદારી પોતાના નીમકહલાલ અને વૃદ્ધ સરદાર મેઘનાથને આપી પોતાના વીજયનો જય ઘોષ કરતાં કરતાં પોતાના રાજમ્હેલ આગળ ગયો, અને ગામમાં બદમાસો પ્રજાને પીડે નહીં, તેનો બંદોબસ્ત કરવાની સત્તા મેઘનાથને આપી. કરણુસીંહ રાજમ્હેલમાં જઇ બેઠો.

પ્રિય વાંચક ! હવે આપણે કરણુસીંહને વીરપુરની વ્યવસ્થા કરવા દઇએ અને તેની તે વ્યવસ્થા કરી રાજ વૈભવ ભોગવવાને નિવૃત્ત થાય નહીં ત્યાં સુધી, ભગવતસીંહને લઇને અબધુત કયાં ગયો તેની સોધમાં નીકલશું.

ભગવતસીંહ ! ભગવતસીંહ ! સુધ્ધિમાં આવ ! તારી બંધ થયેલી ચર્મ ચક્ષુઓને ઉઘાડ ! અને જો તું કયા છે ? તારી સમીપ કોણ ઉભો છે ! તેને તું ઓળખ ! તેને તું પુછ ! કે તુ મને અહીં શા માટે લાવ્યો છે ? હજારોના માથા કાપતી વખતે તને મુર્છા આવી નહીં, તારૂ હૃદય કંપ્યું નહી, તને ભય ઉત્પન્ન થયો નહીં, અને આ વખતે, આ નીર્ભય સ્થાનમાં તને કેમ મુર્છા આવી છે; કેમ ભય ઉત્પન્ન થયો છે તે તું મને સમજાવ. મુખથી સમજાવતા. તને શરમ લાગતી હોય ? તો તારા હાથના ઇસારાથી સમજાવ, હું તે સમજી શકીશ? અને તારો સર્વ હેતુ સમજી લીધા પછી હું તારી મુર્છાંગ ઉતારી શકીશ, તારા ભયને દુર કરી શકીશ. પણ એક વખતે, તું જવાબ દે ? એક વખત તું તારી આંખને ઉઘાડી મારી આંખને

જો, હું તારો કટો વેરી નથી, હું તારા પ્રાણનો નાશકનથી, હું તારા રાજનો ભોગતાં થવાની ઇચ્છાથી તને અહીં લાવ્યો નથી. પણ તું જાદુગરની તીલેસ્માતી જાલમાં સપડાઇ ન જાય અને તારૂ રાજ તને પુન. પ્રાપ્ત થાય! તે હેતુથી તારા જતા પ્રાણનું રક્ષણ કરી તને અહીં લાવ્યો છું, તેને શું તું તારો વેરી સમજે છે? નહીં, નહીં, તેને તું વેરી સમજીસમાં પણ તેને તું તારી અંતની ઘડી સુધીનો ખરો મીત્ર સમજજે. હા! હા ! હું સારી પેઠે સમજું છું કે આ સમે તને તારા રાજનો તારી સમૃદ્ધિનો, તારા વૈભવનો, અને તારી સેનાનો નાશ થવાથી, તેની તને મુર્છા આવી છે. તેના દુખથી તું બે શુદ્ધ બની ગયો છે. પણ તે તારી માન્યતા, સર્વે ખોટીછે. તે જે ભોગવ્યું છે, તે તું ભોગવીશ. તે જે જોયું છે, તેજ તુ પાછું જોઇશ. એ સર્વેનો નાશ થયો નથી અને થશે પણ નહીં એ તું અંતકરણપુર્વક સત્યજ માનજે.'

અવધુતના આ અસરકારક બોધથી ભગવતસીહને કંઇક પણ અસર ન થવાથી અબધુતે તરતજલ લાવી ભગવતસીંહ ની આંખ ઉપર એક ક્ષણ સુધી છાંટયા કરવાથી ભગવતસીંહ ધીમે ધીમે સુધીમાં આવતો ગયો. પુર્ણ સુધીમાં આવ્યા પછી ભગવતસીંહે અબધુતને કહયું કે, 'અહો પ્રાણદાન દેનાર અબધુતજી, મારા રાજનો, સમૃદ્ધિનો વૈભવનો, બલનો, પરાક્રમનો, સૈનાનો, કીર્તીનો, ક્ષત્રીવટનો અને ટેકનો,

નાશ થવાથી મને મુર્છા આવી નથી. પણ પુથ્વી તારો ભોગલે એ શબ્દો મારા બંધુના મુખમાંથી નીકલતાની સાથે પુથ્વી ફાટી અને તેના પેટમાંથી બે આકૃતિ નીકળી, તેમાંની એક મારા પ્રધાનને લઇને પુથવીમાં સમાઇ ગઇ, અને બીજી જે-વી મને લેવા આવી તેવીતેને તમે કાપી નાખી તેનીજ મને મુર્છા આવી છે. તેનાજ ભયથી હું બે શુદ્ધ બની ગયો છું, તેથી વીરતત્વપણું નષ્ટ થઇ ગયું છે, બુદ્ધિક્ષીણ થઇ ગઇછે. હાયા હું તેનો પડછાયો અહીંયા પણ જોઉછું, તેમને પોતાની આંખો બતાવીને ડરાવી રહી છે. માત્ર અહીં સુધી તે આવી મારા પ્રાણ હરી શકતી નથી તેનું કારણ આપજછો.'

અબધુત-ભગવતસીંહ! એ જાદુના જોરનો પડછાયો છે. તે ધીમે ધીમે નષ્ટ થતો જશે, માટે તમે શાવધ થઇ તમારા ભયને દુર કરો.

ભગવતસીંહ-અબધુતજી। એવા જાદુના જોરથી માણુસ સરખા માણુસને પૃથ્વી ફાડીને પૃથવીમાં લઇ જનાર એવો જબર દસ્ત જાદુગર કોણ છો? કે જે તેની મદદ લઇને મારી આવી દશા કરવાને સમર્થ થયો છે, શું તે જાદુગરને તમે વશ કરવાને સમર્થ નથી ? હું કહું છું કે તમે પુરા સમર્થ છો. મને પ્રા-ણદાન આપ્યું છે. તો શું પછી મારૂં રાજ, મારી સમૃદ્ધિ અનેમારો વૈભવ મને ફરીને પ્રાપ્ત નહીં કરાવો. મારા જીવનનો, મારા સુખનો, સર્વ આધાર તમારી ઉપર છે. હવે હું તમારી સેવા

કરીશ, તમારી આજ્ઞાને પાળીશ. અને અહોનીશ તમારી પાસે રહીશ. પણ એકવાર મારા વેરીને, અને તેને મદદ કરનારને જીવતા પકડી મારી નજર સમીપ તેના મસ્તકોને છેદવાની મારી ઉપર કૃપા કરશો તો હું તમારો આધાર તમારો સદાનો સેવક બનીને રહીશ.

અબધુત—ભગવતસીંહ ! આ જગતમાં જે કાંઇ થાય છે તે એક એકના સ્વાર્થના અંગેથીજ થાય છે. જો જાદુગરનો સ્વાર્થ નહોત અને તમારા ભાઇનો સ્વાર્થ હતતો, શું જાદુગર તમારા ભાઇરે મદદ કરત ? નહીં. તોપથી તમારો ભાઇ ગણ્યા ગાઠયા જેટલા લશ્કરથી તમને જીતી શકત ? નહીં. પણ જાદુગરને તમારા ભાઇ પાસેથી કાંઇક પણ કાર્ય કરાવવાનો સ્વાર્થ હતો. તે સ્વાર્થને માટે તે જાદુગરે તમારા ભાઇને મદદ કરી હતી. તે સ્વાર્થ શું હતો ? તે હું અને તમે જાણી શકયા નથી; તેનો તે સ્વાર્થ આપણે જાણી શકયે નહીં, અને જાણવાની કંઇક પણ યુક્તી કરીએ નહીં, ત્યાં સુધી આપણે જાદુગર અને તમારા ભાઇને વશ કરી શકીએ નહીં. મને તમે કોઇ શકતી, અથવા કોઇ શકતીનો અંશ સમજતા નહીં, પણ મને એક રખડતો રઝળતો બાવો જ સમજજો. તમારા સ્વાર્થ માટે તમે જેવી રીતે મારી મદદ માગો છો, તેવીજ રીતે મારા સ્વાર્થને માટે તમે તમારા તન મન અને ધનનો ભો

આપવા તત્પર રહેશો તો અવશ્ય તમારો સ્વાર્થ તમને ફળી ભુત થયા વગર રહેનાર નથી. તમે મને સવાલ કરશો કે, આ જગતમાં તમારા જેવા અબધુતનો શું સ્વાર્થ હશે? તેના ઉત્તરમાં હું એટલું જ કહીશ કે સ્વાર્થ રાખ્યા વગર પરમાર્થ થઇ શકતુ નથી. કેવળ આપ સ્વાર્થ માટે જે મનુષ્ય યત્ન કરે છે, તે યત્ન દુખદાયક છે. પણ જે મનુષ્ય સ્વાર્થ સાથે પરમાર્થ કરવાનો યત્ન કરે છે તેજ સુખદાયક છે.

ભગવતસીંહ—આપનું કહેવું સત્ય છે. કેવળ આપસ્વાર્થ માંજ સુખ સમજનાર મનુષ્ય આ લોકમાં પોતાનું શ્રેય કરી શકતો નથી, તેમ પરલોકના સુખનો સુવાસ પણ લઇ શકતો નથી. આપનો સ્વાર્થ ગમે તેવા પ્રકારનો હોય, તે પુછવાનો મારો ધર્મ નથી, છતાં મારા આપસ્વાર્થને માટે, જો કે તેમાં મુદલ પરમાર્થ જેવું તમને અને મને લાગતું નથી. પણ મસ્તકમાં ભરાયલા ઝેરી પવનથી વીકાળ બનેલા શરીરના વીકારોને સમાવવા માટેજ સ્વાર્થ બુદ્ધિ રાખવી પડે છે. હું અંતકરણપૂર્ણક કહું છું કે આ શરીરરૂપી મંદીરમાં જીવરૂપી હંસ બીરાજે છે, ત્યાં સુધી તમારો અંગભુત બની તમને સહાય કરતો રહીશ.

અબધુત—સાબાસ છે! વીરરત્ન તારી દ્રઢતાને! મને જોઇએ તો રખડતો બાવો સમજજો, જોઇએ તો આપસ્વાર્થી સમજજો. પણ એટલું તો યાદ રાખજો કે, મારા અંગભુત થઇ રહેતા, તમારા શરીરને, અને તમારા શરીરરૂપી મંદીરમાં બી-

રાજેલા જીવરૂપી હંસને કોઇ પણ પ્રકારનું દુઃખ પામવા દઇશ નહીં. ભગવતસીંહ ! આ ક્ષીણ થયેલા કીલ્લાની અંદર આપણે નીર્ભયથી રહી શકીએ એવી એકાદ ગુફા છે.

ભગવતસીંહ-એક નહીં, પણ ત્રણ છે.

અબધુત—એ ત્રણ એક એકથી જુદી છે કે એક એક સાથે સંબંધ ધરાવે છે.

ભગવતશીંહ--ત્રણે જુદી જુદી છે, અને ત્રણેના મુખો જુદી જુદી દીશાના જુદા જુદા ખુણામાં આવેલા છે.

અબધુત—આ ત્રણે ગુફામાંથી કઇ ગુફા, કયાં સુધી લંબાઇ છે.

ભગવતશીંહ—આ ત્રણે ગુફામાની જે વચલી ગુફા છે તેનો છેડો છેક મારા મ્હેલની અંદર સુધી ગયેલ છે.

અબધુત—તેજ મ્હેલમાં તમારો ભાઇ, કરણસીંહ હમણાં રહેશે કે.

ભગવતશીંહ—હા તેજ મ્હેલમાં રહેશે.

અબધુત—તમારો મ્હેલ કયા અને કેવી પ્રકારના સાંધણોથી રક્ષાયેલો છે.

ભગવતશીંહ—મારો મ્હેલ તીલસમાતોથી રક્ષાયલો છે.

અબધુત—તે તીલસમાતોથી તો તમે માહીતગાર છો.

ભગવતશીંહ—હા. મારો મ્હેલ કેવળ તીલસમાતોથીજ રક્ષાએલો છે ગમે તેવો દુશ્મન બળીઓ હોય તોપણ તે આ તીલસમાતી મ્હેલને સરકરી શકતો નથી.

અબધુત—ત્યારે કહો ની કે આ તમારો આખો પ્રદેશ તીલસમાતોથીજ બનેલો છે?

ભગવતશીંહ—બેશક કેમ નહીં ?

અબધુત—એમ છે તો પછી તમે,તીલેસમાતો ગોઠવવાની, અને તેને તોડવાની વીદ્યા સીખ્યા હશો.

ભગવતશીંહ—જો કે મેં તેનો ઝાઝો અભ્યાસ કર્યો નથી; તેમ તેનો અભ્યાસ કરવાની મને રૂચી પણ થતી નથી કારણકે તીલસમાતો ગોઠવવા અને તોડવાની વીધ્યા એક સરખી નથી, પણ જુદા જુદા પ્રકારની હોવાથી, મેં તેનો અભ્યાસ કરવાને છોડી દીધું હતું.

અબધુત—એ પણ તમે એકવાતે ઠીક કીધું. પણ તમારા મ્હેલમાં કેવી રીતે તીલસમાતો ગોઠવવામાં આવેલા છે તે સર્વે મને બરાબર બતાવી શકશો.

ભગવતસીંહ—મને તે તીલસમાતો કોઇને નહી; બતાવવાની, તે તીલસમાતો ગોઠવનારો વચનથી બાંધી લીધેલો છે. તો પછી હું કેવી રીતે તમને બતાવી શકું ?

અબધુત—હું તમારાવચનને ભંગ કરવાની તમને ફરજ પાડી શકતો નથી, પણ એટલી તો ફરજ પાડીશ કે તમારા મ્હેલમાં તો મને લઇ જવોજ પડશે.

ભગવતશીહ—કરણસીંહ તમને અને મને જોઇ ન શકે તેની જોખમદારી તમારે માથે તમે લેતા હોતો હું ખુશીની સાથે મારા મ્હેલમાં તમને દાખલ કરી શકીશ.

અબધુત—તેની તમારે તલભાર બીક રાખવી નહીં. ચાલો રાત પડી ગઇ છે. કરણસીંહ પણ મ્હેલમાં આવી કંઇ નવી જુની ઉકલાવવામાં, એ બંને જણાં કંઇક ગડમથલ કરી રહેલાં હશે, તે જાણવાની ઘણી જરૂર છે. જો ત્યાં જતા કંઇક વાર લાગશે તો આપણુને ફરીને એક જબરૂં ગોઠું ખાવું પડશે.માટે ગોઠું ખાવું ન પડે, અને તેઓની તર્કવીર્તક વાળી યુક્તીનો ભોગ થઇ નહી પડીએ તેટલા માટે હવે વીલંબ ન કરતાં ત્વરાથી ચાલો. એટલું કહી આ બંને જણ તે ગુફામાં દાખલ થયાં.

ચમત્કાર નવમો.

સંભોગ કર, નહીંતો તારા રૂધીરથી મારૂં ખપ્પર ભરીદે.

જેમાં મુદલ પવનનો સંચાર નથી, પ્રકાશ નથી, જેમાંથી દુરગંધ બહુ નીકળી રહેલી છે, અને એક માણસની પાછળ બીજો માણસ ચાલી શકે એટલી ગુફા પહોલી છે, અને તેની અંદર અસંખ્ય ઝેરી જીવો અહીંથી તંહી દોડી રહેલાં છે, એવી આ ગુફામાં આ બંને જણ દાખલ થયાં. ફેલાઇ રહેલી દુરગંધને લીધે તેઓનું મગજ ફરવા લાગ્યું,શ્વાસ રૂંધાવા લાગ્યો, અને પ્રાણ કંઠ સુધી આવી અટક્યો. આ જોઇ તેઓએ પોતાના મોઢાઓ લુગડાથી બાંધી લઇને, ધીમે ધીમે એક એકને હીંમત આપતાં આગલ ચાલવા લાગ્યાં. ખરેખર રીતે

જોતાં આ ભયંકર ગુફામાં આ બંને જણુજ ધીરજ રાખી, પ્રાણની કે ભયની જરા પણ દરકાર ન કરતાં ગુફામાં આગળ વધ્યા જતાં હતાં. જો આ સમે તેને ઠેકાણે કોઇ કાચી છાતી-વાળા પુરૂષો હતતો, તેઓનો તો ત્યાંજ પ્રાણ નિકળી જાત. જાણે તેઓ દુઃખ સહન કરવાને કેમ સરજેલા ન હોય ? અને તે સહન કરવાને અર્થે જ આ ગુફાની અંદર દાખલ કેમ થયા ન હોય ? એમ તેઓની મુખ મુંદ્રાઓ સાક્ષી આપી રહી હતી. સ્વાર્થ સાથે રહેલા પરમાર્થને અંગે પોતાના સુખનો ભોગ આપવાને માટે જેણે પોતાની જીંદગીની પરવા રાખી નથી,અને તે માટે જેણે અનેક દુઃખો સહન કરેલા છે,અને હવે પછી શી શી વીપત્તીઓ આવી પડશે, તેનો જેણે મુદલ વીચાર કર્યો નથી, અને આવા દુઃખો સહન કરી સ્વાર્થ સાથે રહેલા પર-માર્થીક કાર્ય પુર્ણ કરવા માટે જેણે છેવટ સુધીનો પ્રતિજ્ઞા લીધી છે. તે શું આવા નિર્જીવ કષ્ટથી કંટાળી જઇ, અથવા ભય ભીત બની જઇને પાછી પાની ભરવાને,કદી પણ ઉન્મદ બનત ? જે પુરૂષો સાહસકર્મ કરવાને દેશ છોડી બહાર નિકળે છે, તે પુરૂષો છેવટની ઘડી સુધી પોતાની પ્રતિજ્ઞાને પુર્ણ રીતે વળગી રહે છે, તેજ પુરૂષ જય મેળવી શકે છે, તેજ પુરૂષ સુખ સંપતી અને સંતતીને મેળવી શકે છે. તેજ પુરૂષ આ જગતમાં કીર્તીનો કોટ ચણી શકે છે, પણ જે પુરૂષો ઘરમાં બેસી મોતીના ચોકો પુરવામાંજ મોજ સમજે છે તે પુરૂષો આ

જગતમાં પોતાનું અને બીજાઓનું કદી પણ કલ્યાણ કરી શકતાં નથી.

જેણે સ્વાર્થને અંગે રહેલા પરમાર્થ કરવા માટે અબધુતનો વેષ ધારણ કરેલ છે, તેણે પોતાના સુખની, પોતાની જીંદગીની કદીપણ દરકાર રાખતો ન્હોતો, તે તો એમજ સમજતો હતો કે, એકવાર આ દેહ પડવાનો છે, તો પછી શા માટે જન હીત કાર્ય કરવું નહીં ? તો પછી શા માટે દુષ્ટોને દમવા નહીં ? તો પછી શા માટે મનની કલ્પનાઓ દોડાવી સ્વધર્મણનો સત્ય માર્ગ શોધવો નહીં ? આજ તેનો દ્રઢમાં દ્રઢ સંકલ્પ હતો, અને તે સંકલ્પની ગાંઠ તેણે એવી સરસ રીતે પોતાનાં અંતકરણની સાથે બાંધી હતી કે તે કોઇ પણ પ્રકારથી તુટી શકે એવી ન્હોતી, તે સંકલ્પરૂપી ગાંઠને વધારે મજબુત કરવા માટે તે જે વીચાર કરતો હતો, તે વીચાર ગમે તેવી આફતો માથે આવી પડવા છતાં પાછો ફેરવતો નહોતો.

આ જીવ લેણુ, રહદયભેદક અને ત્રાસદાયક ગુફાનું કષ્ટ માથે આવી પડવાં છતાં, તેની તલભાર પરવા ન કરતાં, અને અરેરાતીના શબ્દોનો ઉચ્ચાર ન કરતાં, કાંપતા શરીરે, ડચકા ભરતાં ભરતાં, ધીમે ધીમે ઠોકરો ખાતાં, અને એક બીજા સાથે અથડાતાં અથડાતાં એકની પાછળ એક, પગલા ભરતાં, ગુફાની અંદર કુચ કરવા લાગ્યાં, આ કુચ કરતી વખતે જેઓનાં પગમાં, જેઓના શરીરોની ઉપર અને માથા ઉપર કંઇક ઝેરી

જનાવરો વીંટલાઇ ગયા હતાં, અને જેના ઝેરી ડંખોથી,જેઓ-
નું શરીર સુઝીને બેડોળ બની ગયું હતું, અને જેથી તેઓને
જે અસહય વેદના થઇ રહી હતી, છતાં નીડર બની, નીરભ-
યતાથી કંઇ પણ આંચકો ખાધા વગર ઓ હરી ! ઓ શકતી!
તે મારી લાજ રાખી છે, અને હમણાં પણ તું રાખજે, તે
મારો હાથ ઝાલ્યો છે, તે તું મુકીશ નહીં. એવો મારો
તારી ઉપર પુર્ણ વીશ્વાસ છે. તારા વિશ્વાસ ઉપર મારી
જીવન દોરી લટકેલી છે, તે તું જાણે છે, સમજે છે.
આ જગતમાં તુંજ સત્ય છે, તારા સત્યના આધર
ઉપર આ પૃથ્વી ઉભેલી છે. ઓ હરી ! ઓ શકતી ! તું મને
સહાય છે, તારો મારી ઉપર પુર્ણ પ્રેમ છે. તે પ્રેમથી હું આ
જગતમાં અત્યાર સુધી સુખે રહેવા પામ્યો છું.તે તું જાણે છે.
ઓ હરી ! ઓ શક્તી ! આ ગુફામાં તું પણ મારી રક્ષા કરજે.
હું તને શું કહું ! તું મારા અંતકરણની સઘળી વાતો જાણે
છે ! મારી તે વાતોને પુર્ણ કરવા તારા સીવાય બીજો કોણ
સમર્થ છે. તુંજ સમર્થ છે. બીજાઓને હું અસમર્થ સમજું છું.

આ પ્રમાણે અખંડીત પ્રાર્થના કરતો કરતો ગુફા-
ના મધ્ય ભાગમાં આવી પહોચતાં જ તેઓની આંખે નહીં-
જેવો કંઇક ઝાંખો ઝાંખો પ્રકાશ પડવા લાગ્યો, અને તે ઝાંખા
ઝાંખા પ્રકાશના તેજથી તેઓની બંધ થઇ ગયેલી આંખો
જરા જરા ઉઘડવા લાગી, પણ તેઓ તે પ્રકાશના તેજથી તે
ભયંકર ગુફાને બરાબર જોઇ શકયાં નહીં, અને તેની કલ્પના,

પણ કરી શકયા નહીં. તે ઝીણા પ્રકાશનાં તેજથી કેટલીકવાર તેની આંખો કંઇંક નવીન ચમત્કાર જોતી હતી, તો કેટલીવાર છાતી સામે ઉભેલા મ્હોટા પહાડોને પણ જોતી હતી.

આ પ્રમાણે કેટલીક ક્ષણ સુધી તેઓની આંખોએ શું શું જોયું, અને તે માટે તેઓએ શું શું વીચારો કર્યા, તેનું તેઓ ને જરા પણ ભાન રહયું નહીં, અને કીડીની પેઠે ચાલવા લાગ્યા.

આ જોઇ અબધુત ફરીને પોકારી ઉઠયો કે ' ઓ હરી! ઓ શકતી ! દયા રાખ ! દયા રાખ ! હવે મને રંજાડમાં! હવે મને આવો ભય બતાવમાં ! મારી કસોટી તું કરી ચુકી છે ! અને હજી કાઢવામાં કાંઇ બાકી રહી ગઇ હોયતો તે કાઢ. તારી મરજી ! તારી લીલા ગહનછે, તે જાણનારજ જાણેછે. તારી ઇચ્છાની બહાર હું મુદલ જઇશ નહીં. હું તો મારા પ્રાણ તને અર્પણ કરી ચુકયોછું, ગમે તો રાખ, ગમે તો ખેંચી લે. તારી અગાધ શકતી આગળ હું અસમર્થ છું તને શું કહી શકું હું પામર, હું અજ્ઞાન, અબુધ, તેનામાં બુદ્ધિ કેટલી હોય તે તું સારી પેઠે જાણે છે, તો પછી શા માટે આ સમે મને આવો ભય બતાવે છે. ગમે તેટલું તું દુઃખ મારી ઉપર નાખીશ, તે હું સહન કરીશ, છતાં તારી અવગણનાતો કદી પણ કરનાર નથી. તને કદી પણ વીસરનાર નથી, તને તો મેં મારા રૂદય રૂપી કમલ ઉપર મારા અધીષ્ટા રૂપે થાપેલ છે. તું શું તે જાણતી

નથી? ઓ હરી! ઓ શકતી ! મને બચાવ ! મારી હરાઇ ગયેલી શકતીને પાછી બલવાન બનાવ. મારા હરાઈ ગયેલા બલને પાછું પુષ્ઠ બનાવ, ઓ હરી ! ઓ શકતી ! હું તારે શરણે છું ! હું તારે ચરણે છું ! મારી રક્ષા કર ! ' આવી રીતે હરીનું સ્મર્ણ કરતો અબધુત પોતાના સંગાથી સાથે ગુફામાં ચાલ્યો જાય છે.

જેનું સ્વરૂપ ચંદ્રના તેજ જેવું છે, જેનું શરીર શેરડીના સાંઠા જેવું છે, જેના બાલ માથાથી તે પગની પેની સુધી લટકી રહેલા છે, જેના કંઠમાં પુષ્પોની માલા લટકી રહેલી છે, જેનું શરીર પીળાં પીતાંબરથી ઢંકાએલું છે. અને જેના એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ખપ્પર રહેલું છે. તે કોઇ નવયોવના સુંદરી આંખોને નચાવતી, મુખને મળકાવતી ઝાંઝરોનો રણકો કરતી, મૃગનેણીની પેઠે ચાલતી આ બંને જણાની સમીપ આવી ઉભી રહીને કહયું કે, ' સગુર ! ઓ મુર્ખો ! ઓ ગરત્રીષ્ટો ! ઉભા રહો. ઉદ્ધત બની આગળ કદમ ભરશો નહીં. ઓ બે શરમ ! ઓ નીરલજો ! આ અંધારી રાતે, આ અંધારી ગુફામાં દાખલ થઇ કોનો મ્હેલ લુટવા જાઓ છો ? ઓ નાદાનો ! મારી સત્તાનો ભંગ કરી મારી આ ગુફામાં કેમ દાખલ થયાછો, તેનો તમે કાંઇ પણ વીચાર કર્યો નહી ? તમારા આ અપરાધ બદલ તમને શીક્ષા કરવાને આવીછું ! માટે બેસી જાઓ ! તમારા હથ્યારને મારા પગ આગળ મુકીદો ! અરે તમે કેટલા બધા નીચ, કેટલા બધા ક્રુર,

અને કેટલા બધા ઘાટકી છો, તેનો શામાટે વધ કરવો નહિં. તેનો વધ કરવામાં શું દોષછે. ઓ પાપીઓ ! તમે કરણુસીંહ અને કળાધરનો નાશ કરવાને કરણુસીંહના મ્હેલમાં દાખલ થવા માટેજ આવું ઘોર કૃત્ય કરવાને ઉન્મદ બન્યા છો. તેથી શું તમારો પાપી હેતુ પાર પાડી શકશો ? ઓ લુટારાઓ, તમારા તે પાપી હેતુને હું કદી પણ પાર પાડવા દઈશ !નહીં; અહીંયાજ તમારા પ્રાણ લઈશ ! ઓ અબધુત ! તારી ઇચ્છા શી છે ! તારી કલ્પના શી છે ! તારો સ્વાર્થ શું છે ! તે સર્વે હું જાણું છું ! પણ તે તારી ઇચ્છા, તે તારી કલ્પના, અને તે તારો સ્વાર્થ તારા પ્રાણની સાથે જશે. પણ નહીં, હું તમારા જેવી એક-દમ નીર્દય નથી, માટે જો તું અબધુત! તારૂં કાર્ય સફળ કરવા ઇચ્છતો હોય તો, મારી સાથે સંભોગ કર, અને સંભોગ કરવાની તને ઇચ્છા ન હોય તો, તારા રૂધીરથી મારૂં ખપ્પર ભરી દેવાને તત્પર થઇશ તો, હું તમારો કદી પણ નાશ કરવાને તત્પર થઇશ નહીં ! ઓ અબધુત ! એક વાર મારી સાથે સંભોગ કર ! અને પછી જો કે તારી વીલાસ સુંદરી તને પ્રાપ્ત થાય છે કે નહીં ! તું મને બહુ પ્રીય લાગે છે, અને તે પ્રીયતાને લીધે હું તારા ઉ-પર મોહીત પડી છું. એક વાર તારા ઉછરંગ ઉપર બેસાડી મારા અધરામૃતનું પાન કરી મારા શરીરનો લ્હાવો લે. પછી જોઇ લે કે તારો કલાધર તારે ચરણે આવે છે કે નહીં ! માન વ્હાલા માન ! સમજ આંખોના તારા સમજ ! હૈયાર હાર સમજ,

માથાના મુકુટ આવો સમય તને મળનાર નથી.તારા રૂધીરથી મારૂં ખપ્પર તું ભરી મને રીઝવી શકીશ નહીં, પણ સંભોગથીજ તું મને રીઝવી શકીશ, બોલ શી ઇચ્છા છે તે જણાવી દે.'

જેની આવી નિર્લજ માગણીથી તેના શરીરમાંનું રૂધીર તપી ગયું હતું, તેના શરીર ઉપરના રૂવાડા ઉભા થઇ ગયા હતા, અને જેના હાથમાંની તરવારો ધ્રૂજી રહી હતી, તેમાનો એક જે અબધુત વેષમાં હતો તેણે કહયું કે, 'એ પીશાચણી! આવી નીર્લજ માગણી કરતાં તારી જીભલડી કપાઇ કેમ જતી નથી? એ નર પીશાચોના નર્કની ખાણમાં પડી તડફડીઆ મારનારી આવી દશાને તું પ્રાપ્ત થઇ છે, તેનું તને ભાન નથી. ભાન રાખ!મને એવો ધારીશમાં,મારામાં તે દુષ્ટવાસના નથી. હું બ્રહ્મચર્ય પાલનાર છું, તેનું સેવન કરનારો છું, તે બ્રહમચારીના વૃત્તને નષ્ટ કરવા આવી છો, પણ તારાથી થઇ શકે એમ નથી.હું ના આ જગતની સર્વે સુંદરીઓને માતા તુલ્ય ગણું છું. તું શું, પણ તારા જેવી અનેક સૌંદર્યવાન સુંદરીઓ કાં આવીને ઉભી રહેતીઓ નથી, પણ હું ડગનાર નથી. મારા બ્રહ્મચર્યનું રક્ષણ કરનાંર મહાશકતી છે, તેની શકતી આગળ તું અને તારા જેવીઓ કંઇ ગણત્રીમાં છે.નીર્લજ માગણી રાક્ષસીસીવાય બીજી કોઇ પણ કરેજ નહીં. હું તારા તેજમાં, તારા રૂપમાં તારા સ્વરૂપમાં કદી પણ અંધ બનીને તારી સાથે સંભોગ કર

વાને તત્પર થઇશ નહીં. મારા ઉછરંગની ઉપર તો શું, પણ આ મારી તરવારની અણી ઉપર તને લટકાવવાને પણ ઉદ્ધત બનીશ નહીં, તારો જેવો શોધી લે, તે તારી કામવેદના મટાડશે. તારી દુષ્ટવાસના પુર્ણ કરશે. ઓ દુષ્ટાચારીણી જ્યાંથી આવી છે ત્યાં ચાલી જા; તાંરા કૃત્ય બદલ તું જે શીક્ષા ભોગવે છે, તેથી વધારે શીક્ષા ભોગવવાને તું કેમ અવીચારણી બની છે, તારા જેવા અકૃત્ય કરનારા અધમ અમને સમજીસમાં. જા ! નીર્લેજ જા ! નહીં તો તારો નાશ કરીશ. ઓ દુષ્ટ વાસનાવાળી ઓ ઘોર કર્મ કરનારી, અસમર્થોને ફાંસામાં ફસાવનારી પીશાચણી ! અમારી ઇચ્છા, અમારી કલ્પના, અને અમારો સ્વાર્થ તું શું જાણી શકનારી હતી. અને તારા પોષકોનું તું શું રક્ષણ કરનારી હતી, આ તું બોલતી નથી, પણ તારી કરણી તને બોલાવેછે. હું એવો કામાંધ નથી, હું એવો મુર્ખ નથી, તારા મધુરા બોલો ઉપર લલચાઇ જઇ, તારી સાથે સંભોગ કરવાને તત્પર થઉં ! વીલાસસુંદરીતો આ હૃદય રૂપી મંદીરમાં રમી રહી છે, તે પ્રીય મુર્તીને તું શું મેળવી આપનાર હતી ? તે પ્રીય મુર્તીને મેળવી આપનાર, તે પ્રીય મુર્તીનું રક્ષણ કરનાર એકજ શક્તી તારા કદ્ધાવરનો નાશ કરશે. માટે મીથ્યા બકવાદ કરવો મુકી દે. અને મારા રૂધીરથી તારા ખપ્પરને ભરવાનીજ માત્ર માગણી કર, તે પણ એક સરતથીજ, તારી માંગણી હું કબુલ રાખવાને તત્પર થઇશ.

સાચું બોલ ! તું કોણ છે ? શા માટે આવો વેષધારણ કરીને અ. મારી સમીપ આવી ઉભી છે. જો તું અસત્ય બોલીશતો તે બદલ તને સીક્ષા કરવામાં આવશે.' નહીં, નહીં, મીત્ર ! એ કદી પણ સત્ય બોલનાર નથી, સત્યની સાથે એનો શું સબંધ છે સત્યને તે પ્રીય ગણુતી હતતો,તે શું આવી માગણી કરત? આવું સ્વરૂપ લઇ, સત્યસીળ પુરૂષોની મર્યાદા મુકાવવાને માટે આટલી અવીચારીણી બનત ? તે નર્ક પીચાશણી છે, પણ દેવી નથી, પણ તે કોઇ પોતાની તૃષ્ણારૂપી અગ્નીને શાંત કરનારી દાકણી છે, તે નર્કની અગ્ની તેના લંપટપણાને બાળી ભસ્મ કરી નાખશે. માટે તેની આવી માગણી સ્વીકારવી એ શું આપ જેવા સુજ્ઞ પુરૂષને લાંચ્છ રૂપ નથી ! પણ જો તે સાક્ષાત દેવી હોતતો તે તમારા રૂધીરથી પોતાનું ખપ્પર ભરવાની કદી પણ માંગણી કરત ! તે માગણી કેમ સ્વીકારી શકાય? તે માગણી ન માત્ર આપણા પ્રાણ હરવા માટેજ કરી છે.માણસના શરીરમાંથી રૂધીર નિકળી ગયા પછી શું તે માણસ પાછો શ્વાસ ખેંચી શકશે માટે સત્વર તેનો નાશ કરો. જો તમે તેનો નાશ નહીં કરશોતો તે તેની માયા વડે આપણને મહા વીઘ્નોમાં નાંખી આપણા કાર્યને પરી પુર્ણ કરવા દેશે નહીં. જે કાંઇ સીદ્ધ કરવા માટે આપણે જે પરીશ્રમ વેઠયો છે તેનું પરીણામ કેવું ભયંકર આવશે તેનો વીચાર તમારે કરવાનો છે, ભગવતસીંહે કહયું.

અબધુત–મીત્ર ! તે દેવી હો કે પીશાચણી હો, તેથી આપણે ડરવાનું નથી, પણ તેમાં કેટલી શકતી છે. તેનો તે કેટલો ચમત્કાર બતાવે છે, તેજ માત્ર આપણે જોવાનો છે, તે જોવાનો આપણને આ પ્રસંગ મળ્યો છે, તે પ્રસંગને આપણે શા માટે જવા દેવો જોઇએ. જો તે મારી સાથે,મારી ઇચ્છાનુંસાર સરત કરશે તો, હું મારા રૂધીરથી તેનું ખપ્પર ભરી આપવાને તત્પર થઇશ. અને જો તે મારી સરત મુજબ વર્તવાનેલાંબી ટુંકી વાતો કરશે તો, તે બદલ તેને શીક્ષા કરવાને પણ સમર્થ થઇશ.

'તમે બહુ ભોળા છો । તેથી તેની સાથે સરત કરવાને તત્પર થયા છે. અને તમારા રૂધીરથી તેનું ખપ્પર ભરી દેવાને આટલી બધી આતુરતા બતાવો છે, તે ન બતાવતા, તેનો નાશ કરવામાંજ આતુરતા બતાવશોતોજ તમારૂં કાર્ય સત્વર સીદ્ધ થશે' તેના સાથીએ કહયું.

અંહ । મારો નાશ તારાથી તો થઇ શકે એમ તો નથીને ? તારામાં કેટલી શકતી છે. એ મેં જોઇ લીધી છે. જો તારામાં શકતી હોતતો તારા પ્રધાનને પુથ્વીમાં ગેબ થવા દેત ? મુર્ખા ! જા ! તે વખતે તારી બાજુમાં જો આ અબધુત ન હોતતો શું તું પણ આ ગુફાને આ સમે જોવા રહયો હત ? માટે બાયલા તું તો બોલીશમાં ? તું ખરેખર ક્ષત્રી હોતતો તું ખચિત્ત અબધુતની પેઠે મારીશકતીનો ચમત્કાર જોવાની ક્ષણવાર

ધીરજ ધરત. શું કરૂં ! હું આ સમે લાચાર છું ! જો તું એકલો હત, અને આવા અપશબ્દોથી મારૂં અપમાન કરતતો તારા પ્રધાનના જેવીજ તારી અપદશા કરત.

અબધુત–બસ બહુ થયું, મર્યાદા રાખ, મર્યાદાની હદ ઓલંગી જવામાં કંઇ લાભ નથી. આ તારા કઠોર શબ્દો મારા કાન ફાડી નાંખે તેવાછે, તે હું સહન કરનાર નથી, તે મારો મીત્રછે, તે મારા સુખ દુઃખનો સાથીછે, તે બાયલો નથી પણ પ્રચંડ યોધ્ધોછે, તેને પોતાના પરાક્રમને બતાવવામાં કંઇ પણ ખામી રાખી નથી. પણ તારા કલાધરના જાદુ આગળ તે લાચાર બની ગયો હતો. તે શું તું જાણુતી નથી ? માટે ચુપ રહે.

યોગણી—બોલ અબધુત ! હવે તારી શી ઇચ્છા છે.

અબુધત—મારી ઇચ્છા એટલી જ છે કે, જો તું તારી શકતીથી, મારા શરીરમાંથી મારૂં રૂધીર ખેંચી તારૂં ખબર ભરવાને તત્પર થતી હોતો મારી સાથે સરત કર.

યોગણી—બોલ તારી શી સરત છે.

અબધુત—જો મારા રૂધીરથી તારૂં ખપ્પર ભરાઇ જાય અને તેમાથી મારૂં રૂધીર પૃથ્વી ઉપર પડે તો, હું કહું તે પ્રમાણે તારે વર્તવું પડશે.

યોગણી--અબધુત। તારી સરત મારે કબુલ છે. પણ જો તારા રૂધીરથી મારૂં ખબર નહીં ભરાશે તો, જીવતા તારી ચામડી તારે હાથે ઉતારી મને અર્પણ કરવી પડશે, એ મારી સરત તું કબુલ કરે છે.

અબધુત--તે તારી સરત હું ખુશીની સાથે કબુલ કરૂં છું. અજમાવ તારા પ્રયોગને.

યોગણી--સાવધ થા। તું પણ તારા પ્રયોગને અજમાવવાને ચુકતો નહીં. જોઉં છું કે તારી શકતીનો તારા ઉપર કેટલો જણારો હાથ છે.

અબધુત-તેની સાથે તને શી નીસબત છે તારૂં કાર્ય કરવાસાંજ તારા ચીત્તને પ્રેરા.

યોગણી-જો જે અબધુત। અંતે તું નીર્બળ બની જઈ સંભોગ કરવાની માંગણી સ્વીકારવાને તત્પર થઈશ, તેના કરતાં પહેલાં તે માગણી કબુલ રાખવાને સમજીજા.

અબધુત-બસ તારી ને મારી વચ્ચે એકજ માંગણી માટે સરત થઇ ચુકી છે, તો પછી હવે વચમાં આવી આડી વાતો કરવાને કેમ ઉન્મદ બની છે, માટે વીચાર કરીને આગળ પગલું ભરજે? માટે વીચાર કરીને અવીચારી શબ્દો ઉચારજે? આ અબધુત ખરા ગુરૂનો ચેલો છે, તે તારાથી કે તારા જેવી બીજી

દેવી કે રાક્ષણીઓના મોહરૂપી સપાટામાં સપડાવવાનો નથી. તે તું હવે પછી જોઇશ.

તે યોગણીએ પોતાની શકતીનો પ્રયોગ ચાલુ કર્યો, અને તે પ્રયોગ ચાલું થતાજ અબધુતના શરીરમાંથી રૂધીરની ધારા ચાલી યોગણીના ખપ્પરમાં પડવા લાગી. એક ક્ષણમાં રૂધીરથી ખપ્પર ભરાઇ જઇને પૃથ્વી પર પડવા લાગ્યું.

આ જોઇ અબધુતે તે યોગણીને કહયું કે, 'હવે તારા પ્રયોગને બંધ કર, તું તારી સરતથી હારી ગઇ છે.'

યોગણીએ પોતાનો પ્રયોગ બંધ કરી અબધુતને કહેવા લાગી કાં, 'મારા અપરાધને ક્ષમા કર, મારા કરતાં તારામાં વધુ પ્રબળ છે તે મેં જોઇ લીધું છે, મેં મારા પ્રયોગથી તારો કસ કાઢવામાં કાંઇ બાકી રાખ્યું નથી. છતાં તું મારી માયીક શકતીવાળા પ્રયોગને પાણી પેઠે પી ગયો છે. તેથી હું તારી ઉપર પ્રસન્ન થઇ છું, અને તું માગ તે આપવાને તત્પર છું. પણ હવે મારે આ રૂધીરનું શું કરવું, તેનો તું મને ઉપાય બતાવ.

અબધુત—જેવી રીતે તારી શકતીથી મારૂ રૂધીર તે ખેંચ્યું છે તેજ શકતીથી મારા શરીરમાં પાછું પ્રવેશ કર. બોલ તેમ કરવામાં તું સમર્થ છો.

યોગણી—કરી શકીશ—એટલું કહી તે યોગણીએ પોતાની શકતી વડે ખપ્પરમાના રૂધીરને તેના શરીરમાં પ્રવેશ કરી

દીધું અને પછી અબધુતને કહયું કે, હવે હું તારી સ્ંત મુ઼જબ વર્તવાને તૈયાર છું. બોલ તારી શી ઇચ્છા છે.

અબધુત–હમણાં તું મારી સાથે ચાલ,અને આગુફાની અંદરથી અમને એકદમ કરણસીંહના મહેલમાં દાખલ કર.

અબધુતની આજ્ઞા થતા જ આ યોગણીએ તરત કરણસીંહના મહેલમાં આ બંનેને લઇ ગઇ, જ્યાં કરણસીંહ એકલો બેસીને વીચાર કરતો હતો, ત્યાં આ બંને જોઇ શકે તેવી રીતે, ઉભા રાખ્યા.

કરણસીંહ સર્વ પ્રકારનું સમાધાન કરી, આખા દીવસમાં થાકી ગયેલા શરીરને વિશ્રાંતી આપવા માટે પોતાના મ્હેલમાં દાખલ થયો, અને એક એકાંત ઓરડામાં જઇને બેઠો. હજી તેને બેઠાને એક ઘડી પણ વીતી નથી, એટલામાં એકાએક તડાકા સાથે મ્હેલની ભીંત ફાટી ગઇ, અને તેમાં પડેલી જબરી ફાટમાંથી, એક હબસી જેના હાથમાં ચાર હાથ લાંબી આરસી, અને એક સોનાની પુતળી રહી ગઇ છે, તેની સાથે કળાધરને પોતા તરફ આવતો જોઇ કરણસીંહ તરત પોતાની જગાએથી ઉઠીને તેની સામે ગયો, અને પોતાની છાતી સાથેડાબીને પોતાના ઓરડામાં લઇ આવી, બંને જણા સીંહાસન ઉપર બેઠા, તેની સાથે આવેલો હબસી પોતાની સાથે જે લાવ્યો હતો તે તેની પાસે મુકી, તે પાછો તે ભીંતની ફાટમાંથી નીકળી ગેબ થઇ ગયો. આ હબસી ગયા પછી આ બંને જણા નીચે મુજબ વાતો કરવા લાગ્યા.

કરણસીંહ—આજ આપે, મારો પ્રાણ બચાવ્યો છે, નહીંતો હું ખચિત્ત માર્યો જાત, મારા સર્વે હથ્યારો નીરઉપ્યોગી થઇ પડયા હતાં.

કલાધર—વ્હાલા મીત્ર ! આ સંસારમાં દરેક માણસ કાર્ય પ્રસંગે એક બીજાને મદદ કરતાજ રહેછે, જો એમ ન હોયતો, આ ક્ષણ ભંગુર સંસારનો વહેવાર કેમ ચાલે. મેં પણ આપની મદદ લેવાને માટે આપને મદદ કરી છે,તેથી મેં કાંઇ તમારી ઉપર ઉપકાર કર્યો છે એવું મનમાં લાવશો નહીં.

કરણસીંહ—અહો પ્રાણ રક્ષક મીત્ર ! આ માયા રૂપી જગતમાં ચતુર માણસો મર્યાદાનું કદી પણ ઉલ્ઘન કરતાં નથી,નીરૂપાય થયેલા માણસોની ઉપર, ઉપકાર કરવામાં જેટલી શકતી તમે ધરાવો છો, તેટલી શકતી હું મુદલ ધરાવતો નથી. મેં આપને પ્રથમ પહેલાથીજ વીદીત કરેલું છે, અને હવે ફરીને પણ વીદીત કરૂં છું કે તમારૂં કાંઇ પણ કામ હશે તે કરવાને તમારો આ સેવક એક પગે તૈયાર છે.

કલાધર—વાહ ! સજ્જનોની તો એજ ખરી ખુબી છે. સજ્જનોના રંગનો બહાર વીચિત્ર હોય છે.તમારી પુર્ણ ખાત્રી છે કે, તમે મારા કામને ખાંત અનેહુલ્લાસથી કરસો.(છબી બતાવીને) આ છબીને તમારા નગરના દરવાજાની વચોવચમાં લટકાવી દઇને તેની દેખરેખ રાખવા માટે પાકો બંદોબરત કરશો. હમણા આ છબીમાં એક પણ અક્ષર જોવામાં આવતો નથી.

માત્ર એક બાગનોજ નકશો ચીતારવામાં આવેલ છે. જ્યારે આની અંદર પોતાની મેળેજ કંઈક પણ લખેલું જોવામાં આવે, તો તે સંબંધી,તેજ વખતે મને ખબર આપવા માટેએક પત્રલખી આ પુતળીના હાથમાં આપી તેનો ચોટલો ખેંચશો તો તે તરત તે પત્ર લઇ મને પહોંચાડી જશે. લો હવે હું જઇશ.

કરણસીંહ—આમ કરવાનું કાંઇ કારણ?

કલાધર—આમાં મ્હોટો ભેદ છે, હું ફરીને કોઇવાર તેનું સર્વ વૃત્તાંત તમને કહી સંભળાવીસ.

કરણસીંહ—પણ મને ખેહની સાથે તમને કહેવું પડે છેકે, મારો ભાઇ તમારા જાદુના સપાટામાંથી કેમ બચવા પામ્યો, તે હું જાણી શકતો નથી. તે માટે મને મ્હોટો ભય ઉત્પન્ન થયો છે, આ ભયથી મને કાંઇ સુઝતું નથી.

કલાધર—કરણસીંહ! એ માટે તમારે કોઇ પણ પ્રકારનો ભય રાખવો નહીં. તમારો ભાઇ મારા જાદુના સપાટામાંથી કેમ બચવા પામ્યો છે તે માટે હું સર્વે જાણું છું. હવે હું તેને જીવતો રહેવા દઇશ નહીં. એ ગમે ત્યાં હશે, ગમે તેવા બળીઆના તાબામાં હશે, ત્યાંથી તેને પકડી લેવાને મેં તેની પાછળ મારા ચાલાક એક જાદુગરને રોકયો છે.

કરણસીંહ—તો હવે તે માટે હું તમને વધારે કહીશ નહીં.

આટલા શબ્દો કરણસીંહના મુખમાંથી બ્હાર નીકળતાની સાથે કળાધર જેવી રીતે આવ્યો હતો તેવી રીતે ચાલ્યો ગયો.

કલાધરને ગયેલો જોઇ કરણસીંહ પોતાની સેજ ઉપર જઇ સુખની ઉંઘ કાઢવા લાગ્યો.

કરણસીંહ અને કલાધરની વચ્ચે જે વાત ચીત્ત થઇ હતી તે સર્વે સાંભળી લઇને, અબધુતે તે યોગણીને કહયું કે, 'ચાલ, હવે અમને મ્હેલની બ્હાર લઇ જા.'

અબધુતની આજ્ઞા થતાંજ તે યોગણીએ પોતાની સકતીના પ્રબલે કરીને પોતા સહીત આ બંનેને લઇ મ્હેલની બહાર નિકળી ગઇ.

આ ત્રણે જણા કરણસીંહના મ્હેલની બ્હાર નીકળીને એક પહાડની તલેટીમાં સોભી રહેલા મનહર બાગમાં આવીને વીશ્રાંતી લીધી. પછી અબધુતે તે જોગણીને કહયું કે, 'હું જ્યાં સુધી તને અહીં પાછી બોલાવું નહીં ત્યાં સુધી તું આ બાગની આસપાસ ફરતી ફરજે, અને કોઇ પણ માણસ આ બાગમાં આવેતો તેને તું કતલ કરી નાંખજે.' વચનથી બંધાયેલી જોગણી તરત અબધુતની આજ્ઞાને શીર સમાન ગણીને ડુંગરની તલેટીની બહાર નીકળીને ચોકી કરવા લાગી.

કરણસીંહના ભાઇ ભગવતસીંહે અબધુતને કહયું કે," આપ કોઇ વરદાઇ પુરૂષ છો! આપમાં કેટલી બધી દયા ને નમ્રતા છે. જોગણી જેવી, જેનામાં અગાધ શકતી હતી, તેને પણ તમે ક્રોધ ન બતાવતા તમે તમારી અપરમ શકતી વડે વશ કરી

લીધી છે. તે જોઇ મને મહા આનંદ પ્રાપ્ત થયો છે.તમને હું આજથી મારા ગુરૂ અને મારા દુઃખભંજન સમાન ગણીશ. તમારી સેવા કરવામાં તત્પર રહીશ. મને હવે આ જગતની માયા ઉપર ભાવ રહ્યો નથી.જગતની માયા સુખ કર્તા નથી પણ દુઃખ કરતાં છે.એમ મેં માની લીધું છે.જો મારો બંધુ જગતની માયામાં લપટાયો ન હતતો, શું તે એક જાદુગરની મદદ લઇ મારો અને મારા કુટુંબનો નાશ કરવાને કદી પણ તત્પર થાત? તે જો કે એક ક્ષણીકનું સુખ છે, અને તે ક્ષણીકના સુખ માટે પોતાના બંધુનો નાશ કરવાને માટે કાંઇ પણ બાકી રાખ્યું નહીં. જો તમે મને સહાયતા કરી ન હોતતો શું હું તમારા દર્શન કરવાને ભાગ્યશાળી બનત ? ભલે કલાધર, ગમે તેટલો જાદુગર હોય અને પોતાની જાદુઇ વીદ્યાથી પોતાના સ્વાર્થ માટે બીજાના સ્વાર્થનો નાશ કરવા માટે કાળસ્વરૂપ ધારણ કરી આવા નીચ કૃત્યો કર્યા કરે, પણ તેના તે કૃત્યોનો બદલો તેને મળ્યા વગર રહેનાર નથી.

જો તમારા જેવો જનહીત પુરૂષ, પારકા સ્વાર્થને માટે પોતાના પ્રાણની યાહુતી આપવાને અહોનીશ તૈયાર રહેછે, અને કલાધર જાદુગર જેવાની જાદુઇ વીદ્યાથી ડગતો નથી, તે જો ધારે તો એક ક્ષણમાં કરણસીંહ જેવાને યમલોકમાં મોકલાવ્યા વગર કદી પણ રહે નહીં, એવી મારી પુર્ણ ખાતરી છે. પણ મારે મારા રાજની, મારે મારા સુખની, મારા વૈભવની દરકાર

નથી, તો પછી હું મારા ભાઇનો નાશ કરાવવાને તમને કેમ સ-લાહ આપી શકું ? જો કે તે શીક્ષા લાયક છે, તેણે જે અપરાધ કર્યોછે, તે માફ થઇ ન શકે તેવો છે, તેને શીક્ષા કરવી એ એક ન્યાય કરતાની ખરી ફરજ છે. છતાં તે ફરજ કોને માટે બજા-વવી ક્ષણીક સુખને માટે કે ગંજાવર પાપનો ભારો બાંધી લેવા માટે ? કરણસીંહનું કૃત્ય કેવું ભયંકર છે તે તમે તપાસી લીધુ છે. તેનો વીચાર તમારે જ કરવાનો છે.

અબધુત–જગતસીંહ ! તમે મને જે ઉપમા આપીને જે વીવેક બતાવ્યો છે, તે ઉપમાલાયક હું પુર્ણ છું, એમ તમે કદી પણ માનતા નહીં. જે કાંઇ કાર્ય બનવા માટે નિર્માણ થઇ ચુક્યા છે, તે કદી પણ મીથ્યા થઇ શકતા નથી.

અહાહા !!! દુનિયા કેવી વિચિત્ર છે, કેવી બે ઢંગી છે, કેવી બે નિર્લજ છે, કેવું રાક્ષસી રૂપ ધારણ કરી બેઠી છે. મર્યાદાનો પડદો ઉઘાડી નાંખી અનીષ્ઠ કર્મ કરનારો કાળો પડદો ધારણ કરી ક્ષણ ક્ષણમાં કેવા કેવા રંગ બદલે છે. જે રંગ નિહા-ળતાજ માણસનું હૃદય ભરાઇ જાય છે, માણસની મતી મુંઝાઇ જાય છે. માણસની બુધ્ધિ ભ્રષ્ટ થઇ જાય છે. અને મહા દુઃખરૂપી પહાડો સાથે અથડાતા અથડાતાં છીન્ન ભીન્ન થઇને અંધકાર રૂપી કુવામાં જઇ પડે છે.

ભલે આ જગતના નાશવંત પ્રાણીઓ પોતાના ક્ષણીક સુખના લોભ માટે તેને ઠાલી ચીતારે, ભલે તે જગતની અંદર

ફરી રહેલા ચક્ર રૂપી ગાડામાં બેસીને રાક્ષસ રૂપી માણસો પોતાના સ્વાર્થ માટે અનેક નીર્દોષોનો ભોગ લઇ તેને બલીદાન આપે. આ જગત રૂપી સંસારના મોહ રૂપી દીપકમાં અંજાઈ જઇને ઝીણા જંતુઓનીપેઠે બળીને ભસ્મ થઇ જાય, ન્હાનાં મ્હોટાં ખાબોચીઆમાં તડફડીઆ મારી રહેલા અલ્પ જીવોની પેઠે પાપી માણસો અનર્થકાર્ય કરવાને ઉન્મત્તઅની અહો દુનિયા તારૂં સત્યનાશ વાળે તેની મને પરવા નથી. તે માટે તારી તરફ વિચાર કરવાની મને જરૂર નથી. વિચાર કરતાંતો તારો ત્યાગ કરવોજ સારો છે.

મનુષ્યની જીંદગીના દીવસો મ્હોટી આફતોમાંથી પસાર થાય છે, આવો ભય માથા ઉપર ભમી રહેલો છતાં, મનુષ્ય પોતાને બલવાન, નિર્ભય સુખી ધનવાન સમજે છે. એથી અધિક કહેવામાં જો હું ભુલતો હઉં તો વાંચક મને ક્ષમા કરજે.

પોતાના સબંધમાં કોઈ બાબદ વિરૂદ્ધ વાત કહેવા વાળાને મુર્ખ પાજી હરામખોર અને પોતાનું બુરૂ કરવા વાળો સમજીને તેને ધીકારી કાઢે છે, તે કેમ સમજી શકે છે ! આ પ્રશ્નોનો ઉત્તર એટલોજ છે કે, આ સંસારની સર્વે વસ્તુઓનો નિત્ય અને તેનો નાશ થયા પછી પણ આવી તરેહથી રહેનારી સમજે છે, શરીરને પહાડોથી પણ મજબુત સમજે છે, જુવાની હમેશા જેવીને તેવી રહેશે. કુબેરનું દીવાળું ભલે નિકળે પણ મારો ખજાનો સદા ભરપુર રહે અને આવી રીતે હું સર્વનો રાજા બની રહું એમ સમજે છે.

જો વીચારવંત સારા સાર સમજી શકતો હોય તો પછી પુછવું શું ? સમજ નાર સારી પેઠે સમજી શકતો હોય તો, તે જે કરવા ધારે તે કરી શકે છે. જુવાનીથી અધિક ધન, ધનથી અધિક પોતાનું કુટુંબ, અને નિર્મલ બુદ્ધિ. આ ચાર-માંથી એક પણ વસ્તુનો ત્યાગ કરી અનર્થ કરવો ઠીક છે ? પણ જો ચારે એક સ્થળે એકઠા થાય તો પછી પુછવું શું ? વાસ્તવિક રીતે જોતાં મનુશ્યના જીવવાના દહાડા મ્હોટા ભયથી ભરેલા છે. ધન દ્દોલત, વાડી બંગલા હોવાને લીધે કદાચ માણસને વેદના ભોગવવી પડતી નહીં હોય, પરંતુ બીજી અ-નેક પ્રકારની વેદનાઓ ભોગવવી પડે છે. ક્ષણે ક્ષણે ધન દ્દો-લતની રક્ષા કરવામાં સાવચેત રહેવું પડે છે. માતાપિતા પુત્ર ભાઇ કુંટુંબ વગેરેની કદાચ ધાસ્તી પણ રહે છે, ચોરની બીકથી રાતના પુરેપુરી ઉંઘપણ આવતી નથી. પુર્વ જન્મના પુણ્યોથી આ ભય ન રહેતાં શરીરની પીડાથી પીડાય છે. અને કોઇ જાતની વ્યાધી કે ઉપાધી કે ભય મુદલ હોય જ નહીં, પણ દુર્બળતાના કારણોથી ભોજનજ પાચન થતું નથી. બહુધા કરીને અનેક સ્થળે મારા જોવામાં આવ્યું છે કે કરોડો રૂપીઆ પોતાની તીજોરીમાં હોવા છતાં પણ નવ-ટાંક લોટની છત્રીશ પુરીઓનું ઉપરનું પડ કોઠામાં ઉતારી શક-તાં નથી. શરીરમાં શકતી રહેવાથી આ બધા દુઃખો રહેતાં નથી. અડધો કાચો પાકો બાજરાના રોટલાથી તે ચણાની દાલ સુધાં વગર મુસીબતે હજમ થઇ જાય છે. પાસે પૈ પણ ન હોય, તો

પણ શાંતિથી ઉંઘ આવી જાય છે. પરંતું તે પણ સુખી નથી. જ્યારે જોશો ત્યારે તે પેટ બતાવીને કહેશે કે, હાય ! હાય !! અરે આ સંસારીઓની વાતજ કરશો નહીં. એતો દુઃખરૂપી સમુદ્રમાં ગોઠા ખાઇ રહેલા છે, રૂષી મુની યોગી સન્યાસીને જોશો તો તે કેવા આનંદથી રહે છે, જ્યારે જોશો ત્યારે તેની પાસે મીઠાઇ મેવાના ઢગલા પડેલા જ હોય છે. ઘર બાર વેહે· ચશું પણ સાધુ સંતો અને આચાર્યોની સેવા અવશ્ય કરશું ? તો પછી તમે આને પણ શું દુઃખી છે એમ કહી શકશો ?

હું તો એમજ કહીશકે એ પણ દુખી જ છે, જેણે ઘરબાર છોડયા; ધન દોલત છોડી, કુળ પરીવાર છોડયો. પરંતુ તેનું પેટ, અને તેની ઇંદ્રીઓએ તેની ઉપાધીને ઓછી થવા દેતીજ નથી. મનુસ્યના જેવો સભય પાણી કોઇ નથી. હા. આ વાત અગત્યની છે કે માયાના આવેશમાં આ પ્રાણી કોઇ પણ ભયને ન લેખતાં મસ્તકને કાપવાની શકતી ધરાવનારી તલવારને હાથમાં પક- ડી લે છે. જો તેમ નહોત તો શું કરણસીંહ અંધારી રાતે પહાડો માં રખડી પોતાના ભાઇનો નાશ કરવાને તલવાર ખેંચી ઉભો રહેતો ભગવતસીંહ તમારા બંધુ કરણસીંહે પોતાના ધર્મનો, પો- તાની કીર્તીનો, અને પોતાના કુળનો જરા પણ વિચાર કર્યો નથી. જો તેણે ક્ષણ ભર વિચાર કર્યો હોત તો તે એક દુષ્ટ ને પાપી જાદુગરને કદી પણ સાયતા આપત નહીં. માણસોની ચારે બાજુએ

મોહોની એક મોહોટી જાલ પથરાયેલી છે. જે જે વસ્તુઓની આયા ફાંસમાં માણસ સપડાય છે તે પ્રત્યેક વસ્તુ માણસને ખાડામાં નાખવાનો પ્રયત્ન કરેછે. પતંગ જે પ્રમાણે દીવાના પ્રકાશને ભુલી તેની ઉપર ઝડપ નાખે છે, અને નાશ પામે છે તે પ્રમાણે માણસ સુખની ઇચ્છાથી નાશવંત વસ્તુની પાછળ લાગીને આયુષનો પ્રત્યેક ક્ષણ પોતાનો નાશ કરવા માટે ગુમાવે છે.

હા હું કહું છું કે, ઓ સુખ, તું ખરેખર ઉત્તમ છે, પરંતુ તારા સારૂં માણસે પોતાનો નાશ કરી નાખવો જોઇએ એ માત્ર નિઃસંશય ખરૂં છે.

આ જગતના સઘળા લોકો એટલા સ્વાર્થી; એટલા હલકા મનના, એટલા મત્સરી, એટલા દુષ્ટ અને વૃથાભિમાની છે કે, એકાદ સારા અને પ્રમાણીક મનુષ્યને શોધો કાઢવા માટે ધોલે દીવસે મસાલો સલગાવી ફરવું જોઇએ. દુષ્ટ, લુચ્છા અનીતિમાન એવા લોક સંપતી અને .એશઆરામમાં ઘેરાઇ ગયા છે. પરંતુ સુશીલ, સત્યવાદી અને નિરપરાધી એવા વિચારવાળા અન્ન અને પાણી વગરના દીવસો કાઢે છે અને દુખ એક સરખુ તેની પાછળ લાગેલું રહે છે. દુષ્ટ કૃતીનુ પુતળું દુર્યોધન, જે મૂર્તિમંત ધર્મ એવો જે ધર્મરાજ તેના કર્ત

વીશેષ સુખી હતો; ધર્મ રાજાને પોતાના નિરભિમાની અને અને સત્ય પ્રીય સ્વભાવને લીધે નાના પ્રકારના દુઃખો ભોગવવા પડયા હતા. જેમ પતિવૃતા અને સદ્દગુણની જે મૂર્તિ સીતા તેને દુષ્ટ રાવણના રાજમાં જવું પડયું હતું તેમ વીલાસસુંદરીને દુષ્ટ કલાધરની ગુફામાં જવું પડયું છે તેમાં નવાઇ શી? તે ઠેકાણે નાના પ્રકારના સંકટો તેના પર આવી પડયા હતાં અને તેજ પ્રમાણે વિલાસસુંદરીને માથે પણ આવી પડયા છે. રાવણના રાજમાંથી સીતાનો છુટકો થયા પછી થોડાક દીવસ સુખનો ઉપભોગ લીધો નહીં તેજ ફરીને લોકાપવાદને લીધે તેના પતી રામે તેનો ત્યાગ કરી દીધો. સાશંશ, આ જગતમાં અન્યાય; સંકટો અને નિરાશ થયેલા અસંખ્ય પ્રાણીઓનો વીલાપ સાંભળીને એમ લાગે છે કે આ જગતનો કોઇ રાજાજ ન જોઇએ. અને કદાપી, જો કોઇ હોય તો, તે નિરદય અને જુલમી હોવો જોઇએ. આ જગત ભયંકર તોફાનમાં, સુખાણ વગરના તુટી પડેલા વહાણની પેઠે લાગે છે ત્યાં ત્યાં ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે પ્રત્યેક જણ એક મેકને પુછે છે કે તું મને મારે છે કે હું તને મારૂં. એકના મૃત્યુથી બીજાનું ઉપજીવન ચાલે છે. આ જગ એટલે મનુષ્યથી તે ક્ષુદ્ર કીડા સુધી એક એકના પ્રાણ લેનારા પ્રાણીઓનું બજાર છે.

આ જગતના કેટલાક લોકો બાવરા બની જઇને જ્યાં ત્યાં જોય છે અને નથી તે સારૂ તેઓ ઝુરે છે ઉપરથી તેઓ ઓકલા મનથી હસે છે પરંતુ તેઓના અંતરમાં કોઇબી દુઃખી વીચાર ચાલી રહેલોજ હોય છે, જે વખતે તેઓ અતીશય મધુર ગીતો ગાય છે. તે વખતે તેઓના અંતઃકરણો દુઃખોના વીચારો થી ભરેલાજ હોય છે. અને તે માટે તેઓ ફરીને દુઃખ દેવતાની પ્રાર્થના કરીને કહે છે કે; હે દેવ! એક મેકની ઉપર પ્રેમ રાખનારા સ્ત્રી પુરૂષોના અંતઃકરણ પ્રમાણે અમારા અંતઃકરણો એક થાય ત્યાં સુધી, અને જે પ્રમાણે ધુંવાડો આકાશમાં મળી જઇને નાશ પામે છે તે પ્રમાણે હા ભયંકર પ્રવાશ સદા ટકનારો એવી તે ઉંઘમાં મલી જાય ત્યાં સુધી અમને તું મુકીશમાં.

મનુષ્ય માત્ર આયુષની દોરી ઉપર લટકી રહેલ છે; અને કાલના અતિશય ભારી વજનથી મનુષ્યો કચડાઇ અને કમાઇ જાય છે, આમ જાણવા છતાં મનુષ્યો કાલના. મુખમાંથી છુટવા, અને ફરી ફરીને, અવતાર નહીં લેવા માટે, કંઇ પણ પ્રેરણા રતાં નથી અફસોસ !

મનુષ્ય પોતાના ક્ષણીક સુખને માટે કંઇ પણ વિચાર કર્યા વગર,પાપ કર્મ કરનારાઓને સહાયતા કરે છે કે જેનું પરીણામ મહા ભયંકર નિપજે છે. આ અનીત્ય પાણીના પરપોટા સમાન દેહને વાસ્તે, નરકના દ્વારરૂપી સ્રીઓને માટે, કેવળ પોતાના સ્વાર્થ સારૂં પ્રાણી કુકર્મ કરતા નથી? પરંતું હાય!!

'ચરર ચિરાય છાતી,બળે છે અતિ લાય;

તે કેમ કરીને બુજાસે, કોણ બતાવે ઉપાય.'

નિરૂપાય છું. અસ્થીર છું, એકલવાયો છું, દેખતો છતાં અંધ છું, કાન છતાં બેરોછું, જીભ છતાં મુંગો છું, અકલ છતાં અકલહીણ છું, છુટો છતાં બંધીવાન છું, સ્વતંત્ર નથી, પણ પરતંત્ર છું, મારા હાથ બંધાઇ ગયા છે; તેથી મારૂં સર્વ બળ હરાઇ ગયું છે. જો આમ ન હોત તો, કયારનો કરણસીંહને તો કાલને સોંપી દીધો હત. આ આરસીના ટુકડે ટુકડા કરી નાખ્યા હોત; અને આ વીરપુરને શમશાન ભુમી બનાવી દીધો હોત. પણ જેમ સીકારીના હાથપર બેસીને બાજ પક્ષી અન્ય પક્ષીનો નાશ કરવામાં વ્યર્થ શ્રમ કરે છે, તેમ કળાધર જાદુગરને મદદ કરવામાં કરણસીંહ વ્યર્થ શ્રમ કરે છે. વખતનું ચક્ર એવું છે કે, પોપટ પાંજરામાં પડયો પડયો તરસે મરે છે, અને કાગડા જેવા નકામા પક્ષીને બોલાવી જમાડે છે. એ પણ સમયને માન છે. કેમકે સમય બળવાન છે. સમય બળવાનને બલહીણ બનાવી, અને બલહીણને બલવાન બનાવે

છે. સમય ચક્રવતીને સીંહાસન ઉપરથી ઉઠાડી અંધારી ઓરડામાં પુરાવે છે, અને કંગાલને ચક્રવતી બનાવે છે. આજે આ ભુમિ ઉપર કલાધરનો સમય બળવાન છે, તેથી કળાધર જે કાંઇ કરે છે, તેને લોકો કરવા દે છે. જો તેનો સમય બળવાન ન હોત તો તે હજારો બાળાઓને પકડી તેના ધર્મને ભ્રષ્ટ કરવા માટે પોતાની જાદુઇ ગુફામાં પુરી શખત? નિંર્દોષ લોકોના શીર છેદી, તેના આતરડાની હાર માળા બનાવી, પોતાની ગુફાની ઉપર તોરણ રૂપે લટકાવત! એ જાદુગર આખી દુનિયાને ત્રાહત્રાહ પોકરાવી રહયો છે.પણ તેનો અને તેની શકતીનો નાશ કરવાને કોઇ પણ સમર્થ પુરૂષે તેની સામે બાથ ભીડી છે, તેના હાડા ધ્રૂજાવ્યા છે.? તેને કમ કમાટી ઉપજે એવો હાથ બતાવ્યો છે.? નિર્માલ્ય જેવા બની બેસી રહયાં છે.થાય છે તે જુવેછે, અને થશે તેપણ જોસે. જો વીરપુરૂષો પોતાના બળને એકત્ર કરીને આ રાક્ષસને ઘેરી લીધો હોત તો તેની જાદુઇ વીદ્યા શું કરત? હજારો હાથીઓના બળ આગળ એક મચ્છર શું કરી શકત? ક્ષણમાં કચરાઇ જાત. કદાચ મરત નહીં, પણ તેને માથે મ્હોટો ભય રહેત.અને તે ભયથી તે ઘોર કર્મો કરતા ડરત. પણ વીર પુરૂષોજ ડરી ગયા, તેથી તે વીરપુરૂષોને વધારે ડરાવવા લાગ્યો, અને ભય બતાવી બધાઓને ગુલામ સરખા બનાવી દીધા. મહા ખેદની વાત છે કે, બકરો તે સીંહાનો રાજા થઇ બેઠો છે. અને સીંહો તે બકરા જેવા બની બેં બેં કરી રહેલા છે. જેમ રાક્ષસોના ભયથી રૂષી મુની

ઓ ભય પામી અહીં તહીં સંતાતાં ફરતાં હતાં, તેની પેઠે એક જાદુગરના ભયથી ક્ષત્રી સીંહો ન્હાસતાં ફરે છે, એ શું ક્ષત્રીઓને કલંક લગાડનારૂ નથી ? લોખંડના કીલ્લાઓને છેદી શત્રુઓને શરણે લેનારાઓ એક જાદુગરથી ડરી જઈ નવ ગજના નમસ્કાર કહે છે ત્યારે બીજાઓ બે હાથ જોડી નમસ્કાર કરે તેમાં નવાઇ શી ?

ઓ દુષ્ટ કળાધર ! ઓ નીશાચર જાદુગર ! ! તે તો અવધી કરી છે. સર્વેને મીણુ સરખા પુતલા બનાવવામાં કાંઇ પણ મણા રાખી નથી. તેમાં તું શું તારૂં પ્રિય સમજે છે. તેમાં તું શું આનંદ માને છે, તેમા જ તારૂં સુખ સમજે છે; ઓ અધમ ! ઓ પાપી ! ! આવો ગર્વ કરવો મુકી દેજે, આવો જુલમ ગુજારવો છોડી દેજે ધારણ કરેલા રાક્ષસરૂપનો ત્યાગ કરજે નિર્દોષ બાળાઓના ધર્મને ભ્રષ્ટ કરતો અટક, ભવિષ્યનો વિચાર કર, બધા દહાડા સરખા નથી. દીવસ વીતિ રાત પડવાની જ. ઉગ્યોછે તે આથમવાનો છે. જે પહાડો આસમાનની સાથે વાતો કરતાં હતા, તે પહાડો પણ પોતાની જગ્યા ઉપર સ્થીર રહી શકયા નથી તો પછી તું શું રહી શકોશ ? નદીનાં વહેતાં નીરો પણ સુકાઇ જાય છે; તેમતું પણ સુકાઇ જઇશ. પવનના સપાટાથી વૃક્ષોના પાનો પણ ખરી જાય છે; તેમ તું પણ કાળરૂપી પવનના સપાટાથી આ જગતરૂપી વૃક્ષના ઉપરથી ખરી જવાનો છે. નથી રહેવાનો, નથી કંઇ પામવાનો, નથી કંઇ સાથે લઇ જવાનો. તારૂં પાપ તારી સાથે આવશે, તારૂં પાપ તારા માથા ઉપર ચઢી તારા કુકર્મોની સાક્ષી પુરશે,

તે તારૂં પાપ તને શીક્ષા કરાવશે. તું કદાચ પાપથી ડરતો નહીં હોય, અને પાપ શું છે, તે તું સમજતો નહીં હોય, એવું ધારીને તું ઘોર કર્મો કરતો હોય તો પણ તે તારા મનુષ્ય ધર્મને ભ્રષ્ટ કરનારા જ છે; એવા ઘોર કર્મો કરનારાઓને મનુસ્ય કોણ કહેશે ? કોની જીભ કેહેવાને સમર્થ થશે. અધમ અને પાપીઓના નામ લેવામાં ધર્માચરણીઓ પાપ સમજે છે; પાપીઓનો પડછાયો પડતાં ધર્માચરણીઓને પરાશ્ચીત કરવું પડે છે. તેથી તેઓ પાપીઓનો પક્ષ કરતાં નથી, તેઓ સદા પાપીઓને ધીકારે છે, પાપીઓને શાપરૂપ ગણે છે. તું મહા પાપી છે, તું મહા ચંડાલ છે, અનર્થ કાર્યનો કરનારો છે. ધર્મ રહીત બની, ધર્મનો નાશ કરી, અધર્મનો સ્વીકાર કર્યો છે. તેજ તને ગોહું ખત્તરાવશે, તેજ તને ઉપાડી ઉંઢા ખાડામાં ઝોંકશે, તેજ તારૂં અભિમાન ઉતારશે, તેજ તારા વૈભવનો, તેજ તારા જાદુનો નાશ કરાવશે.તને બધા મુકી દેશે, પણ તેં તને નહીં મુકે. આખી દુનિયા તારાથી ભય પામી થર થરી જશે,પણ તે તારા ભયથી ડગનાર નથી. તે તારી પાછલ છે, માટે તું પાતાળમાં જજે નોઇએ તો આકાશના વાદવાળાઓની વચ્ચે ભરાઇ બેસ જે.

આ પ્રમાણે પોતાના મનના ઉદગારો મનમાં કાઢતાં કાઢતાં અબધુત અને જગતસીંહને ઠંડા પહોરનું એક જબરૂં ઝોંકુ આવી ગયું. એટલામાં આકાશ વાણી થઇ કે,

'ન કર ચિંતા મન વિષે, ધીરજ મનમાં રાખ;
સ્હાય ત્હારી બુજાવશે, એમ વદે વાણી સાખ.
સત્તા ત્હારો જબરી છે, ન લોપે કોઇ તુજ આણ;
સહાયક સદા સહાય થશે, એ તું નિશ્ચય જાણ.
અડગ રહીને ખુમ ધુમજે, કર અધમોનો સંહાર;
હાથે ચઢતાં મુકીશમાં, તો થશે જયજયકાર.'

આકાશ વાણીના સમય સુચક શબ્દો અબધુતના કાને અથડાતાજ, અબધુત ઝબકી ઉઠયો. ભગવતસીંહ આ સમે ભર ઉંઘમાં પડયો હતો. તેને ન જગાડતાં, અબધુત લલકારીને કહેવા લાગ્યો કે,

'મહા ભુતની, નીશા દુતની,
ન્હાડ ઔર બનકી રાણી,
તે રંગ ઔર રૂપ બદલકે
બેગે આઓ ચતુર સહાણી.'

અબધુતનો આ મંજુલ ઘોષ પવન વેગે સંચરતો સંચર તો જ્યાં મ્હાભુતની ફરતી હતી ત્યાં જઇ, તેના કાનમાં ખુબ ગણ ગણાટ કરવા લાગ્યો. આ મંજુલ ઘોષના ઝીણા ગણુગણાટથી તે મહાભુતની સાવચેત થઇ જઇ, હબસણનું રૂપ ધારણ કરી લઇને પાણીના પુરની પેઠે દોડતી દોડતી અબધુતની સમીપ આવી ઉભી રહી.

હબસણના રૂપમાં આવેલી મહાભુતનીને જોતાજ અબધુતે તેને કહયું કે, 'અહો મહાભુતની! ભગવતસીંહ ન જાણે તેમ તારા

બંને હાથમાં, ભગવતસીંહને ફુલ સરખો રાખીને,જ્યાં કરણુસીંહ સેજ ઉપર સુતો છે; ત્યાં જઇ ,તેનીજ સેજ ઉપર સુવાડી દઇને કરણુસીંહના બંને હાથ બાંધી લઇને કેદ કરજે, અને તેની સાથે પહેલી છબી અને સોનાની પુતળી પણ લઇ લેજે. આ બંને કર્યં પછી ભગવતસીંહને જાગૃત કરીને કહેજે કે, 'તારા પાપી બંધુને તેની કરણીની શીક્ષા કરવા લઇ જઊં છું. તે માટે તું નિર્ભય થઇ તારા રાજની સત્તા પ્રાતુશકાળ થતાં ,પહેલા તારા હાથમાં લેજે,તારા રાજની સત્તા તારા હાથમાં લેતી વખતે કોઇ પણ માણસો સામે થઇ તારૂ અપમાન કરવાને તત્પર થાય તેવા માણ. સોની કતલ ચલાવવાને તારા હાથને રોકીશમાં.

તારા રાજ્યમાં તારી સત્તાને મજબુત કર્યા પછી, તે તારી સત્તાનો નાશ કરવાને કોઇપણ જાહુગર, અથવા કોઇ પણ બળવાન રાજા, તારી ઉપર ચઢી ન આવે, તેટલા માટે અબધુતના નામનો ભગવો ઝુંડો તારા કીલ્લાની ઉપર સદાને માટે ઉડતો રાખજે, જે ઝુંડો તારા શત્રુઓના હાડ ગાત્રો ગાંળી નાંખશે. એટલુંજ નહીં પણ તારા બળને વધારવાને માટે તારા સૈન્યમાં વધારો કરજે;કે જેના પ્રબલ બલવડે તું સર્વત્ર જય મેળવીશ.'

અબધુતના આ શબ્દો શ્રવણ કરતાની સાથેજ તે હબસણ ભગવતસીંહને ફુલ સરખો ઉપાડી અંતર ધ્યાન થઇ ગઇ. તેની પાછળ અબધુત પણ ધુમ થઇ ગયો.

એક આંખના પલકારામાં તે મહાભુતની ભગવતસીંહને કરણુસીંહના મ્હેલમાં દાખલ થઇ, ભગવતસીંહને કરણુ-સીંહની બાજુમાં સુવાડીને, કરણુસીંહને બાંધી લઇને સેજ ઉપરથી નીચે પટકયો. કરણુસીંહના સીહાસન પાસે જે છબી અને સોનાની પુતળી પડી હતી, તે લઇ લીધી અને ભગવતસીંહને જાગૃત કરીને, અબધુતે કહેલી વાત તેને કહી સંભળાવીને, કરણુ-સીંહ અને તેઓને વસ્તુને લઇને મ્હેલમાંથી અંતરધ્યાન થઇ ગઇ.

મહાભુતની-મસ્તક છેદન.

આ અદ્દભુત ચમત્કાર જોતા જ ભગવતસીંહ ચકચકિત બની જઇને મ્હેલની અંદર અને મ્હેલની બ્હાર જોવા લાગ્યો. પણ તે કાંઇ જોઇ શકયો નહીં. તેની દ્રષ્ટી, તેની વૃત્તિ, એકજ વસ્તુ ઉપર ચોટવાથી તે હર્ષ ઘેલો બની જઇને મનની સાથે ઘટના ઘડવા લાગ્યો કે, ' આ હા ! ઓ ! આ શું ! હું આ સમે શું જોઉ છું ! આ મ્હે-લી ભયંકર ગુફા છે ! કે શું પહેલા પહાડની નીચેની તલેતીમાં આ-વેલો બાગ કે શું મારો રંગ મ્હેલ છે ! ખરેખર જોતા તો મારો આ રંગ મ્હેલ છે ! તે મ્હેલમાં હુ એકદમ કેમ દાખલ થવા પામ્યો તે કંઇ કળી શકાતું નથી. કરણુસીંહ કયાં ગયો ? કરણુસીંહનાં રખેવાળો કયાં ગુમ થઇ ગયા ? હું એકલો ! મારી પાસે કોઇ નહીં, અરેરે મને કાળના મુખમાં સોંપી દીધો ! હાય! તે કાલ હમણાં આ-વી મને ગળી જશે ! અરે અબધુત ! અરે મહાભુતની ! તે

આવી મારી દશા કરી? જો તારે આમ કરવું હતું તો પહેલાથી જ મારો પ્રાણ બચાવવો નહોતો, મને પૃથ્વીમાં સમાવવા દેવો હતો, પણ હાય ! તમે તો મહા વીશ્વાઘાત કર્યો છે.તમારો સ્વાર્થ પુર્ણ થયાથી તમે મારો ઘાટ ઘડવા માટે શત્રુના ઘરમાં મને મુકી ચાલી ગયા છો, તેથી શું તમારી બહાદુરી ગણાશે. તેથી શું તમારી કીર્તી ગવાશે, તેથી શું તમારી માન્યતા વધશે. અહો અભદ્ભુત ! તું પણ કળાધર જાદુગરના માથે ભાંગે તેવો નિકળયો છે. તું પણ કળાધર જાદુગરને વટલાવે તેવો તારી વીધામાં નિપુણ છે. ભલે મારા પ્રત્યે તારી જે ઇચ્છા હોય, તે પુર્ણ કરી લે, મારે તો એકવાર આ દેહનો ત્યાગ કરવાનો જ છે, અને તે એકવાર થશે, તો પછી તે માટે નિર્થક પશ્ચાતાપ કરવાથી શયો લાભ છે. આ દેહ ધારણ કર્યા પછી આ જગતમાં અનેક પ્રકારના દુઃખો સહન કરતો રહયો છું, અનેક પ્રકારનાં ઘા ઝીલી રહેલો છું, તો પછી આ ઘાની કોણ પરવા રાખે છે. આહા ! કેવી આફતો ! કેવી પ્રાણઘાતક ભયંકર આફતો ! શું હું આવી! રક્તભેદક આફતો ભોગવવા ને જ માટે સરજેલો છું. કહેતા મારી જીભમાં કાંટા ખુંચે છે, કહેતા મારા શરીરના કટકા થઇ જાયછે,શું કહુ ! શું ન કહુ ! શું રડું ! શું હશુ ? કોને કહુ ! કોને નિંદુ ! કોણ અપરાધી ! કોણ નિર અપરાધી ! આ માટે હુ કોને ઠપકો આપુ ! નહીં, નહીં, કોઇ ઠપકા પાત્ર નથી, કોઇ અપરાધી નથી. કોઇ

નીંદા પાત્ર નથી, હું જ અપરાધી છું હું જ ઠપકા પાત્ર છું, તો તે હુજ ભોગવું છું, શુ કહુ.

'દેહ ધરેકા દુખ યહી, દેહ દેહ કછું દેહ;
દેખ ખેહ હો જાયગી, ફીરકો ન કહેગો દેહ.

દુગ્ધામે દોનો ગઇ, ગઇ રીધી ઓર રામ
સ્વાર્થે પરમાર્થે કુચ્છ ન હુવા, આખીર ભય બદનામ
ના કછુ કરો, ન કર શકયો,ના કછુ કરને યોગ,
તુલસી આય સંસારમેં ભલે હસાયે લોગ.'

આ શબ્દો તેના અંતઃકરણની બહાર નીકલતાજ તેને મુર્છા આવી ગઇ, અને બે શુદ્ધ બની હોય ! હું આ કેવું ભયંકર સ્વપ્ન જોઉં છું, તે ભયંકર ચીસ નાખતાની સાથે તે નીચે તુટી પડયો. એટલામાં વાણી થઇ કે,

'સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથેરે ઘડીયાં,
ટાળ્યા તે કોઇના નવ ટળે, રઘુનાથના જડીયા.'

ભગવતસીંહ ભયથી ભયભીત બનેલા ભગવતસીંહ માટે એ કાયર ! તું જે ભયકર સ્વપ્નું જોઇ છે,તેવું ભયંકર નથી, પણ જાગૃત થા. જેને તમે એકવાર પ્રાણદાન આપી તારી રક્ષા કરેલ છે તે શું તારો નાશ કરવાને તત્પર થશે? જેને તેં તારા ગુરૂ સમાન ગણ્યો છે, તે ગુરૂની અગત્યતા ક્રતી, તેના પર અવીશ્વાસ રાખી તેના ઉપર આવો આરોપ મુકવો તે શું તારા જેવાને ઘટીત લાગે છે.

નક્કી જાણજે ! અબધુતે પોતાના સ્વાર્થ માટે કરણ-સીંહનું હરણ કરાવી, તારૂં રાજ તને પાછું અપાવ્યું નથી ! પણ ન્યાય, સત્ય અને નીચ કર્મો કરનારાઓના ગાત્રો ગાળી નાખવા માટેજ ! માટે સાવધ થા. તારા ક્ષત્રીપણાની ટેકને જાળવી રાખવા તારા ક્ષત્રીપણાની કીરતીને ચોટતા કાળા કલંકને દુર કરવા માટે, એકવાર તારા હાથમાં તારી તરવારને લે, અધમ અને પાપીમાં પાપી દુષ્ટોના રૂધીરની ધારા ચલાવવા તારા ક્ષત્રી બાહુબળને અજમાવ ! તારી તરવાર તને મદદ કરશે ! તારી તરવાર તારી જશના કરશે ! તારી મદદે સહાયભુત મહાસમર્થો ઉભા છે. તે સમર્થોના સમર્થને, એકવાર તારા શત્રુઓનો સંહાર કરતાં જોઇસ ! માટે કહું છું તે તું સાંભળ !

'હીંમત કીંમત હોય, હીંમત બીન કીંમત નહીં,
કરે ન આદર કોય રદ કાગળ જયું રાજીયા.
પામી ઉત્તમ હે જન્મ, સર્વાંગે પુર્ણ હોય જે,
ન જાણે નિજનું શ્રેય, આત્મઘાતક છેજ તે.'

આ વાણી સાંભળતાંજ ભગવતસીંહ તરત ઉભો થયો. અને તરવાર મ્યાનમાંથી ખેંચી હાથમાં લઇ, મનની સાથે ફરી-ને ઘટના ઘડવા લાગ્યો, અહાહા ! હું કેવો મુર્ખ છું ! અહાહા!

હું કેવો અજ્ઞાન છું ! અહાહા ! મારી વીચાર શકતી કેટલી બધી મંદ છે. તેનો દોષીત હું છું, તેનો અપરાધી હું છું, તેનો જવાબદાર હું છું, જેણે મારા ઉપર ઉપકાર કર્યો છે, તેનોજ હું તીરસ્કાર કરવા તૈયાર થયેલું છતાં તે કેવો દયાળુ છે ! છતાં તે કેવો ક્ષમાવંત છે. તેને તે માટે જરા પણ ક્રોધ નથી, તેને તે માટે જરા પણ અભાવ નથી, એ પુરૂષ કેવો હોવો જોઇએ ? તે પુરૂષ શું ન કરી શકે ? તેની ઈચ્છામાં આવે તે કરી શકે ! તે કોઇ મહાત્મા નથી, તે કોઇ મ્હાન પુરૂષ નથી, પણ તે કોઇ અદભુત વેશે દૈવી શકતી છે. જો તે દૈવી શકતી ન હોત તો, તો શું તે કળાધર જાદુગરના જબરા જાદુના ઝપાટામાંથી મને બચાવી શકત ? જો તે દૈવી શકતી નહોત તો શું તે ગુફામાં મહાભુતનીને વશ કરી શકત ? જો તેનામાં દૈવી શકતી ન હોત તો શું તે કરણસીંહને અધર ઉડાવી લઇ શકત ? જો તેનામાં દૈવી શકતી ન હોત તો શું તે મને મારૂં રાજ સ્વાધીન કરી શકત ? જો તેનામાં દૈવી શકતી ન હોત તો શું તે મને આ સમે સાવચેત કરી શકત ! નહીં, નહીં, તે ખરેખર દૈવી શક્તી છે ! તે પુજ્ય છે, તે શ્રેયદાતા છે, તે જગતના કલ્યાણ અર્થેજ ઉત્પન્ન થયેલી હોય એમ હું માનું છું. અહાહા ! મારા આવા કટાકટીને સમે મારા જેવા એક નિરભાગીને સહાયભુત થઇ પડી છે. તો પછી હું શા માટે મારી તરવારનો સદઉપયોગ ન કરૂં. નીર્દોષોનો ભોગ લેનારાઓ, ભોળાઓને ભર-

માવી પોતાનું નિચ કર્મ કરનારાઓનો નાશ કરવાનો જે સમય મને મળ્યો છે તે સમયને હું શા માટે જવા દઉં ! સત્યમાંજ જય છે ! સત્યમાંજ સાર છે. સત્યથીજ દૈવી શકતી સહાય થાય છે. સત્યથીજ સીદ્ધિ રીદ્ધી પ્રાપ્ત થાય છે. સત્યથીજ આ સંસાર રૂપી સાગરને તરી સકાય છે. અન્યાયીઓને શીક્ષા કરવી એજ મારો ધર્મ છે તે ધર્મને અનુસરીને મારે વર્તવુંજ જોઇએ.

એટલું કહી તે ઝટ મહેલની નીચે ઉતર્યો, અને મ્હેલના રક્ષકોને બોલાવીને કહ્યું કે, ‘ અહો અનુચરો ! તમારા દુષ્ટ પતિને રાજથી ભ્રષ્ટ કરવામાં આવ્યો છે, માટે તમારા હથ્યારને નીચે મુકી મને શરણે આવો, અગર જો તમે મારી આજ્ઞાનો ભંગ કરી મારી સામે ઉંચી નજર કરીને જોશો તો એક ક્ષણમાં તમારો નાશ કરવાને આ મારી તરવાર સમર્થ છે.’

તે રક્ષકોએ પોતાની તરવારો ખેંચીને ભગવતસીંહની ઉપર ધસી જઇને કહયું કે, ‘ એ નીચ ! તને એકવાર જતો મેલ્યો છે, તને એકવાર ક્ષમા બક્ષી છે, તો પછી ફરીને તારા પ્રાણનો નાશ કરાવવાને કેમ ઉન્મદ બન્યો છે ! જા ! જા ! હજી અમે તને જીવતો જવા દઇએ છેયે. પણ જો તારા બંધુના સન્યાપતિને આ ખબર પડશે તો તે તારી જીવતા ચામડી ઉતાર્યા વગર રહેશે નહી.’

ભગવતસીંહને હાડ હાડ વ્યાપી જવાથી, ભગવતસીંહ સીંહની પેઠે ગર્જના કરતો તે રક્ષકોની ઉપર તુટી પડયો. અને બકરાઓની પેઠે કાપતો કાપતો આગળ ચાલ્યો. આ ભયંકર કાપા કાપી જોનારાઓ ભય પામી પોતાના ઘરમાં સંતાઇ જવા લાગ્યા. અને આખા વીરપુરમાં ભય ત્રાસ વર્તાઇ ગયો. ભગવતસીંહના ભાઇ કરણસીંહનો બુઢો સૈન્યાપતિ લશ્કર લઇને ભગવતસીંહની સામે ધસી આવ્યો. અને બેની વચ્ચે દારૂણ યુદ્ધ મચ્યું. ભગવતસીંહની તરવારે એક ક્ષણમાં સર્વેને યમપુરીમાં પહોંચાડી દીધા. વીરપુર લોહી અને માસથી ભરાઇ ગયું, અને તે લોહી માસથી; તૃપ્ત થવાને અનેક ભયંકર પ્રાણીઓ તુટી પડયા.

જેના વસ્રો, લોહીથી રંગાઇ ગયેલા છે, જેનું શરીર લોહીથી ભીંજાઇ ગયું છે, જેની આંખોમાંથી અગ્ની ઝરી રહેલોછે, જેની તરવાર ચમકી રહેલી છે, એવો ભગવતસીંહ પોતાના શત્રુનાં બળનો નાશ કરતો શહેરના દરવાજાની બાહાર આવ્યો.

દરવાજાની બ્હારના મેદાનમાં એક રણસ્થંભ રોપેલો હતો, જેની ઉપર કરણસીંહને લટકાવેલો હતો. તેની પાસે જઇને ઉભો. તે જોતાજ તેના હાથ તેનું શરીર ઉછળવા લાગ્યું.

એટલામાં મહાભુતની મહાભયંકર સ્વરૂપ ધારણ કરીને ભગવતસીંહની સમીપ આવી ઉભી. અને કહયું કે, ' અહો

ભગવતસીંહ! જોય છે શું? વીચાર શું કરે છે? આ તારા દુષ્ટ બંધુને ઝટ છેદી નાખ! આ મહા નીચ છે! એ ક્ષત્રી નથી! જો તે ક્ષત્રી હત તો શું તે જાદુગરની કબુલાત કબુલ કરત? જો તે ખરો ક્ષત્રી હતતો, તો શું તે જાદુગરના બળનો ઉપ્યોગ કરત! જો તે ખરો ક્ષત્રી હતતો, તો શું પોતાના કુટુંબનો, પોતાના બંધુનો નાશ કરવાને સમર્થ બનત? માટે તે ખરો ક્ષત્રી નથી. તે ક્ષત્રીની જાતને વગોવનારો છે! તેનો તું નાશ કર! તેને જીવતો રાખવાથી તે કંઇક નો નાશ કરશે! તે કંઇકને રંજાડશે! તે કંઇકની મર્યાદા લુટશે! તેનો અંશ દુષ્ટનો છે, અવીચારીનો છે, અધર્મીનો છે! તે અધર્મીની, ને અવીચારીની આંખ ઉઘાડવા માટે તારા બંધુનો નાશ કર, ધીલ નહી કર! તેના નીચ કર્મોથી સુર્ય પણ ઝાંખો પડી ગયો છે! તેના મહા પાપોનો પડછાયો પડવાથી આકાશ નો રંગ બદલાઇ ગયો છે તે તું જો. તેના મહાપાપના ભારથી પ્રથ્વી પણ કંપી ઉઠી છે, તેમાંથી સર્વને મુક્ત કરવા માટે તારા બંધુ રૂપી શત્રુનો નાશ કર. તને ઇશ્વર સહાય કરશે! એમાં તું પાપ ગણીશમાં! એને તું જીવતો જમશાજીમાં, પણ મરેલોજ સમજજે. તું આ કાર્ય કરવાને માટે સરજ્યો છે તે તું કાર્ય કરવાને સમર્થ થા, સચેત થા. આવેશમાં આવેલા ભગવતસીંહે તરત રણુસ્થંભ ઉપર ચઢી જઇ પોતાના ભાઇનું મસ્તક છેદી નાખ્યું. ધડથી છુટું પડેલું મસ્તક ઉછળતું ઉછ-

જાતું એક ક્ષણવારમાં ક્યાં ગુમ થઇ ગયું તે ભગવતસીંહ જાણી શક્યો નહીં.

ભગવતસીંહને લઇને મહાભુતની મહેલમાં આવી, અને ભગવતસીંહને સીંહાસન ઉપર બેસાડીને કહ્યું કે, 'હવે તું શાંત થા! શાંતરૂપ ધારણ કર! મર્યાદા રૂપ વસ્રો ધારણ કરીને તારી પ્રજાને ધીરજ આપી, તારી પ્રજાના મનમાં પેઠેલા ભયને દુર કર. લોહી માસથી ભરાઇ ગયેલા નગરને સ્વચ્છ કરાવી તારી સત્તાને સ્થાપ. હવે હું જઇશ.' એટલું કહી તે મહાભુતની અલોપ થઇ ગઇ.

આ રણસ્થંભની ભયંકર ગર્જનાથી પૃથ્વી ડોલવા લાગી. સર્વત્ર અંધકાર વ્યાપી ગયો. અને ચારે દીશાઓ ભયંકર સ્વરૂપ ધારણ કરી ડોકીઆ કરવા લાગીઓ.

મધ્યાન થતાજ કળાધર જાદુગર કાળસ્વરૂપ ધારણ કરીને તે મસ્તકની સાથે મ્હોટી ભયંકર ફોજ લઇને તે રણસ્થંભની આગળ આવીને ઉભો.

કળાધરના હુકમથી તે લશકરે આ વીરપુરને ઘેરી લીધું, અને વીરપુરની ઉપર તોપોનો મારો ચલાગ્યો.

પ્રીય વાંચક! કળાધર પોતાની સાથે જે ભયંકર ફોજ લાગ્યો હતો, તે ફોજ કનકાવતી નગરીના રાજાની હતી. તે રાજા કળાધરના જાદુથી બહુ ડરતો હતો. તેથી તેણે

પોતાની ફોજને કળાધરની મરજી મુજબ વર્તવાને આપી હતી.

કળાધર જાદુગરના હુકમથી કનાવતીના લશ્કરે વીરપુર ઉપર જબરો તોપોનો મારો ચલાવ્યો પણ તે મારાથી વીરપુરને જરા પણ હાની ન થઇ તેનું કારણ શું તે વાચક ! તુંજ સમજી લેજે.

રણુસ્થંભ ઉપરથી કરણુસીંહના ધડને ઉતારવાને કળાધર જાદુગરે પોતાની જાદુઇ વીધ્યાના બળનો બહુ પ્રયોગ કરી જોયો, પણ તેના તે પ્રયોગમાં તે સંપુર્ણ રીતે ફાવી શકયો નહીં.

વીરપુર ઉપર જબરો તોપનો મારો ચાલુ થઇ રહયો છે, છતાં વીરપુરના કીલ્લામાંથી એક કાંકરી પણ ચસકતી નથી. તે જોઇ કળાધરનું લશ્કર વીસ્મય પામી ગયું.

જેણે કેસરીઆ રંગના વસ્ત્રો ધારણ કરેલા છે, જેનો ઘોડો કેસરી રંગથી રંગવામાં આવેલો છે. જેના ભાલા ઉપર કેસરી રંગ ચઢાવેલો છે, એવો ભગવતસીંહ જય શકતી ! જય શકતી ! તારો સર્વ જય થાઓ ! તારા બળથી અધમોનો નાશ થાઓ ! તારા પરાક્રમથી પુથ્વી ઉપરનો ભાર ઓછો થાઓ ! આવી રીતે લલકારતો અને શત્રુઓના હાડ ગાત્રો ગાળતો ભાળતો કળાધરનીજબરી ફોજની અંદર પેઠો.

ભગવતસીંહને ફોજનો સંહાર કરતો જોઇ કળાધર જા-

ડુંગર ભગવતસીંહની સામે આવી ઉભો. અને અપશબ્દોથી ભગવતસીંની છાતી વીંધવા લાગ્યો કે, "એ કમબખ્ત! સબુર કર! તારી તરવારને મ્યાન કર! બકરાઓને કાપવામાં શું તારૂં પરાક્રમ સમજે છે! શું તારી કીર્તી સમજે છે! પહાડ સરખા ઉભેલા પ્રચંડ યોદ્ધાની સાથે તારા પરાક્રમને અજમાવ! તું જાણતો નથી હું કોણ છું! તું મને ઓળખતો નથી, હું કેવો મહા સમર્થ છું! મારી સમર્થ સત્તા આગળ તું એક તૃણ સમાન છે! તે તૃણને કાપતા કેટલીવાર! તે તૃણને અગ્નીને સ્વાધીન કરતાં કેટલી ધીલ! મહાન રાજાઓને વશ કરનાર આ કળાધર જાદુગરને તું કેમ ભુલી ગયો! તે મારી મર્યાદા લુટી છે! તે કુતરાને, હું હવે કેમ જીવતો જવા દઇશ! તેતો તારા ભાઇનું મસ્તક છેદયું છે, પણ પારકા બળ ઉપર જીવન ગાળનાર તારૂં મસ્તક ન છેદતાં તને લોખંડના ઝેરી અણીયાળા ખીલ્લાવાળી પેટીમાં પુરી તને રીબાવી રીબાવીને મારીશ! હજી હું તને કહુંછું, સમશ્યામાં સમજાવું છું, જો તારા પ્રાણની ખેવના રાખતો હો તો તારી તરવારને નીચે ફેંકી દઇ મારે શરણે આવીશ તો હું તારા સર્વે અપરાધને ક્ષમા કરીશ, જો તું નહીં સમજીસ તો હું તારી નજર સમક્ષ આ તારા વીરપુરને બાળી ભસ્મ કરી નાખીશ અને પછી તને તારા કૃત્ય બદલ શીક્ષા કરવાને તત્પર થઇશ.'

કળાધરના મસ્તક ઉપર તરવાર મુકીને કહયું કે,

તારામાં કેટલીક સત્તા છે, તે સત્તાથી 'તારા મસ્તક ઉપર મુકવામાં આવેલી મારી તરવારનો નાશ કર, અને પછી મારો નાશ કરવાને તત્પર થજે,' પોતાના મસ્તક ઉપર મુકવામાં આવેલી તરવારનો નાશ કરવા માટે કળાધરે પોતાના બળને, જાદુઇ વિધાને, બહુ અજમાવી જોયા, પણ પોતાના મસ્તક ઉપરથી ભગવત સાંહની તરવારનો નાશ કરી શક્યો નહીં, તે જોઇને ભગવત સાંહે કહ્યું કે, 'ઓ દુરાત્મા ! જગતકર્ત્તાના કાયદાનો ભંગ કરી, તારી દુષ્ટવાસનાઓ પુર્ણ કરવા માટે, તારી જાદુઇ વીધાના બળથી તારી સત્તા ચલાવીને, આ ભુમિ ઉપર કાળોકેર વર્તાવી મુક્યો છે. તે તારા ભયંકર ત્રાસથી ત્રાય ત્રાય પોકારી રહેલા અસંખ્ય જીવોની દીનવાણી સાંભળીને, તે જીવોને, તારા ત્રાસમાંથી મુક્ત કરવા માટે તે જગતકર્ત્તાએ એક અલૈકીક શક્તીને ઉત્પન્ન કરેલી છે, તે શક્તીની સહાયતાથી મેં આ તરવાર તારા મસ્તક ઉપર મુકી છે.'

કળાધર—ઓ મુર્ખા ! આ જગતનો કોઇ કર્તા નથી, અને કદાચ તું માનતો હો, અને તે તારી માન્યતાથી તારી તરવારને મારા મસ્તક ઉપર રાખી મને ભય બતાવે છે. તે તારી શક્તીથી તું શું કરી શકે છે, તેજ માત્ર જોવા સારૂં તારી તરવારનો નાશ કરતો નથી, તું કેવળ અજ્ઞાન છે, તેથી તું તારૂં સ્વરૂપ ઓળખી શકતો નથી, તો પછી તું બીજાનું સ્વરૂપ શું જાણી શકવાનો હતો. જો તું તે

જાણી શકવાનું જ્ઞાન ધરાવતો હત તો, આ જગતનો કર્તા છે, એમ તું કદી પણ મને કહેત નહીં. હમણાં તારી શક્તિનો, અને તેના સાથે તારો પણ નાશ કરીશ. જોઉં છું કે, તારો જગત કર્તા અને તેને ઉત્પન્ન કરેલી શક્તિ મને શું કરે છે.

ભગવતસીંહ—ઓ દુરાત્મા ! જગતકર્તા નથી, એમ કહેનાર તું ખરેખર મનુષ્ય નથી પણ કોઇ પીશાચ છે. તારો આત્મા દુષ્ટ વાસનાઓમાં વિટલાઇ ગયેલો હોવાથી જગત કર્તાને ભુલી જઇ પોતે નાસ્તિક બની બેઠો છે. તે દુષ્ટવાસનાઓને જ્યાં સુધી તારો આત્મા ત્યાગ કરશે નહિં ત્યાં સુધી તારા આત્માને થયેલા ખોટા ગર્વનો નાશ થનાર નથી. તારાજ જેવા બીજા આત્માઓ હું કોણછું, મારૂં કર્તવ્ય શું છે, મારે વારંવાર કર્માધારી જીવોની સાથે સા માટે જન્મ લેવો પડે છે, તેનો વિચાર નથી કરતા, તો તે આત્માઓ અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ થાયછે, તેનું મુળ કારણ તેની દુષ્ટ વાસનાઓ છે, આ જગતની અંદર જે જે વસ્તુઓ ઉત્પન્ન થયેલી છે તે તે વસ્તુઓ અંદરથી ખોટી હોય, ઉપરથી મોહક અને સુંદર હોય, તેનો વિચાર ન કરતાં, તે વસ્તુ પ્રાપ્ત કરવા માટેની જે વાસના તેને થાય છે, અને તે વાસના તેને દુઃખોની અને પાપોની ગુફામાં ઘસડી જવાનો પ્રયત્ન કરેછે, છતાં તે આત્મા તે નાંશવંત વસ્તુનો ત્યાગ કરી શકતો નથી, તેથી તે આત્મા ગર્વીષ્ટ બની જઇ પોતાનું કર્તવ્ય ભુલી જાય છે, જો તે આત્મા પર-

આત્માનું ધ્યાન ધરી, પરમાત્માને પ્રાર્થના કરે કે, 'મારી બુદ્ધિને ભ્રષ્ટ કરનારો એવી વસ્તુનો નાશ કરો ! નામ અને કીર્તી મેળવવાના આવતા ખોટા સ્વપ્નાનો નાશ કરો ! જે જે વસ્તુ સ્વામીપણાનું અભિમાન ઉત્પન્ન કરાવેછે તે વસ્તુનો નાશ કરો. અર્થાત્ ! આ આત્માને આ નાશવંત જગતમાં ફરી ફરીને જન્મ આપનારી સર્વ વસ્તુનો નાશ કરો ! તો શું તે જગતનકર્તા પોતાના આત્માની ઇચ્છા પૂર્ણ નહીં કરશે.

અફસોસ ! આ જગતમાં જે જુલમગારો ઉત્પન્ન થઇ પોતાનો ત્રાસ વર્તાવી રહેલા છે તે જુલમગારો એવું માની બેઠા છે કે, અમારાથીજ સઘળાઓની ઉત્પતિ થાય છે, અને અમારામાંજ સઘળા લય પામે છે, અમે તે અદ્વિતીય બ્રહ્મ છેયે, અને ન્હાનાથી ન્હાના છેયે. સ્થુલથી સ્થુલ છેયે. સર્વ ચમત્કારીક જગત તે અમે છેયે, અમેજ પુરાતન, અમેજ ઇશ્વર, પ્રકાશ અને આનંદ તે પણ અમે છેયે, પુન અને પાપની અમને ધાસ્તી નથી, અમારો નાશ થતો નથી, જન્મ. શરીર, કલ્પના, બુધ્ધિ એની સાથે અમારો સંબંધ નથી, પૃથ્વી, અગ્નિ, તેજ, વાયુ અને આકાશ એનાથી પણ અમે બહુ દુર છેયે. એવી રીતે માનનારાઓમાંનો એક તું છે. પણ તેનું પરિણામ કેવું આવશે તેનું તું પ્રત્યક્ષ જોઇશ નહીં ત્યાં સુધી તારા આત્માના ગર્વનો નાશ થનાર નથી.

'જા ! પાપી સ્ત્રી ! એક ઝટકાની સાથે તારા મસ્તકને

ઉરાડી નાખીશ ! પણ તારા મસ્તકને ઉરાડવાનો હજી ઘણો લાંબો સમય છે, તેથો તારા મસ્તક ઉપરથી મારી તરવારને પાછી ખેંચી લઇને આ સમે હું તને જીવતદાન આપું છું, તે જીવતદાન લઇને તારે રસ્તે પડ. અગર તારે રસ્તે ન પડવું હોય તો તારાથી થાય તે કરી લેજે.'

એટલું કહેતાની સાથેજ ભગવતસીંહ કનકાવતીના લશ્કરની ઉપર ધસી ગયો, તે જોઇ કળાધર ભગવતસીંહની ઉપર દોડયો.

ભગવતસીંહતો ઘાસની પેઠે લશ્કરને કાપવા લાગ્યો. પણ કળાધરના ઝપાટામાં ભગવતસીંહ ન અડવાથી કળાધર કાયર બની ગયો, પણ જ્યારે મહાભુતની ભયંકર સ્વરૂપ ધારણ કરીને કળાધરની ઉપર ધસી, તે જોઇ કળાધર ત્રાસ પામી જઇ, પોતાને હાથે કરણસીંહના મસ્તકને ઉપાડી મહાભુતનીની તરવારની અણી ઉપર ફેંકી દીધું, તે મહાભુતનીએ જીલી લઇને સર્વ લશ્કરની સમક્ષ ભક્ષ કરી ગઇ. આ ભયંકર પ્રકાર જોતાજ કળાધર અને તેની પુંઠે પડીને લશ્કર પોતાના પ્રાણ બચાવવા માટે ન્હાસવા લાગ્યું. પણ તે મહાભુતનીએ તમામ લશ્કરની કતલ કરી પૃથ્વીને લોહી અને માસથી ઢાંકી નાખી.

મહાભુતનીએ મહાભયંકર ગર્જના કરીને ભગવતસીંહને કહયું કે, ' ઓ ભગવતસીંહ ! ઓ વીરલા પુરૂષ ! શાંત થઇ કેમ

ઉભો ! જે હજી કામ કરવાનું છે તે કામ કર્યા વગર કળાધર જાદુગર, અને તેને મદદ કરનારા ખળ રાજાઓની આંખ ઉઘડનાર નથી. માટે કનકાવતી ઉપર તારી નજરને ફેંક ! તે તરફ તારા ઘોડાને છોડી દે ! અને કનકાવતીના તમામ લશ્કરનો નાશ કરી, તેના રાજાને કેદ કરી, તારા નામને અમર કરી લે. પછી જોઉંછું કે, કળાધર જાદુગર કનકાવતી નગરીમાં પોતાનું રાજ કેમ ચલાવે છે, નીર્દોષ બાળાઓની મર્યાદા કેમ લુટે છે ! પોતાનું જાદુ તંત્ર કેમ ચલાવે છે ! જા ! સત્વર જા ! તારૂં કાર્ય સીદ્ધ કર ! કનકાવતીને બાળી ભસ્મ કરી નાખ ! તેના દુષ્ટ કારભારીઓને પકડી છેદી નાખ ! જા મારી રજા છે! જા ! મારી તને સહાયતા છે ! જા ! જસ રંગ જમાવ ! એટલું કહેતાની સાથે તે મહાભુતની અલોપ થઇ ગઇ.

જેમ અગ્નીમાં લોહ નાખવાથી તપી જાય છે, તેમ મહાભુતનીના શબ્દોથી ભગવતસીંહ તપી જઇને પોતાના ઘોડાને એકદમ કનકાવતી નગરી તરફ છોડી દીધો.

કનકાવતી નગરીમાં પ્રવેશ કરતાની સાથે તેણે પોતાની ભયંકર રૂપ ભવાનીને ભોગ આપવાને વાર લગાડી નહીં. જે જે મોરચાઓ સામે આવતા ગયા તેનો નાશ કરતો તે કનકાવતીના રાજાના મ્હેલમાંજ પહોંચ્યો, અને કનકાવતીના રાજાને કેદ કરી લઇને કનકાવતીને સળગાવી મુકી.

કનકાવતીને સળગતી જોઇ કનકાવતીની પ્રજા ત્રાસ પામી પોતાનો માલ ખજાનો મુકી જીવ લઇને નાઠી.

કનકાવતીને સળગતી રહેવા દઇ, કનકાવતીના રાજાને કેદ કરી ભગવતસીંહ વીરપુરમાં દાખલ થયો. પણ જે રણસ્થંભ ઉપર કરણસીંહનું ધડ લટકી રહેલું છે તે હજી સુધી અગ્નીસંસ્કાર ભેગું થયું નથી. તેનું કારણ પ્રિય વાંચક ! હવે પછી તારા જાણવામાં આવશે.

જેમ હનુમાને લંકાને સળગાવી મુકી હતી, તેમ ભગવતસીંહે પણ પોતાના પરાક્રમનો અને શકતીનો અદ્ભુત ચમત્કાર બતાવી અનીતિમાન, ધર્મ રહીત થઇ અનર્થ કાર્યો કરનારા, અને સર્વને દુખ રૂપી થઇ પડેલા મહા દુષ્ટાચારી રાજાઓના, હાડ ગાત્રો ગાળી નાખવા માટે, કનકાવતીને સળગાવી મુકવાથી, કનકાવતીની સકલ પ્રજા ભયત્રાસ પામતી પોતાનાં રાજાને ફીટકારતી, ઉંડા નીશ્વાસ નાખી આંખમાંથી બોર બોર જેવડાં આંસુઓ પાડતી, પોતાના બાલબચ્ચાઓનાં પ્રાણુ બચાવવા માટે, જ્યાં ત્યાં ન્હાસભાગ કરવાથી સર્વત્ર જબરો ભયત્રાસ વર્તાઇ રહયો હતો.

આ ભયંકર ત્રાસ સર્વત્ર પસરી જવાથી, કનકાવતીની આસપાસ વસેલા ન્હાનાં મ્હોટાં ગામડાઓનાં લોકો ભયભીત

બની જઇ, પોતાનાં જર જોખમની તલભાર પણ પરવા ન કરતાં પોતાનાં ગામડાઓને નવગજનાં નમસ્કાર કરીને, સત્ય રાજાઓના પ્રદેશની હદમાં જઇ વસવાની દોડાદોડ કરી મુકવાથી કનકાવતીનો આખો પ્રદેશ ઉજડ થઇ ગયો.

એક બાજુ કનકાવતી આગથી બળી રહી છે, બીજી બાજુથી વીરપુરની ભાગોળે રોપવામાં આવેલા રણસ્થંભની આગળ કનકસેનને બાંધીને ભગવતસીંહના અનુચરો ઉભા છે. તે અબધુતે જોઇને કનકસેનને કહ્યું કે, 'ક્ષત્રી વંશને કલંકીત કરનાર દુરાત્મા! તું ક્ષત્રી સીંહ નથી, પણ ક્ષત્રી સીંહના કુળમાં અંગારા રૂપે ઉત્પન્ન થયેલો દુષ્ટરાજા છે. તે તારા પુર્વજોને રૈં રૈં નર્કમાં નાખવા જેવા કૃત્યો કર્યા છે, તે કૃત્યો બદલ તને શક્ષા ભોગવવી પડશે. આ શીક્ષા જગત કર્તાની છે, તે શીક્ષા ભોગવવા માટે તને વારંવાર આ જગતમાં, અનેક યોનીઓમાં અવતાર લેવો પડશે છતાં તારી મુકતી થનાર નથી, એવું તે ઘોરકર્મ કરેલું છે. આ જગતમાં તું મહા દુષ્ટ, મહા પાપી, મહા ભયંકર કૃત્યો કરનાર રાક્ષસ કહેવાઇશ, તે તારૂં ખરૂં સત્યસ્વરૂપ બદલી નાખીને, મહાક્રૂર સ્વરૂપ ધારણ કરવાથી તારી પ્રજા ત્રાસ ત્રાસ પોકારી રહી છે, તારા પાપનો ભોગ, તારી નીર્દોષ પ્રજાને ભોગવવો પડયો છે. તારી પ્રજાના શાપથી તારૂં કોઇ પણ સ્થાનમાં કલ્યાણ થનાર નથી. તે

તારા હાથે તારા પગો કાપી નાખ્યાં છે, તે તારા હાથે તારા સત્યનો નાશ કર્યો છે. તે શું કર્યું નથી ? તારી દુષ્ટ ઇચ્છા પુર્ણ કરવા માટે, નહીં કરવાનું તેં કર્યું છે. જો! બરાબર જો ! તારૂં મહા પાપ તને શું બતાવે છે? જો! પાપી જો! તારા મહા ભયંકર ઘોર કર્મો તને શું બતાવે છે। તે તું જો તારી પાપી આંખથી બરાબર જો ! તારી કનકાવતીની શી દશા થઇ છે. તારી પ્રજાની શી દશા થઇ છે, તે દશા તરફ તારી પાપી આંખને ફેંક! આવા તારા ઘોર કર્મોનું ફળ તું ભોગવે છે કે, તને મદદ કરનાર પહેલો દુષ્ટ જાદુગર કળાધર ભોગવે છે ? અરે ઓ નીચ। તારી રાજનીતિ, તારી ધર્મ નીતિ, અને તારા પુર્વજોનાં પરાક્રમો તરફ નજર ન કરતાં, કામાંધ બનીને એક જાદુગરના તેજમાં અંજાઇ ગયો, તેને આધીન થઇ તેનો ગુલામ બની ગયો, ધીક્કાર છે તને, ધીક્કાર છે તારા રાજ ધર્મને! ધીક્કાર છે તારી ક્ષત્રી જાતને। તારા કરતાં કાંટામાં ઉગેલાં ફુલોમાં વધારે ગુણ હોય છે, તારા કરતાં વનમાં રહેનારા અજ્ઞાન માણસો અને પક્ષીઓમાં પણ વધારે ગુણ હોય છે. પણ તારા જેવાં કહેવાતાં રાજાઓમાં તેવો ગુણ નથી હોતો એજ મહાદુખનું કારણ છે. તારા કુકર્મોની કંઇ શીમા છે, તારા માથા ઉપર જેટલાં બાળ છે, તેટલાંજ તારા દુસ્મનો છે, તે દુસ્મનોને તું જેવા તેવા સમજીશમાં, તે દુશમનો તારા કળાધરથી કે તેના જાદુથી બીનારા નથી, ક્યાં છે તારો

સલાહકાર ! ક્યાંછે તારો નાસ્તિક મદદગાર! કેમ તારી સાથે આવી, તારી બળતી નગરીને ઓળવી, તને બચાવી શકયો નહીં. આવું ઘોર કર્મ કરવાથી કોના સુખનો, કોના વૈભવનો, કોની સંપતી, કોની સંતતીનો નાશ થયોછે તેનો તું વીચાર કર ! તારી નગરીનાં નાશ સાથે તારો પણ હમણા નાશ થશે, તેનો પણ તું વિચાર કર, ઓ પાપી ! ઓ નીશાચર તેનો તું વીચાર કર !

કનકસેન—ઓ પાષાણ પુજક ! આ જગતકર્તાની હસ્તીને, પુણ્ય અને પાપને માનનારાઓને વિચાર કરવાનો છે, પણ પોતાનો નાશ નથી એમ માનનારાઓને કંઇ પણ વિ-ચાર કરવાનો નથી.

અબધુત—ખરેખર તું અને તારો સહાયક કેવળ વિષય વાસના તૃપ્ત કરવા માટે નાસ્તિક બની જગતકર્તાની હસ્તીને સ્વીકારતાં નથી. પણ જ્યારે તે કાલનો મહાકાલ તમા રા નાસ્તિકપણાનો નાશ કરવાને તમારી સમીપ આવી ઉભો ર હેશે ત્યારેજ તમે જગતકર્તાની હસ્તીને કબુલ કરશો. તે વખતે તમને તમારા પાપની જ્વાળા બાળી નાખશે. ઓ મુંઢ મતી ! હું કહું છું તે તું સાંભળ, અને ત્યાર પછી તારે જે વીચાર કરવો હોય તે કરજે.

'શુણુ મુંઢ મતિ, શા માટે મુઝાય વિષય સુખમાંહી,
સુખ લેશ નથી, અંત સમયે એ સરવે છે દુખદાઇ.

તું દેખ વિચારી એ ક્યાંથી થયું,
વળી વણસે ત્યારે ક્યાંજ ગયું;
જો કોણની પાસે અખંડ રહ્યું,
જેમ મરૂસ્થલમાં સરીતા દરશે,
જેમ દર્પણમાં, પ્રતિબીંબ દીશે,
નથી વાસ્તવ પણ તુજને ભાસે.
જેમ મર્કટ ગુંજ વીણી લાવે,
કરી પુંજ ફુકથી સળગાવે;
પણ ટાઢ રતી ભર નવ જાયે.' સુણ.

અબધુતની આ વાણી સાંભળતાજ કનકસેન કાંપવા લાગ્યો, અને મીણના પુતળાની પેઠે સજડ થઇ ગયો. કમળપત્ર પરથી જળબીંદુને ખરી જતાં કેટલીવાર? સાગરનાં ઉછલી રહેલાં મોજા સાથે, નાજુક નૌકા કેટલી વાર ટકી શકે? મુશળધાર મેઘ વૃષ્ટિ આગળ કોમળ લતીકાઓ ક્યાં સુધી ટકાર રહી શકે? ગ્રિષ્મ રૂતુના સખત તાપ આગળ જળમાંથી બહાર કાઢવામાં આવેલું માછલું કેટલો વખત જીવી શકે? તેમ કનકસેનને થોડા સમયને માટે ઉત્પન્ન થયેલું નાસ્તિકપણું થોડાજ સમયમાં અલોપ થઇ જવાથી ઇશ્વરનું સ્મર્ણ કરવાની વૃત્તિ તેના રહૃયમાં જાગૃત થવાથી તે કહેવા લાગ્યો કે, 'સ્ત્રીના સુસ્વરૂપ ઉપર મોહીત પડેલાં મનુષ્યો શું નથી કરી શકતાં? વાસ્તવિક રીતે

જોતાં રૂપ મુગ્ધ મનુષ્યો અંધ બનેછે. જેમ દિપક સાથે પતંગ નો જેવો સંબંધ છે તેમ મનુષ્યના મનરૂપી પતંગનો પણ સ્ત્રી ની સુંદરતા રૂપી–દીપક–પ્રકાશનો પણ તેવોજ સંબંધ છે. પ્રકાશ જોઇ પતંગ જેમ તેમાં પડવા ઇચ્છે છે. તેજ પ્રમાણે સુંદરતા જોઇ, મુગ્ધ થયેલા મુર્ખ પુરૂષોનું મન પણ તેના તરફ દોડે છે. પ્રજવલીત દિપ શીખામાં પડી પતંગો જે પ્રમાણે પ્રાણ ગુમાવે છે તેજ પ્રમાણે સુંદર સુંદરીની સુંદરતા રૂપ શીખામાં મન પણ બલીને ભસ્મ થાય છે, ભેદ માત્ર એટલોજ છે કે દીપ શીખામાં પડી, પતંગ પોતાની બાકી રહેલી જીવન લીલા સમાપ્ત કરે છે ત્યારે મનુષ્ય રૂપ પતંગ જીવન ધારણ કરવા છતાં મૃત્યુ પામેલાની પેઠેજ ભ્રમિત બની જાય છે. કલાધરની અને મારી પણ તેવી ગતિઓ થઇ છે, તે પતંગ છે, અને તેની પાસે જે અનેક સ્ત્રીઓ છે તે દીપક છે. તે વિચાર હીન થઇ સ્ત્રીના રૂપ શીખામાં પડી સાધુર્યની ઉશ્ણ જવાળામાં પડીને રૂપાન્ધ બન્યો છે, એ દિપ શિખામાં બલી ભસ્મ થઇ ગયા વગર રહેનાર નથી.

ખરેખર રીતે જોતાં તો આ જગતમાં સ્ત્રી એ એક વિષધર નાગણી છે, તેના વિષનો સ્પર્શ જેને થાય છે તે ઝેરને ઉતારવા માટે જો તેની પાસે વિચાર રૂપ ઓશડી નથી, તો તે આ જગતનો કટો દુશ્મન થઇ, પોતાનો અને પોતાની સાથે સંબંધ ધરાવનારાઓના સુખનો, વૈભવનો, ધર્મનો નાશ કરે છે. તેવીજ રીતે મને પણ સ્ત્રીઓની સુંદરતાનું ઝેર ચઢી જવાથી

હું આ દશાને પ્રાપ્ત થયોછું. વાંચક! સર્પ જ્યારે માણસને કરડે છે ત્યારે તેનું ઝેર એકદમ માથાં સુધી ચઢી જાય છે, અને જો ક્ષણવારમાં ડંશ થયો હોય છે, તે ઠેકાણે પાછું ઉતરી આવે છે, અને ત્યારે તેનું જોર એકદમ વધે છે, ત્યારે તે વખતે તે પ્રાણ લેવાની શક્તિનો ગુણ બતાવે છે. તેનીજ પેઠે સ્ત્રીઓની સુંદરતાનું ઝેર તેવુ જ કાર્ય કરવાનો ગુણ બતાવે છે, માટે સ્ત્રીઓની નાજુકાઇ ઉપર લોભાઇ જઇ તમે કદી પણ તેના ઝેરનો સ્પર્શ કરશો નહીં! એ હલાહલ ઝેર છે! મારા જેવા કેટલાક કામાંધ માણસોએ કેવી ખરાબ દશામાં પ્રાણ ગુમાવ્યા હશે? તેનો વિચાર કરજો! સ્ત્રીનું રૂપ એ ખરેખરૂં વીષ છે, તે ખરેખરૂં ઝેર છે! પહાડોમાંથી મળી આવતું ઝેર ખાવાથી કોઇક પણ માણસ બચી શકે છે, અને તે ઝેર ઉતારનારી કોઇક પણ ઐાષધી મળી આવે છે, પણ સ્ત્રીનું સુંદરતા રૂપ ઝેર પીવાથી કાંઇ પણ બની શકતું નથી. એક વખત એ સુંદરતા રૂપી ઝેર અંતઃકરણમાં પ્રવેશ કર્યા પછી તેની કાંઇ પણ ઐાષધી નથી. માટે હું ફરીને કહું છું કે સુંદરતા એ હલાહલ વિષ છે. તે ઝેરનાં ઘેનમાં ઘેરાઇ જવાને લીધે ઘડીકમાં શુ લવું છું, ઘડીકમાં શું કહું છું, અને ઘડીકમાં શું કરૂંછું, તેનું મને મુદલ ભાન રહ્યું નથી.

અબધુત—ઓ કામાંધ! આ જગતમાં જે પુરૂષો પોતાની ધર્મ પત્નિઓ સીવાય, પોતાની જાતીની કે પરજાતીની

કે પોતાનાં કર્તા ઉંચ વર્ણોની કે પોતાનાં કર્તા ઉતરતાં વર્ણોની જે જે સ્ત્રીઓ છે, અને તેતે સ્ત્રીઓ સર્વાંગે સ્વર્ગની અપ્સરાઓ કર્તા પણ આ જગતમાં સરસાઈ ભોગવતી હોય, તેવી મોહક સુંદર અને કોમળ સ્ત્રીઓની ઉપર આશક પડીને પોતાની દુષ્ટ વાસના પુર્ણ કરવા માટે તેવી સ્રીઓને વશ કરવા સારૂં અનેક પ્રકારનાં પ્રપંચો કરીને, અથવા કપટ જાલ પાથરીને, તન મન અને ધનનો ભોગ આપીને પાછું ફરીને જોતાં નથી. તેવી સ્રીઓને વશ કરવામાં આટલું કરવા છતાં પણ તેવી સ્ત્રીઓ વશ થતી નથી તો, તે કામાંધ પુરૂષો, પોતાની સત્તાનો, પોતાનાં બળનો, અને પોતાની સમૃદ્ધિનાં સામર્થથી અસંખ્ય માણુસોનો ભોગ આપી અને લઈને તેવી સ્રીઓનું હરણ કરે છે, છતાં તેવી સ્રીઓ તેવા દુષ્ટાચારી સ્વભાવવાળા પુરૂષોને વશ થતી નથી; ત્યારે તે કામી પુરૂષો તેની ઉપર બલાત્કાર કરીને પોતાની દુષ્ટ ઇચ્છા પુર્ણ કરેછે, તેવી દુષ્ટ ઇચ્છા પુર્ણ કરનારાઓ, આ જગતની બત્રીશીએ ચઢીને, પોતાની સત્તાનો, સમૃદ્ધિનો, વૈભવોનો. અને આ લોક ને પરલોકના સુખનો નાસ કરી લઈને ખુણામાં ખુરી અને કંગાલમાં કંગાલ સ્થીતિને પામી શ્વાનની પેઠે રઝળી રખડીને અને નર્કમાં રહેનારા કીડાઓની પેઠે તડફડીઆ મારી મારીને આ લોકનો ત્યાગ કરી કેટલાકો ગયા છે અને કેટલાકો જશે. અને તેવા સંજોગથીજ આર્યભુમિની અપદશા થઈછે.

કામાંધ પુરૂષો પરસ્રીઓની ઉપર મોહીત પડીને, તે સ્રી

ઓનાં ગુલાબ સરખાં ગાલનાં ચુંબન કરતાં નથી, પણ માસના લોચાનું ચુંબન કરેછે એમ હું કહુછું. બામારીના બીછાના ઉપર પડેલી સ્ત્રીઓની લારોનું પાન કરવું, અને પરસ્ત્રીઓનાં અધુરામૃતનું પાન કરવામાં હું કંઇ ફરક સમજતો નથી. ભુત યો નીઓમાંથી ઉત્પન્ન થયેલી, ડાકણીઓનાં સ્તન ઉપર હાથ નાખ વો, અને પરસ્ત્રીઓનાં સ્તન ઉપર હાથ નાખવા સમાન ગણુંછું. સબ્વત સ્ત્રીઓની સાથે સંગ કરવો, અને પરસ્ત્રીઓની સાથે સંગ કરવા બરાબર સમજુછું. અને તે પ્રમાણે તું અને તારો સલાહકાર સમજતો હતતો, આજે તારી જે દશા થઇ છે તે કદી પણ થાત નહીં. રાવણ અને રાવણુનો લંકાનો પણ નાશ થતે નહીં.

મહાભુતની—ઓ અબધુત! હું ખરેખર કહુછું કે તમ ને કોઇ મહા સમર્થ ગુરૂ મળ્યો છે, અને તે ગુરૂનાં સદબોધથી લલીત લલનાઓનાં કટાક્ષ રૂપી બાણુથી બચવા પામ્યા છો. આ જગતમાં પ્રથમ પદે સત્તા ધરાવનાર એવા મહા સમર્થ કામદેવ ને શ્રીકૃષ્ણુ સીવાય કોઇ જીતી શક્યા નથી, તેવા મહા સમર્થ કામદેવને વશ કરીને, શીલવૃત પાલનારી સન્નારીઓની ઉપર જુલમ ગુજારનારાઓની સુધ્ધ ઠેકાણે લાવવા માટે તમે જે ભેખ લીધો છે તે ભેખને હું બે હાથ જોડીને નમસ્કાર કરૂંછું. ઓ અબધુત! જેવી રીતે પુરૂષો લંપટો કુચ્છંદી અને અનીતિવાળા છે, તેવીજ રીતે શું સ્ત્રીઓ નથી? મહાન યોધ્ધાઓના માન ભંગ કરી, પોતાની દુષ્ટ કામના પુર્ણ કરનારી સ્ત્રીઓ નથી?

પોતાનાં જોબન રૂપી મદમાં મસ્તાન બનેલી સ્ત્રીઓ જેવી ઝેરી નાગણોમાં, જેટલું ઝેર છે, તેટલું ઝેર પુરૂષોમાં નથી, સ્ત્રીઓના રહદય સરખું પૂરૂષોનું રહદય કઠોર નથી. પુરૂષનો ગમે તેવો શત્રુ હશે, અને તે શત્રુ જો તેના ચર્ણમાં મસ્તક નમાવી પોતાના અપરાધની ક્ષમા માગશે તો, તે કોમળ રહદયવાળો પુરૂષ તરત પોતાના શત્રુના અપરાધને ક્ષમા કરીને, તેને પ્રાણદાન દીધા વગર રહેતો નહીં. પણ કઠોર રહદયવાળી સ્ત્રીઓ જ્યારે ભયંકર સ્વરૂપ ધારણ કરીને, ભવાના રૂપ તરવારને પોતાના હાથમાં પકડે છે ત્યારે તે સ્ત્રીઓ પોતાના વિરોધીઓનો નાશ કર્યા વગર રહેતીઓ નથી. તેમાંની હું એકછું, અને તેવા મારા અપરાધોને લીધે મારે વારંવાર આ જગતની અંદર દૈત્યોની ચઢતી ઉતરતી યોનાયોમાં અવતાર લેવો પડે છે, હું પ્રતિજ્ઞાપુર્વક કહુંછું કે, હું મન્મથ નામના દૈત્યની આજ્ઞાપાલક, અને તેની ઇચ્છાનુસાર વર્તનાર, મહાભુતની છું, અને તેની ઇચ્છાથી, ભગવતસીંહ કરણસીંહ કનકસેન, અને તેની સાથે તમારો નાશ કરવાને તે ગુફામાં આવી હતી, પણ તમને જોતાં, તમે પુર્વ જન્મમાં કોણ હતા, અને તમારી સાથે મારો શું સંબંધ હતો, તે પુર્વ જન્મોના સંસ્કારોનું કંઇક જ્ઞાન પ્રાપ્ત થવાને લીધે તમારી પરીક્ષા કરવા માટે મે તમારી પાસે 'કા સંભેગ કર, કાંતો તારા રૂધીરથી મારૂં ખપ્પર ભરી દેની.' માગણી કરી હતી. પણ તે મારી માંગણીમાં તમે ન ફસાતાં મને ફસાવા દેવાથી મારી ખાત્રી થઇ

કે, મારા સાતમે અવતારે તમે મારા ચંદ્રશીખર નામના સ્વામી હતાં, અને હું સદબોધની નામની તમારી ધર્મપત્નિ હતી. તમે મને બહુ ચ્હાતાં હતાં, અને મારી ઉપર તમારા અતુલ પ્રેમને લીધે તમે મને નિમિશવાર પણ એકલી રહેવા દેતાં ન્હોતાં. મારા મુખમાંથી જે જે શબ્દો નિકળતાં હતાં, અને મને જે જે ઇચ્છાઓ થતી હતી, જો કે તે શબ્દો, અને તે ઇચ્છાઓ તમને, અને તમારા કુટુંબોને, ભય સમાન લાગતીઓ હતી. અને તેવી મારી ઇચ્છાઓ નહીં પુર્ણ કરવા માટે, તમારા કુટુંબો તમને કાંટા સમાન થઇ પડયાં હતાં, છતાં તમે તેની દરકાર ન રાખતાં તે મારી દુષ્ટ ઇચ્છાઓ પુર્ણ કરતાં હતાં. છતાં હું તમને મારા પતિ સમાન ન ગણતાં, તમારી પ્રતિજ્ઞા ન પાળતા, પરમેશ્વર સમાન પતિના પ્રેમનો ત્યાગ કરીને, મારા પતિવ્રતા ધર્મને તલાન્જલી દઇને હું નીચમાં નીચ એક અધમ પુરૂષના ઉપર મોહીત પડી હતી. અને તેનેજ મેં મારો પ્રાણ અર્પણ કર્યો હતો.

મારો તમારી ઉપર અભાવ છતાં, અને મારી દુષ્ટ વૃતિ સંબંધી તમે જાણતા છતાં, મારો તિરસ્કાર ન કરતાં, અને અવળા માર્ગનો ત્યાગ કરાવી, સવળા માર્ગે લાવવા માટે મને તમે વારંવાર બોધ આપતાં હતાં છતાં હું તમારા બોધની પરવા ન રાખતાં, તમારો ત્યાગ કરી તે નીચમાં નીચ પુરૂષની સાથે ભાગી જવાની પ્રતિજ્ઞા કરી હતી. અને તે પ્રતિજ્ઞા પાળવા માટે ઉન્મદ બનીને મેં તમને ઝેર આપ્યુ

હતું; તે ઝેરની અસરથી તમે બેભાન થઇ જવાથી, હું તરત તમને તે અવસ્થામાં તજી દઇને મારા તે નીચ પ્રેમીની સાથે તમારા પ્રદેશની હદ છોડી ગઇ હતી. મારા તે નિચ પ્રેમીનું અંતઃકરણ મારે માટે કેવું હતું તે હું પારખી શકી નહીં, તે મારા નિચ પ્રેમીનો પ્રેમ મારા પ્રત્યે ખરો હતો કે ખોટો હતો, તે હું પારખી શકી નહીં, તે નીચ માણુસે મારી સાથે શ્યા લોભથી મને પ્રેમ ફાસમાં ફસાવી હતી તે હું પારખી શકી નહીં, તેથી હું તેના કુત્રિમ અને આપસ્વાર્થી પ્રેમમાં લપટાઇ જવાથી મને મારા ધર્મનું, અને મારી નીતિનું ભાન ન રહેવાથી તે દુષ્ટ પિશાચ મને ઘોર જંગલમાં લઇ ગયો, અને ત્યાં મારૂં સર્વસ્વ લુટી લઇ, મને જીવતાં જીવત જમીનમાં દાટી ચાલી ગયો હતો. અને એવા અનેક અપરાધને લીધે મારે આ સાતમો અવતાર લેવો પડયો છે, અને તમારા અનેક કર્મ બંધનોથી તમારે પણ આ સાતમો અવતાર લેવો પડયો છે. તમારાથી આ જગતના સંસારમાંથી, અને શીલવૃત સ્ત્રીઓનાં ધર્મમાંથી ભ્રષ્ટ કરાવનાર, અને મારા તન મન અને ધનને લુટી મને જીવતા જીવત જમીનમાં દાટી ચાલી જનાર તે નીચ માણુસ બીજો કોઇ નહીં પણ આ કનકસેન મારે સાતમો અવતારે મને મળયો છે. તે નું વૈર લેવા માટે મેં આ રૂપ ધારણ કરેલું છે.

તમે મારા સાતમાં અવતારનાં સ્વામી હોવાનું મને જ્ઞાન થતાજ, હું તમને વશ થઇને, તમારી આજ્ઞા પ્રમાણે વરતી ત-

મારૂં કાર્ય કર્યું છે. કનકસેનનું મસ્તક છેદયા પછી, મારૂં મસ્તક પણ તમારે હાથેજ છેદાશે, અને અમારા બંનેનાં મસ્તકો એક મેકનું વેર લેવા માટે એક મેકની સાથે પોતાનું જોર અજમાવતાં અજમાવતાં આકાશનાં વાદળામાં ભરાઇ જશે. ત્યાર પછી શું બનશે તે હું કહી શકવાને અસમર્થ છું.

આ જગતમાં જે સ્રીઓ પોતાનાં પરમેશ્વર સમાન પતિને પરમેશ્વર સમાન ગણી, પતિની સેવા ન કરતાં, પતિને અનેક પ્રકારનાં દુઃખો દઇ, અન્યનાં પ્રેમમાં પડેછે, તે સ્રીઓ વારંવાર વિધવા થાયછે, અને વિધવા થયા પછી, વિધવા ધર્મ ન પાળતાં, વ્યભિચારિણી બની વ્યભિચાર કરી બાળ હત્યા કરેછે ? તે વિધવાઓ અનેક નિચયોનિઓમાં અવતાર લે છે. એ મારા પુર્વ જન્મનાં સંસ્કારથી હું સીદ્ધ કરી આપુછું.

અબધુત—ઓ મહાભુતની ! તેં જે જે શબ્દો કહયાંછે, તે શબ્દો અસત્ય છે એમ કહેવાને હું સમર્થ નથી. અત્યાર સુધીમાં હું આ જગતમાં અનેક લોકોના સમાગમમાં આવતાં, મેં જે અનુભવ મેળવ્યો છે, તે અનુભવ ઉપરથી હું કહી શકું છું કે, પુર્વ જન્મના સંસ્કાર વગર માણુસ કંઇ પણ કાર્ય કરી શકવાને સમર્થ થતો નથી, અને તે માણુસના પુર્વ જન્મના સંસ્કાર વગર, તે માણુસને દેવી શકતી પ્રસન્ન થઇને તેની ઇચ્છાઓ પુર્ણ કરતીઓ નથી. માટે માણુસોએ પુંર્વ જન્મને સારૂં સત્ય રૂપી ભાતું બાંધી લેવા માટે સદગુરૂને ચરણે જવું.

ભગવતસીંહ—અબધુત! કનકસેનનાં આવા નાસ્તિકપણાનો ને તેના કુછંદી સંગીનો ત્યાગ કરાવવા માટે, તેની પ્રજાએ અને તેના ભાયાતોએ બહુ બહુ કાલા વાલા કર્યાં હતાં, પણ તે મુર્ખ ન સમજતાં, ભાયાતોના ગરાસ લુટી લઇ, ભાયાતોને ભીખ માંગતા કર્યા હતાં, તેથી તેના ભાયાતો હથ્યાર બાંધી તેની સામે થયાં. અને તેના કેટલાએક ગામો બાળી નાખી તેના મહેલને ઉરાડી, તેના પ્રધાનની પતની રમાં, કે જેની સાથે આ કનકસેન પ્યારમાં પડયો હતો તે રમાનું હરણ કરી ગયા. પણ આ પાપીની આંખ ઉઘડી નહીં. તેના કહેવાથીજ, અને તેની શીખવણીથીજ કરણ સીંહે, મારી ઉપર સીતમ ગુજારવાને બાકી રાખી નહોતી. માટે ઓ અબધુત! જેવી રીતે દુષ્ટ કરણસીંહને તમે શીક્ષા કરી છે, તેવીજ રીતે આ કનકસેનને શીક્ષા કરશો તોજ કળાધર જાદુગરનો અને તેની જાદુઇ સત્તાનો નાશ થશે. નહીં તો કદી પણ થવાનો નથી. જો કનકસેને, કળાધરને પોતાની નગરીમાં પેસવા દીધો ન હોત, તેને રાજના ખર્ચથી મ્હોટી મ્હોટી જાદુઇ ગુફાઓ બાંધી દીધી ન હોત, તેને પોતાના બળની સહાયતા કરી નહોત, તો શું કળાધર જાદુગર આટલો બધો સમર્થ થઇ, અનેક નીર્દોષ બાળાઓને અને અનેક અર્થાકારણ પુરૂષોને પકડી પકડી પોતાની

ગુફામાં કેદ કરી, પોતાની દુષ્ટ કામના પુર્ણ કરવાને શકતીમાન થઇ શકત ? કળાધરે પોતાના જાદુઇ બળથી કનકાવતીને એવી રીતે ચોતરફથી ખીલી લીધેલી છે કે જેથી કોઇ પણ બળવાન રાજા કનકાવતીની ઉપર પોતાના બળનો ઉપયોગ કરી શકતો ન્હોતો. ઘણુંક રાજાઓ આવી આવી પોતાના બળનો પ્રયોગ અજમાવી, સરમાઇ પાછા ચાલી ગયા છે. તેનો અંત આણવા માટે, અને સર્વને જે દુઃખ ઉત્પન્ન થયું છે, અને સર્વને જે ભય પેઠો છે તે ભયનો, તે દુઃખનો નાશ કરવાનો સમય આજ છે. તે સમયને હવે તમે નિર્થક ગણીને જવા દેશો નહીં, અને દુઃખી થતા, અને ભય પામેલાઓના અંતઃકરણનો ખરો આશીરવાદ લેવાનો ખરો સમય આજ છે, તે સમયને તમે ફોકટનો ગણી ગુમાવશો નહીં. ન્ગ્રામ કરવાથીજ તમારો સર્વત્ર જય થશે. તમારા વખાણ થશે, તમારા ઉપર સર્વનો પ્રેમ બંધાસે અને ઘેરઘેર અને ઠેર ઠેર દેવ રૂપે આપ પુજાશો. માટે ઝટ આ નીચ રાક્ષસને જમપુરીમાં પહોચાડી દો.

મહાભુતની—બોલ ! દુરાગ્રહી બોલ ! મોતને પ્રાય ગણે છે કે ક્ષમાને પ્રાય ગણે છે ! બોલ ! નીચ નીશાચર ! સુખની ઇચ્છા રાખે છે કે નર્કયાતના કરવા જવાની ઇચ્છા રાખેછે?

કનકસેન—હા ! હા !! હું પાપી ! હું રાક્ષસ ! તમો કહો તે હુ છું, તમે જે ઉપમા આપો તે દુષ્ટ ઉપમા લાયક

માનો હું છું, હું છું, પણ ઇચ્છા મોતની, પણ તેની સાથે તમારા રૂધીરનો એક એક પ્યાલો પીવાની પણ ઇચ્છા છે, પણ તે ઇચ્છા પુર્ણ કર્યા સીવાય, આ શરીરમાં ઘર કરી બેઠેલો મહા દુષ્ટાચારી જીવ કદી પણ પોતાના ઘરનો ત્યાગ કરનાર નથી. હા ! હા ! હું સારી પેઠે સમજુ છું કે, તમે પાપીઓ નથી, પણ મહાત્માઓ છો, ધર્મધુરંધર રાજાઓ છો, પણ કેવા, અંતરથી કાળા, અને બ્હારથી ઉજળા, લોકોને બતાવવા માટેજ, પણ તમારો ખરો હેતુ શું છે તે જગતના લોકો જાણતા નથી, તેઓતો માત્ર તમને દેવ સમાન ગણેછે. પણ હું દેવ સમાન ગણનાર નથી. મારો અને મારી નગરીનો નાશ અને રમાનું હરણ કરવાથી વીલાસ સુંદરી તમારા હાથમાં આવવાની નથી. વીલાસ સુંદરીના પગ કેવા છે, તેની આંખ કેવી છે. તેનું મ્હોઢું કેવું છે. તે કેવી સ્વરૂપવાન છે, તે તમારા આ અવતારમાં તો શું પણ હવે પછી પણ જો તમે બીજા સાત અવતાર ધારણ કરશો તોપણ, તે તમારા જોવામાં આવનાર નથી? ઓ આપ સ્વાર્થીઓ! તમારા સ્વાર્થને માટે, તમારા કંઇક પુર્વના તપોબળને લીધે મારી નગરીનો નાશ કરવામાં ફાવી ગયા છે. તેથી શું તમે જગ જીતી ગયેલા સમજોછો, અને મારા જેવાનો નાશ કરવાથી શું કળાધર જાદુગર પોતાનું વેર લેવાને બેસી રહેશે ? તમે જેવી રીતે કરણસીંહનો નાશ કર્યો છે તેવીજ રીતે તમારો નાશ કરવાને કળાધર ચુકનાર નથી. શું

તમે એવું સમજોછો કે તમારા આવા ભયંકર સ્વરૂપથી અને ભયંકર ત્રાસથી ડરી જઈ કળાધર જાદુગર પોતાનાં પરાક્રમનો ત્યાગ કરી તમને નમણું આપશે? તમે જો એવા સમર્થ હતા, તો પછી કળાધરને જીવતો કેમ જવા દીધો.

અબધુત—ઓ નીચ! ઓ બુદ્ધિહીણ! હું વીલાસ સુંદરી ઉપર મોહીત પડીને, વીલાસસુંદરીને સોધવા માટે નીકળ્યો નથી; પણ વીલાસસુંદરી જેવી બીજી બાળાઓના ધર્મનું સંરક્ષણ કરવા માટેજ, તમારા જેવા પાપીઓનો નાશ કરવાને લીધે નિકળ્યોછું. તેને લીધે જ અંગે ભભુત ચોળી છે, તેને લીધે આ દેહને દુઃખ દેવું પડે છે; તેને લીધે તમારા જેવા રાક્ષસોના સમાગમમાં આવવું પડ્યું છે.

મહાભુતની—હા! હા!! સ્વાર્થ !!! પણ તેના આપ સ્વાર્થ સાથે પરમાર્થ સમાયેલો છે, તે તું ક્યાં જાણે છે?

અબધુત—મુર્ખ લોકો પરમાર્થી પુરૂષોનું ખરૂં સ્વરૂપ જાણી શકતાં ન હોવાથીજ, તેની સામે શીયાળવાની પેઠે ભસ્યા કુરે છે, મુંડો મજીઠનો ભાવ શું જાણે! ખાખરાની ખીસકોલી સાકરનો સ્વાદ શું જાણે! ઓ કામાંધ રાજા! જો કળાધરમાં વેર લેવાની શકતી હોત તો ફરણુસીંહના મસ્તકને મહાભુતનીને સ્વાધીન કરી કદી પણ ભાગી જાત નહીં, પણ ઓ ક્રૂર પશુ! મહેલાં મુળ કાપ્યા વગર છોડનો નાશ

અતો નથી. જેમ તારા પાપે તારા રાજ્યનો નાશ કરાવ્યો છે તેમ તેનું પાપ તેનો નાશ મોડે વહેલે કરાવ્યાં વગર રહેનારજ નથી.

કનકસેન—હા ! હા ! ! પાપ ! અચિત્ત મહા પાપ ! ! ! મેં અને કળાધરે કરેલું છે, તો જગત જાણે છે. તેમાં તમે નવાઈ જેવું શું કહયું. હું પાપી છું, તે પાપીને તેનાં પાપની શીક્ષા કરવાને તમે હવે કેમ ઢીલ કરો છો.

અબધુત—અંહ ! એમ છે, તો પછી અંહીયા વાર નથી. ધર્મોની ફરજોને ખાતર તું તારા અગણીત પાપોનો પસ્તાવો કરી સરજનહારની ક્ષમા માગી શકે તેટલા સારૂજ ઢીલ રાખી છે. છતાં તું તારા પાપનો પસ્તાવો ન કરતાં, વધુ પાપનો ભારો બાંધવાને ઉન્મત્ત બન્યો છે.

કનકસેન—હવે ક્ષમા કેવી ! હવે પાપનો પસ્તાવો કેવો ! કોની પાસે ક્ષમા માગવી, અને કોની પાસે પસ્તાવો કરવો. જે બનવાનું હશે તે બનશે, તે માટે હું જરા પણ દીલગીર થનાર નથી.

અબધુત—તું ગમે તેવી રીતે લવારો કરી અમારૂં અપમાન કરીશ તોપણ અમે તારા જેવા નીર્દય બની ન્યાયનો ત્યાગ કરીને, ક્રૂરપણાથી તારી સાથે વર્તનારજ નથી, ન્યાયનો ખાતર ફરીને એકવાર તારા પ્રાણની રક્ષા માટે તને

કહું છું કે, જો તું મારી ઇચ્છાનુસાર વર્તવાને કબુલ થઇશ તો આ લોકમાં જે તું સુખ ભોગવતો હતો તેથી અધીક સુખ ભોગવવાને ભાગ્યશાળી થઇશ.

મહાભુતની—જો જરા સમજી જા, અને તારા હીત શત્રુ કળાધરની તમામ જાદુઇ ગુફા બતાવી આપવાનું વચન આપતો, એક ક્ષણમાં તારી બળી ગયેલી નગરીને ઠેકાણે એક નવીજ અમારાપુરી વસાવી આપુ.

કુનકુશેન--હું મારા મોત સીવાય બીજા કસા લાભની પરવા રાખતો નથી.

અભધુત—એ મુર્ખ રાજા! જરા વીચાર કર! એક રાક્ષસના બચાવ માટે તારા પ્રાણની યાહુતિ આપવાને કેમ તત્પર થયો છે.

કુનકસેન--મારા સુખ માટે, શું મારા લાભ માટે, મારા મીત્રનો નાશ કરાવવાને હું ઉન્મદ બનીશ. નહીં, નહીં, મારો પ્રાણ જતો હોય તો ભલે જાય. પણ તે નીચ કામ મારાથી કદી પણ થનાર નથી, તમારામાં સત્તા હોય તો તે ક્રૂર રાક્ષસને, શીક્ષા કરજો.

મહાભુતની--ઓ નીશાચર! માનવી જાતને લજાવનાર! હું તને ફરીને એકવાર કહુંછું કે વીલાસ સુંદરીને

કળાધરને કઇ ગુફામાં રાખી છે તેજ ગુફા માત્ર બતાવ, નહીં તો હમણાં આ તરવાર વડે તારા મસ્તકને ઉરાડી નાખીશ.

કનકસેન— તારા જેવી હજારો મહાભુતનીઓ પોતાનાં હાથમાં હજારો તરવારો પકડી મારા શરીરનાં રાઇ રાઇ જેટલાં ટુકડાં કેમ કરી નાખતીઓ નથી, પણ કળાધરની ગુફાઓ બતાવીશ નહીં. તું તારા કેવા અંતઃકરણથી હમણાં મારી સાથે વર્તે છે તે હું સારી પેઠે સમજુંછું, પણ તે અબધુત સમજતો નથી, તે પણ વખત જતાં સમજશે.

મહાભુતની—નહીં બતાવીશ. આ તરવાર બતાવશે. માટે તારૂં અધમપણું મુકીદે. તું મારે માટે અબધુતને ગમે તેવી રીતે સમજાવીને, છટકી જવાની ઇચ્છા રાખનાર કામાંધ રાજા, તને અબધુત મુકી દેશે પણ હું તો તને મુકનાર નથી.

કનકસેન—જો તું તારી તરવારની શકતી ઉપર થઇ-થઇ નાચી રહી હોતો, પછી તારી તરવારને કેમ અજમાવતી નથી. જા તારી તરવાર કળાધરની ગુફા બતાવશે.

અબધુત—ભગવતસીંહ ! હવે તમે શું જુઓછો. તમારી સન્મુખ ઉભેલા આ ચંડાલને તમારી તેજી તરવારથી ઉરાડી મુકો.

અબધુતનો હુકમ થતાજ ભગવતસીંહે ઝટ મ્યાનમાંથી તરવાર ખેંચીને કનકસેનનું મસ્તક ઉરાડી નાખ્યું. મસ્તક

ઉછળતાની સાથે મસ્તક રણુસ્થંભની ઉપર જઇ ચોટયું અને ખડખડ હસવા લાગ્યું.

આ સમે કનકસેનનું મસ્તક ખુબ ખડખડ હસવાથી, તે માટે અબધુતને શંકા થવાથી અબધુતે મહાભુતનીને પુછયું કે, 'અહો મહાભુતની ! આ મસ્તક હસીને શું દર્શાવે છે ?

મહાભુતની—હવે પછી તમારી માથે આવી પડનારા મહા ભયંકર પરિણામની અગમચેતી.

અબધુત--તે કોના તરફથી મહાભયંકર પરિણામ નિપજવાની અગમચેતી છે તે કહી શકવામાં તું સમર્થ છો ?

મહાતની—ઓ ચતુર અબધુત ! હવે તે જાણી શકવા જેટલો મુદ્દલ સમય રહયોજ નથી. માત્ર સાવધ રહેવાનીજ જરૂર છે. ચેત ! ચેત ! ચેતા દેતી હું કે અબ તેરા નાશ કરનેવાળા કોઇ બડા દૈત્ય આતા હૈ.

એટલામાં ધરણી ધરણવા લાગી, ધરણીનાં ધણધણાટથી સુર્યનું તેજ ઝાંખુ પડતું ગયું. આકાસ શ્યામ વર્ણ બનતું ગયું, ને નિમિશવારમાં સર્વે દિશાઓ અંધકારથી ઘેરાઇ ગઇ એ. મેઘનાથે ગર્જના કરવાથી, આકાશ ફાડી વીજળી બહાર નિકળી જવા લાગી, તેની સાથે પવને પણ પોતાની સત્તાને

બતાવવાને બાકી રાખી નહીં. આ પ્રલયકાળ જેવો સમો જોઇને, અબધુતે ફરીને મહાભુતનીને પુછ્યું કે, 'આ ભુતની આ શ્યો પ્રકાર છે?'

ભુતની—પૃથ્વી પાપનો ભાર ઝીલી ન શકવાથી, કંપી ઉઠી છે, અને તેના પડછાયે આકાશને ઘેરી લેવાથી; મેઘનાથ, ચપલા અને સમીર સર્વે ક્રોધાયમાન થઇ ગયા છે.

અબધુત—એતો મહા વિપ્રીતની વાત કહેવાય! આ પાપનો ભાર પૃથ્વી ઉપરથી કેમ ઓછો કરી શકાય, તેનો તું ઉપાય બતાવી શકીશ?

મહાભુતની—તેટલી શકતી હું ધરાવતી નથી, એટલે લાચાર છું. એ કુદરતનો ખેલ છે, તે કુદરતજ જાણી શકે. આપણાથી શું થઇ શકે એમ છે. જે થયું તે જોયું; અને હવે પછી શું થાય છે તેજ માત્ર જોવાનું છે.

ધરણીના ધણધણાતથી, પવનના સપાટાથી, કંઇક પહાડો, કંઇક વૃક્ષો તુટી તુટી જમીનમાં ગરક થવા લાગ્યા. પશુ પક્ષીઓ પોતાનાં નિવાસ સ્થાનથી ભ્રષ્ટ થઇ ભયની ચીસો નાખતાં પોતાનાં પ્રાણ બચાવવાને પ્રયત્ન કરી રહયાં હતાં, પણ તેઓનો તે પ્રયત્ન વ્યર્થ જવાથી જય હરી! જય હરી! તારા બાળકોની રક્ષા કર! માથે આવી પડેલા અનીવાર

દુઃખનો નાશ કર ! મહાપાપનાં પડછાયામાં ઘેરાઇ ગયેલા નિર્દોષોને મુકત કર. તું ક્ષમાવંત છો, તું ભકતવત્સલ છો. તારા વગર અમારો છુટકારો કરવાને બીજો કોણ સમર્થ છે ? આ પ્રમાણે અસંખ્ય લોકોના મુખમાંથી ખરેખરી દીનવાણી નિકળી કેમ ન રહી હોય એમ અબધુતને ભાસવા લાગ્યું. તેથી અબધુત ચમકયો, ચોતરફ પોતાની નજરને ફેંકી, પોતાની શકતીને દોડાવી, પણ તે વડે તે કાંઇ પણ જાણી ન શકવાથી તેનું હૃદય અંધારાચ્છાદિત આકાશની પેઠે ઘનઘોર થઇ ગયું હતું. પણ આ શું છે? તેનો ખરો ભેદ જાણી ન શકવાથી અબધુત વધારેને વધારે ભયભીત બની બેસુદ્ધ થતો ગયો, આવી બેસુદ્ધ દશામાં લઠડીયા લેવા છતાં, પોતાનાં શરીરને પરવશ થવા ન દેતાં, તેણે મહાભુતનીને કહયું કે, 'આ સમે, હું તને ખરેખર કહુછું, કે, આ ઇશ્વરી કોપ નથી, પણ કોઇ દૈત્યોનો કોપ છે. જો દૈવી કોપ હતતો શું માણસને બોલવા કે ચાલવા કે કંઇ જોવા દેત ? માટે દૈવને દોષ દેવો, એ દેવનો અપરાધ કરવા સરખો છે. તે પાપીઓનોજ સંહારી છે! જે મહા અધમ, અને મહા પાપીઓ છે, તેને તે સર્વજ્ઞ શું જાણતો નથી ? તે સર્વે જાણે છે, પાપીઓના અપરાધ બદલ, પાપીઓને શીક્ષા ન કરતાં, પોતાપર પ્રેમ રાખનારા, પોતાનાં પ્રેમી ભકતો ઉપર શું આવો કાળો કેર વર્તાવવા દેશે ? નહીં, નહીં, તેતો મહાન દયાળુ છે. તું મને ખોટું સમજાવે છે, તે હું કેમ સમજી શકીશ. પૃથ્વી પાપનાં ભારથી

કંપી ઉઠી નથી, પણ દૈત્યોની અસુરી માયાથી કંપી ઉઠી છે. પાપનાં પડછાયાથી સર્વત્ર અંધકાર ફેલાઇ ગયો નથી, પણ દૈત્યોની માયાના પડછાયાથી, સર્વત્ર અંધકાર છવાઇ ગયો છે. તું જાણે છે, છતાં કહેતી નથી. તું જાણે છે છતાં, તેનાથી મને અજાણ રહેવા દઇ; મને ભ્રમીત બનાવે છે. આમાં તારો કંઇક પણ સ્વાર્થ હોવો જોઇએ ? તેથી તું સાચું બોલતી નથી. પણ ઉલટું સમજાવે છે, તે હું સમજીશ. કેમ બનશે. છાનું તે છુપુ રહેવાનું નથી, ખોટું તે સાચું ઠરવાનું નથી. બનવાનું તે અટકનાર નથી, નથી બનનાર તેને કોઇ બનાવી શકનાર નથી. ઓ મહાભુતની ! તું માન કે ન માન ! પણ હું જે કહું છું તે સર્વ સત્ય છે, અને તું જે કહે છે તે સર્વ અસત્ય છે. અફસોસ ! તારા અંતરમાં હજી પાપ ભરેલું છે, અને તે પાપનઃ તાપથી તું મારી સાથે આવી રીતે વર્તે છે. એમાં તો હવે કંઇ સંશય જેવું રહયું નથી. છતાં તારા તે કપટથી હું નીડર છું, જાગૃત છું, નિર્ભય છું. તને ફાવવા નહીં દઇશ, તારા પાપી સ્વાર્થને સાંધવા નહીં દઇશ. તારૂં શું કપટ છે, તે હવે પછી સ્પષ્ટ રીતે જાણવામાં આવ્યા વગર રહેનાર નથી. મસ્તક કેમ હશે છે ! તે હસતાં, હસતાં, શું સુચવે છે, તેની કલ્પનાં કરવાથી હું કહી શકવાને સમર્થ થયોછું કે, ' ઓ અબધુત ! જેવી મારી દશા થઇ છે, તેજ તારી દશા થશે તે જાણીને હું હશુંછું' બોલ ભુતની !

દૈત્યની દુતની! જાદુની પુતળી! આ મારી કલ્પનામાં તને કંઇ અસત્ય જેવું લાગે છે, આ જાદુઇ માયાનો પ્રકાર જોઇ મારૂં મગજતો ફરી ગયું નથી ને? તારા દૈત્યોની જાદુની અથાગ શકતીનો મહાભયંકર ચમત્કાર જોઇને હું દીવાનોતો બની ગયો નથીને? દીવાનો જાણી, વધારે દીવાનો બનાવવાની કંઇપણ પ્રેરણાતો તું કરતી નથી, મગજ ફરેલો "જાણી, વધારે મગજ ફેરવી નાખવાને તારી માયીક જાળને ફેલાવેલીતો નથી! તારી ફેલાવેલી જાલનાં ટુકડે ટુકડાં કરી નાખનાર આ મસ્તક છે, તે મસ્તકને પુછવાથી તે શું ખોટું કહેશે? નહીં કહે! હવે એનો એમાં શું સ્વાર્થ રહયો છે, તે દુનિયાની જંજાલની સાંકળમાંથી છુટી પોતાની ગતી કરવા માટેજ હશે છે, ગતી કરનારને શોધે છે. એમ હું માનું છું. અને તેની ખાત્રી કરવા માટે હું તેને હવે પુછુંછું તે તું સાંભળ. ('મસ્તક તરફ આંગળી રાખીને) ઓ મસ્તક! તારી ગતી કરવાની જો તું ઇચ્છા રાખતું હો, અને તારા પાપનું નિવારણ કરાવવાનું, અને પીતૃઓના શાપથી મુકત થવાની, ઇચ્છા રાખતું હોય તો તું સત્યજ કહેજે! તારા છેવટના સત્યથી, તારૂં તારણ થશે, અને તે તારણથી તારી સર્વ દુષ્ટ વાસનાનો પણ નાશ થશે. આ મારો તને આશીરવાદ છે, માટે બોલ! તું શા માટે ખડખડ હસ્યા કરે છે? અને તે સીવાય તું જે કાંઇ જાણતું હોય, તે પણ કહેવાને તું જરા પણ સંકોચાઇશ

નહીં, જેનો પ્રેમ મારી ઉપર છે, જેના પ્રેમથી હું આ દુરંગી દુનિયાનો વિચિત્ર રંગ જોવાને જીવતો રહેવા પામ્યો છું, તે તારો ખચિત્ત ઉદ્ધાર કરશે. તું જગતનિયંતાના કોપથી ડરજે, પણ મારા અને આ મહાભુતનીનાં કોપથી તું જરા પણ ડરીશ માં! હવે તારે ડરવાનું નથી, પણ તરવાનું છે, પ્રભુપદ મેળવવાનું છે, માટે સત્ય હોય તેટલુંજ કહેજે.'

મસ્તક--ઓ અબધુત! અત્યાર સુધી હું તને સુખે પરાધીન અને પારકી શકતીનાં આધાર ઉપર જીવન ગાળનાર અને દૈત્યોની ઇચ્છાનુસાર વર્તે છે; એવું હું સમજીને, તારૂં મસ્તક પણ છેડાઇને આ રણુસ્થંભની ઉપર આવી મારી આગળ ચોટશે તેથી હસતું હતું. જોકે તું અબુધ નથી છતાં બલહીણુ બનીને, આ ઇશ્વરી કોપ નથી. છતા તું તે ઇશ્વરી કોપ સમજીને દૈત્યોની કારમી માયાને વશ થતો જોઇને મને હસવું આવ્યું હતું, પણ નહીં, હવે મારી ખત્રી થઇ છેકે; તું પકકો ધૈર્યવાન સત્ય અને અસત્યની પરિક્ષા કરનાર સંતપુરૂષ છે, જો તું દીર્ઘદ્રષ્ટી અને ધટબુદ્ધિવાળો નહોત તો, તો તું મને હસવાનું ખરૂં કારણ પુછવાને કદી પણ ભાગ્યશાળી થઇ શકત નહીં? અને મારા રૂણમાંથી મુકત થવા માટે, હું મારા હસવાનું કારણ, હું તને કદી પણ કહી શકત નહીં. આ ઉપરથી હું સીધ્ધ કરી શકું છું કે તારી

ઉપર કોઇ અલૌકીક દૈવી શકતીનો હાથ છે, તે આ મહાભુતની પણ જાણી શકી નથી. તે જાણી શકે તેટલી તેનામાં શકતીજ નથી. માત્ર તેનામાં અસુરી માયા ઉત્પન્ન કરવાનીજ શકતી છે, અને તે શકતી વડે જગતને ત્રાય ત્રાય પોકરાવી રહી છે. હવે તેનો અંત નજદીક આવી ચુકોછો, અને તે સારી પેઠે જાણે છે. પણ મારા મસ્તકની પેઠે તેનું મસ્તક તમારા હાથ વડે છેદાય અને તે મારી આંખ જોઇ શકે એવી ઇચ્છાથી, અને મારી વીધાની શકતીથી હું આ હાલતમાં બોલી શકુંછું. આહા ! આ મહાભુતની ! દૈત્યની દુતની પોતાનું દુષ્ટ કર્મ કરવા જતાં, પોતે સપડાઇ ગયેલી છે. આહા ! આ મહાભુતની ! પોતાની જાદુઈ રૂપી સાંકળમાં તમને ફસાવવા જતાં પોતે ફસાઇ ગઇ છે. તે જોઇ મને બહુ હસવું આવે છે. મારા હસવાથી, મહાભુતનીનાં કલેજાનાં કટકા થઇ જાય છે. પણ તે શું કરે ! તેનાં હાથ બંધાઇ ગયા છે, તેનું મોં સીવાઇ ગયું છે. તેથી તે આ સમે એક બીલાડી સરખી બની જઇને જોયા કરે છે, આહા ! ઓ મહા સંત ! પરમાર્થી પુરૂષ ! તમારો ભોગ લેવા માટેજ, આ મહાભુતનીએ પોતાની અસુરી માયાને ફેલાવેલી છે. આ મહાભુતની તમારી થઇ, મને સહાય કરનાર કળાધર જાદુગર અને કરણસીંહને મારવા માટે આ રણસ્થંભ રોપ્યો નથી ? પણ જેનું વર્ણન કરી ન શકાય તેવી બે વ્યકતીઓ માટેજ આ રણસ્થંભ રોપવામાં આવેલો છે.

અબધુત—(આશ્ચર્ય થઇને) ઓ મસ્તક! તું પણ કંઇક અદ્દભુત શકતી ધરાવેછે, તારી આ વિચિત્ર વાત સાંભળી મને તે જાણુવાનો ઘણો લોભ થયોછે. તેથી હું તને પુછું કે, તે બે વ્ય કતીઓ કોણ? કયાંથી? શા માટે? કયારે અહીં આવશે. આ વ્યા પછી તે બે વ્યકતીઓ શું કરશે? કોણ? કેવી રીતે તે બે વ્યકતીઓનાં મસ્તકો કાપશે? તે તું જાણેછે, અને તે તું જાણતું ન હોતતો, તે અણદીઠ બે વ્યકતીઓનેજ માટે આ રણ સ્થંભ રોપવામાં આવેલો છે, એમ તું મને કહેવાને કદી પણ સમર્થ થાત નહીં, એતો સત્યજ છે. અસત્થ છે એમ તો તું હવે કહેનારજ નથી. માટે હું તને ઇશ્વરનાં સપત આપીનો કહુ છું કે, એ બે વ્યકતીઓ સંબંધી જેટલું તું જાણતું હોય તે-ટલુંજ કહેજે. પણ અસત્ય કહી મને ભ્રમીત બનાવતું જ નહીં.

મસ્તક—ઓ અબધુત! તમે મને ઇશ્વરના સપત આપીને જે સત્ય હોય, તે કહેવાને ફરજ પાડી છે, તે ફરજ અદા કરવી કીંવા ન કરવી, તે માટે હું મુદલ બંધાયેલું નથી. છતાં હું જાણુંછુ તેટલું કહીશ. પણ તે કહેવાથી મહા અનર્થ થશે તો પછી તમે શું કરશો?

અબધુત—ઓ મસ્તક! હું મુર્ખ નથી કે નથી બાલ ક! હું બીકણ નથી કે નથી બલહીણ! પણ હું સહાસ કર્મ કરનારો પુરૂષછું. સત્યનો શોધકછું. અસત્યને જાણનારછું, પાર

કાઓનાં અંતઃકરણોમા કેવાં કેવાં પ્રકારોની ઇચ્છાઓ હોય છે, અને તે કેવી કેવી પ્રકારે પોતાની તે ઇચ્છાઓને પુર્ણ કરવી તેને માટે, તેઓ કેવાં કેવાં પ્રપંચો કરેછે. અને તેઓનાં તે પ્રપંચોથી પથરાએલી જાલમાં, પોતાની કંઇક આશા, ઉમેદ પુર્ણ કરવાને લીધે કંઇકો આવરા બની પરવસ થઇને સપડાઇ જાયછે, તે જો હું જાણુતો ન હતતો, તેઓની પેઠે હું પણ, અલબત, તારા આવા ભય સુચક શબ્દો સાંભળતાની સાથેજ થરથરી જઇને તે વ્યકતીઓનું વૃત્તાંત સાંભળવાને સાફ ના પાડત. મસ્તક ! હું તને સ્પષ્ટ રીતે કહુછું કે, તે વ્યકતીઓનું વૃત્તાંત સાંભળવાથી મને કાંઇ પણ હાની થનાર નથી. બોલ ! જે વ્યકતીઓ અહીં આવનારછે તે નર કે નારીઓ છે.

મસ્તક—તે નારીઓ છે.

અબધુત—તે કુંવારીઓ છે કે પરણેલીઓ છે.

મસ્તક—તે બંને કુંવારીઓ છે.

અબધુત—તે કયા કયા દેશનાં, કયા કયા ચઢતાં ઉતરતાં રાજાઓની, કઇ કઇ કન્યાઓછે, અને તેણીઓ પોતાનાં કયા કયા નામથી પોતાનાં વંશને દીપાવે છે.

મસ્તક—તે હું જાણતું નથી, પણ કરણુસીંહનું મસ્તક જાણે છે.

અબધુત—તે કરણુસીંહના મસ્તકને તો મહાભુતની ગળી ગઇ છે. તો તે મસ્તકનાં જવાબની આશા કેમ રખાય?

મસ્તક—ગળી જવાથી મસ્તકનો નાશ થયો નથી. પણ તેનાં પેટનાં મધ્ય ભાગમાં જેવું હતું તેવુંજ શકતીવાળું સજીવન બેઠેલુ છે.

અબધુત—અંહ! શું તુ તે ખરૂં કહે છે.

મસ્તક—તો શું હું ખોટું કહુ છું.

મહાભુતની—અરે કદી દૈત્યોની દાઢની વચ્ચેથી ચાવાઇ ગયેલી વસ્તુઓ બચતીઓ હશે કે શું? શું કામ જુઠું બોલી અબધુતને ભ્રમીત બનાવે છે.

અબધુત—નહીં, તે જુઠું બોલતુ નથી. પણ કરણુસીંહના મસ્તકથી, તને અને તારા દૈત્યપતિ મન્મથને કંઇક હાની થવાના સબબથી તું કરણુસીંહનુ મસ્તક ગળી ગઇ છે. પણ તે મસ્તક તારી દાઢથી ચવાઇ જાય એમ હું માનતો નથી.

મસ્તક—ઓ અબધુત! તમે જેમ કહોછો તેમજ છે.

અબધુત—તો તે મસ્તક મને કેવી રીતે જવાબ દઇ શકશે? તેનું તું ખરૂં કારણ મને બતાવી શકીશ.

મસ્તક—ઓ અબધુત ! જો તમે મારા બતાવેલાં કારણો મુજબ વર્તવાને તત્પર થશો તો હું તે કારણ અવસ્ય બતાવીશ.

અબધુત—બતાવ ! ઝટ બતાવ ! ખચિત્ત તે પ્રમાણે વર્તવાને હું તૈયાર છું.

મસ્તક—ઓ અબધુત ! જો તમે કરણસીંહના ધડને સ્વહસ્તે અહીથી ઉપાડીને, વીરપુરનાં કીલ્લાનાં દરવાજાની જમણી બાજુએ આવેલાં એક મ્હોટાં ગોખ આગળ સુવાડવાની, અને ત્યાર પછી કરણસીંહનું મસ્તક પોતાનાં ધડ સાથે ચોટી ગયા પછી, તેના સબને તમે અગ્નીસંસ્કાર કરવાની પતિજ્ઞા લેશો તો, કરણસીંહના મસ્તકને તમે જે કાંઇ પુછશો તો તેનો તે સંપુર્ણ રીતે ઉત્તર આપ્યા વિના રહેનાર નથી. એજ એનું ખરૂં કારણ છે.

અબધુત—ઓ મસ્તક ! તારા કહેવાથી, કરણસીંહના મસ્તકથી ખરી હકીકત જાણવા માટે, હું ઇશ્વરની સમીપ ઉભો રહીને પ્રતિજ્ઞા પુર્વક કહુછું કે, ઓ કરણસીંહના મસ્તક ! તું જો મહાભુતનીનું મ્હો ફાડી, તેના મુખની વચે રહીને હુ પુછું તે જો તું ખરેખર મને કહીશતો, હું તારા શબનો મારા સ્વહસ્તે અગ્નીસંસ્કાર કરીશ. અને જો હું ન કરૂં તો તારા શબની પેઠે મારૂં સબ અગ્નીસંસ્કાર વગર રઝળશે.

અબધુતની આ દ્રઢ પ્રતિજ્ઞા સાંભળતાંજ કરણસીંહનું મસ્તક મહાભુતનીનાં મુખ રૂપી ગુફાની વચ્ચે આવીને બોલ્યું કે, 'અહો અબધુત!' કાન દઈને સાંભળ! હું કહુછું તે. જે કાંઇ તું મને પુછે તેનો પ્રથમથીજ વીચાર કરીને પુછજે, વગર વિચાર્યું, અને મને કહેવા લાયકનું નહી હશે તે તું જો મને પુછીશ તો, હું હરગીશ તેનો ઉત્તર આપનાર નથી.

અબધુત—તે માટે તું નિશંક રહેજે! આ રણસ્થંભ કોના માટે રોપવામાં આવેલો છે.

કરણસીંહનું મસ્તક—હવે પછી આ અસુરી ભુમિ ઉપર જે બે વ્યકતીઓ આવનાર છે, તેનો નાશ કરવાને માટે આ રણસ્થંભ રોપવામાં મહાભુતની, અને તેના દૈત્ય પતિ મન્મથે, જબરૂં ગોઠું ખાઈ ગયા છે. બીજુ શું! મારા મુખથી કંઈ પણ વાત બહાર નિકળે નહીં, અને ઓ અભધુત! તેથી તું સાવધ થઇ દૈત્યોની અસુરી માયાથી કંપી ન જાય, તેથી આ મહાભુતની મારા મસ્તકને ગળી ગઇ હતી, પણ મહાભુતની જાણતી નથી કે, તે આવનાર વ્યકતીઓનો ભોગ લેવાને બદલે, તમામ દૈત્યોની કોમનો ભોગ આ રણસ્થંભને આપવો પડશે. તેની દાઢો મને ચાવી શકી નથી. અને હવે પછી પણ મને ચાવી શકનાર નથી.

અબધુત—તે વ્યકતીઓના નામ શું છે ? તે કયાં કયાં દેશના કયા કયા રાજાઓની બાળાઓછે. તે તું મને કહે.

મસ્તક—તે હું કહેનાર નથી, પણ એટલું તો કહીશકે જ્યારે તું તારા દેસને નવગજના નમસ્કાર કરી, તારા દેશનાં દરવાજાની બહાર નિકળ્યો હતો, તે વખતે તે પ્રાણદાન જે બાળાને પણ દાન દઇને, તે બાળાને તેને ઘેર મુકી, તું જ્યારે તારે માર્ગે પડવાને તૈયાર થયો હતો, ત્યારે તે બાળા તારી સાથે આવવાને તૈયાર થઇ હતી, તે વખતે તું તેને તારી સાથે લઇ ન જતાં. તેને તે એમ કહ્યું હતું કે, 'તું જો મને તારો કરી રાખવો હોય તો, હું જ્યાં જઉં છું, ત્યાં આવીને મને શોધી લેજે.' એટલું કહી તું તારે રસ્તે પડયો હતો. બોલ હવે તું તે બાળાને ઓળખે છે. તારા અંતઃકરણમાં વસેલી છે. તેનું તને કદી પણ સ્મર્ણ થયુ છે. હું કહું છું કે વિલાસ સુંદરીની ચોટ તારા ચિત્તમાં ચોટવાથી તું તે બાળાને ભુલી ગયો છે. પણ તે બાળા તને ભુલી ગઇ નથી. તને પોતાનો કરી રાખવા માટે પોતાના હૃદયરૂપી સ્થાન ઉપર બેસાડી નિરંજન રૂપે પુંજન કરવા માટે તને તે શોધવા નિકળી છે. તારા કરતાં તે બાળાએ અધિક દુઃખ સહન કરી, દૈવી શકતીને રીઝવીછે. તે દૈવીક શકતીની સહાયથી તને હવે પછી અલૌકીક સુખ પ્રાપ્ત થાય તે અર્થે, તે એક મ્હાત્માની સેવા કરવા માટે નિકળી છે.

કનકાવતીને સીમાડે આવતાં તેને ભાન આવ્યું કે, મ.રો વ્હાલો ગુણુનીધિ માગધ દેશના જાદુગરનો જાદુઇ કીલ્લો તોડી વીલાસ સુંદરીને, કળાધર જાદુગરના હાથમાંથી મુકત કરવા માટે કનકાવતી ગયો છે. તે કનકાવતીમાં મારા પ્રાણુનાથ ગુણુનીધિનું શું થયું હશે તે જાણવા માટે અહીં આવે છે.

અબધુત—આવ્યા પછી તે શું કરશે ?

મસ્તકે—કળાધર અને મન્મથ દૈત્યની કૃતિથી જે માયા ઉત્પન્ન થશે તે માયાથી તમે બંને જણુ કાંસાના પુતળા બની જશો. તે કાંસાના પૂતળા જોતાંજ, તે પોતાના મનમાં સમજી જશે કે આ બેમાંથી એક પુતળું મારા પ્રાણુનાથ ગુણુનીધિનું અને બીજું પુતળું તેના કોઇ એક સાથીનું છે. તે જોતાનીવાર તે બાળા, બનેની ફેલાયેલી માયાનો પોતાની શકતીથી મન્મથ દૈત્યને, અને તેની તમામ ફોજનો નાશ કરી, તેની તે માયામાંથી તમને મુક્ત કરશે. તમે તમારા અસલ સ્વરૂપમાં આવતાજ, તે બંને બાળાઓને તમે નહીં જોઇ શકો તેવી રીતે તે બાળાઓ અદ્રશ્ય થઇ જશે.

અબધુત—ઓ કરણુસ્રીંહના મસ્તક! તું જે હરણું અગમ નિગમની વાતો કરેછે. તે વાતોની મને કેમ ખાત્રી થાય કે તે બાળા મને શોધવા નિકળેલી છે, અને મારે માટે દુખ સહન કરી શકતીને રીઝવીછે, અને તેજ બાળાએ પોતાના પ્રાણુ મને

અર્પણ કરી ચુકીછે. કાંસાના આકારમાં બદલાઇ ગયેલું શરીર મારૂં જછે. એમ ઓળખી કાઢોને મન્મથ નામના દૈત્યોની ફેલાયેલી માયાનો અને તેનો નાશ કરશે.

મસ્તક—જ્યારે મારૂં મસ્તકમહાભુતનીનાં પેટમાંથી નિકળીને મારા ધડ સાથે ચોટી જશે, તે વખતે મારૂં અડધું શરીર પોતાની મેળે જમીનથી ઉંચુ જઇ ગોખની અંદર રહેશે, અને બાકીનું શરીર, અર્થાત શરીરનો છેલ્લો ભાગ જમીનપર રહેશે. ગોખમાં રહેલા શરીરનાં ભાગ ઉપર તું જો તારા અસલ સ્વરૂપમાં ઉભેલો તું મને જોતો, તે તારો પ્રાણ પ્રયા ખરી છે, અને તેને માટે મેં જે હુવણાં જે વાત કહીછે તે પણ ખરી છે, એમ માન અને તું તેમ ન જોતો મેં જે વાત કહી છે તે બધી ખોટી છે. અને તેની શીક્ષા બદલ મારા શરીરને તું જો અગ્નીસંસ્કાર નો નહીં કરે તો તને ઇશ્વરનાં સમ છે.

અબધુત—(આશ્ચર્ય થઇને) ગોખની અંદર, તારા અડધા શરીર ઉપર હું ઉભો રહેવાથી તને શ્યો લાભ થશે.

મસ્તક—ઓ અબધુત ! પ્રાણને જે પોતાનાં પ્રાણ અર્પણ કરી ચુકેલી છે, જેને તું પ્રીય છે, અને તે પ્રેમી તે પોતાનાં પ્રાણથી વિખુટા પડેલા પ્રાણને સોધવા માટે નિકળેલી, સંતનોના પવિત્ર હાથનો તને સ્પર્શ થશે, તેના તે સ્પર્શથી અને તારા સ્પર્શથી મારો ઉદ્ધાર થશે. બસ હવે હું મારી જગ્આએ

જઇને બેશું છું, અને કનકસેનનું મસ્તક જેમ તને કહે તે પ્રમાણે કરવાને તત્પર થાય. એટલું કહેતાની સાથે કરણસીહનું મસ્તક પાછું મહાભુતનીનાં પેટમાં ઉતરી ગયુ.

કનકસેનનું મસ્તક--કેમ મહાભુતની! કરણસીંહના મસ્તકે જે કાંઇ કહયું છે તે સત્ય છે કે, અસત્ય છે. હવે તારા મન્મથ દૈત્યની કાલમરદની તોપ આ સંતપુરૂષને, અને આ ભગવતસીંહને કંઇ કરી શકનાર નથી. જા! પાપણી! જા! ઘોજારી! તારો પણ અંત આવી ચુકયો છે, હવે વીચાર શું કરે છે? તારા મસ્તકનીજ માત્ર રાહ જોઉં છું.

અબધુત—મસ્તક! તારી વાણી સત્કાર કરવા જેવી છે, તારી વાણી સંત પુરૂષોના સત્યકાર્યને વીજય દેનારી છે. તારી સત્ય વાણીને ગંગાના જળ સમાન ગણી મારા મસ્તકે ચડાવું છું. છતાં તું જરા શાંત થા. અને શાંતથી જો! મહાભુતની પોતાની કારમીક માયાને કયાં સુધી ટકાવી શકે છે! તે જોયા પછી તેનો હું અવશ્ય નાશ કરીશ.

આ શબ્દોથી મહાભુતની મહા ક્રોધાયમાન થઇ જઇને, પોતાના ખડગને હાથમાં લઇને મસ્તકના મોઢા ઉપર મારીને કહયું કે, ‘ ઓ ખડગ! પ્રાણનાશક ખડગ! તારા ઘાથી આ મસ્તકનો ત્વરાથી નાશ કરી નાંખ! જેના ટુકડાં પક્ષીઓ પણ ખાઇ ન શકે તેવી રીતે તેના કટકા કરી, તેને

તારી અગ્નીથી બાળી ભસ્મ કરી નાંખ ! એટલુ કહેતાની સાથે પોતાનાં ખડગને મસ્તકનાં મોઢા ઉપર જેવું મારવા જાય છે, તે જોઇને અબધુતે મહાભુતનીનો હાથ પકડી લઇને, કહયું કે, 'બસ કર ! દુરાચરણી બસ કર ! નીમકહરામ બસ કર ! વચન ભંગી બસ કર ! તારા કરણીના ફળ ચાખવાનો તારો સમય આવ્યો છે તે સમયને આધીન થા ! તારા પાપે તને ફસાવી છે. માટે બસ કર ! કહુછું કે બસ કર ! તારૂં ખડગ મસ્તકના કટકા કરી ભસ્મ ન કરતા. તારાજ મસ્તકને ઉરાડી નાખશે માટે ચેત ! તારો કાલ તને ચેતાવેછે તો પણ તું ચેતતી નથી.

મહાભુતની—ઓ નીચ ! તારૂં મુખ બંધ કર. તું મારી સાથે મુદલ વાત કરવા લાયક નથી. તું કોણ ! એક રખડતો રઝળતો ભીખારી બાવો ! ચપટી લોટનો ભીખારી ! તેના ડરથી હું ડરી જઇશ ? તેના ભયથી હું ભય પામી મસ્તકના ટુકડાં કરવા સુકી દઇશ ! તું બોલતો નથી, પણ તારો કાલ તને બોલાવે છે, ! તારો કાલ તારી સમીપ આવી ઉભો છે તેને તું ઓળખ ! કાળની સાથે હાથ મેળવવાની ઇચ્છા રાખે છે કે વીલાસ સુંદરીના હાથની ઇચ્છા રાખી છે ! વાહરે વિલાસ સુંદરીના લંગોટીઆ પ્રેમી ! વાહરે વિલાસ સુંદરીનું સુખ મેળવવાને તતપર થયેલા સાધુ વિલાસી ! નર્કનો વિલાસ ભોગવવો હોય તો તારે માટે નર્ક તૈયાર છે, પણ વિલાસ સુંદરીના સુખ-

નો વિલાસ ભોગવવો મહા દુર્લભ છે, તે ભોગવવા લાયક તું નથી. જેનામાં હજારો હાથ જેટલું બળ હશે, જેનામાં અથાગ શક્તી હશે, અને જેનાથી જગત ભય પામતું હશે તેજ વીલાસ સુંદરીના સુખનો લ્હાવો લેશે. તે તારી જંગલની ઝુંપડીમાં રહેવા લાયક તે સુંદરી નથી, પણ મન્મથના મહા વિલાસી મ્હેલમાં રહેવા લાયક છે, તે સુંદરી તને કેમ પ્રસન્ન કરશે ! તે શું તારા લંગોટીઆ બાવા ઉપર મોહીત પડશે ? તે શું અંગે ભભુત ચોળી ભીક્ષા માગી પેટ ભરનારા ઢોંગી બાવાને પોતાના મણી મુકટ સમાન લેખવાને અધુરી બનશે ? શું તે આવો ભેખ વીલાસ સુંદરી મેળવવા માટેજ લીધો છે, અને તે વેશમાં રહીને, વચમાં નડતાં કંટકોને નાશ કરવા માટે નિકળ્યો છે ? શું તુંજ બળવાન છે ? શું તું પરાક્રમી છે ? શું તારા શીવાય બીજા વીરલા પુરૂષો વગરની આ ભુમિને વાંઝણી સમજે છે ? હા ! હા !! વિલાસ સુંદરી વાટમાં બેઠી છે તેને તું લઇ જજે, બાવા ! ઓ ઠગારા બાવા ! આ ભુમિ ભોરીંગોની છે ! તે ભુમીની સામે કોઇ પણ આંખ ઉંચી કરી શકતું નથી તો પછી તું શું કરી શકનાર છો ? ભલભલાઓના પાણી આ ભુમીએ ઉતાર્યા છે, તો પછી તારૂં શું ગજુ છે તેનો તું તોલ કરી શક્યો નથી, તેનો તું વિચાર કરી શક્યો નથી. પણ તું કરેજ કેમ ! તારૂં કીસ્મત તારી વીરૂદ્ધ છે, તે તારા કીસ્મતે તને અંહી સુધી ઘસડી આણ્યો છે. જો મારા મન્મથ દૈત્યના કોપમાંથી તારે બચવું હોય

તો, મારા ચરણુની રજ ઉપાડી તારા મસ્તક ઉપર ચોળ! હું તારા સર્વ અપરાધને ક્ષમા કરીશ.

અઅધુત—હા! હા!! હવે મારી પુર્ણ ખાત્રી થઇ ચુકી છે કે, આ ભુમિ કેવળ દૈત્યોથીજ વસેલી છે, જો વસેલી ન હોત તો, આ ભુમિ ઉપર આવો કાળોકેર કદી પણ વરતાવા પામત નહીં. જ્યાં જોઉ છું ત્યાં દૈત્યો નજરે પડે છે, જ્યાં જોઉછું ત્યાં દૈત્યોના ત્રાસની બુમો પડે છે, અને દૈત્યો-નીજ કાળી મુર્તિઓ મારી સમીપ આવી ઉભીછે. તેમાંતો હવે કંઇ શક રહયો નથી. મારા શકને, દુર કરનાર, અને મસ્તકની વાતને સત્ય ઠરાવનાર એ દુરાચરણી, એ મહા પાપીણી! મહાભુતની તુંજ છો! તેથી હું તારો ઉપકારજ માનીશ, અને તે ઉપકાર બદલ હું તો હરપલે તને ક્ષમાજ કરીશ. પણ એટલું તો તું યાદ રાખજે કે, જેનો મારો ઉપર અપુર્વ પ્રેમ છે, અને તે પ્રેમને લીધે, જે પ્રેમ મુર્તિ મારા રૂદરરૂપી કમળ ઉપર બીરાજમાન થયેલી છે, તે પ્રેમમુર્તી, તને અને તારા મન્મથી દૈત્યને સીક્ષા કર્યા વગર હરગીઝ રહેનાર નથી. તે પ્રેમ મુર્તીએ તને એકવાર મારી શક્તીનો ચમત્કાર બતાવ્યો છે, છતાં તું તે ભુલી જઇને, મારૂં અપમાન કરી, મારી સાથે દગો રમી ને મારો નાશ કરવાને તત્પર થઇ છે. તેમાં તે ભારી ભુલ કરી છે. તેમાં તું પુર્ણ રીતે ઠગાઇ છે. તેથી તારો, તારા

મન્મથ દૈત્યોનો, અને તારી તમામ અસુરી માયાનો નાશજ થશે. હું તારા અપશબ્દો સહન કરીશ. પણ તે મારી પ્રેમી મુર્તી સહન કરનાર નથી. મેં તને એકવાર તે ગુફામાં પ્રાણદાન દીધું છે. તેથી મારા હાથને અપવીત્ર કરવાને સંકોચાઉછું, પણ તે પ્રેમી મુર્તી સંકોચાશે નહીં, તેતો અવશ્ય તારા અપરાધ બદલ તને શીક્ષા કર્યા વગર રહેનારજ નથી.

ઓ નીર્લજ! બે શરમ! હૈયા ફુટેલ મહાભુતની! ઇશ્વરની અલૌકીક લીલાની નીંદા કરનાર, અને તેના ભાવીક ભક્તોની નીતિને ભ્રષ્ટ કરનાર ભ્રષ્ટાચારીણી! હું મારા આપ સ્વાર્થને માટે, કે વિલાસ સુંદરીના સુખના વીલાસ માટે, બાવો બન્યો નથી. પણ નિર્દોષોનો ભોગ લેનારા તમારા જેવા દૈત્યોનો નાશ કરવા માટેજ આ અબધુતનો ભેખ લીધો છે, બાવો નથી પણ ક્ષત્રીછું. ક્ષત્રી ધર્મ શું છે? તેની ફરજ બજાવવા માટેજ, આ અસુરી ભુમિ ઉપર અસુરી સત્તા ચલાવી, અધર્મો ફેલાવનારા ક્રૂર દૈત્યોનો નાશ કરવા માટેજ આ ભેખ લીધો છે. એજ સત્ય છે, અને એજ સત્યથી આ કાયા અનેક રાક્ષસોની અસુરી માયામાંથી બચવા પામી છે, તો આ સમે તારી, અને તારા દૈત્યની અસુરી માયાથી શું બચવા પામશે નહીં? તારો ગર્વ, તારો અહંકાર, અને તારો ક્રોધ, તારા પાપ બદલ તનેજ બાળી ભસ્મ કરશે. તે તું અચિન્ત જાણતી હઇશ, તારા ગર્વનો,

નાશ કરવા માટે મારી પ્રેમી મુર્તીની સુચનાને શીર સમાન ગણી તારો નાશ કરવાને તત્પર થઇશ. તમારા દૈત્યોના વચનો ઉપર વિશ્વાસ રાખીશ નહીં. તમારો નાશ કરવામાં જ હું સર્વનું શ્રેય સમજુછું. તમે ભુમિને ભાર રૂપ છો, નિરદોષોના દુખરૂપછો, તેનો નાશ કરવો એજ ખરા ક્ષત્રીઓનો ખરો ધર્મ છે, માટે ઓ રાક્ષણી! તારા દૈત્યને, અને તારા દૈત્યની ફોજને સત્વર બોલાવ! તારી માયાના અપુર્વ પ્રયોગને અજમાવ! કેમ ઉભી છો? શું જોય છે? તારી પાપી આંખને એકદમ બંધ કર! તારા શીરને નીચે નમાવ! તું મારી સામે જોવા કે ઉભી રહેવા લાયક નથી. (ભગતસીંહને) ઓ વ્હાલા ભગતસીંહ સંકટમાં ઢાળ રૂપ થઇ પડેલા ભગવતસીંહ! તમે ખરા ક્ષત્રી છો! તમારો ધર્મ શું છે તે તમે સારી પેઠે સમજોછો. તે ધર્મની ફરજ બજાવવાનું કામ તમારી તરવારને તમારા મ્યાનમાંથી બહાર ખેંચી આ મહાભુતનીના મસ્તક ઉપર મુકી દો. ઇશ્વર તમને સહાય કરશે. હમણાંજ હું આ ફેલાઇ ગયેલી દૈત્યોની માયાનો નાશ કરૂંછું.

અબધુત એક ધ્યાનસ્થ થઇ જઇને પોતાના ઉપર પ્રસન થયેલી દૈવી શકતીનું સ્મર્ણ કરવાથી, તે દૈવી શકતીએ તરત મહાભુતનીની માયાનો નાશ કરી નાંખ્યો. પોતાની મા-

યાનો નાશ થયેલો જોઇ મહાભુતનીનો ચહેરો બદલાઇ ગયો, અને તે થર થર ધ્રુજવા લાગી.

મહાભુતનીનાં તમામ મનનો રંગ બદલાઇ ગયેલો જોઇને, અબધુતે પોતાના ચીપીઆને જોરથી ગુમાવીને તે રણ-સ્થંભ ઉપર થોકીને કહયું કે,–'તારા પેટની બળતરા ઓળવી નાંખ! તારા કાળસ્વરૂપને સંતાડવાને વાસ્તે પૃથ્વીમાં અર્ધો સમાઇ જા. નહીં તો હમણા તને બાલી ભસ્મ કરી નાંખીશ.

અબધુતની અગાધ શકતીવાળો ચીપીઓ રણસ્થંભ ઉપર પડતાની સાથેજ, તે રણસ્થંભ ગર્જના કરતો અટકી જઇને, એકદમ અડધો પૃથ્વીમાં પેસી જઇને વચમાં થંભી રહયો.

આ જોઇ કનકસેનનું મસ્તક ખડખડ હસીને કહેવા લાગ્યું કે, 'લે હવે હાથના કર્યા હૈયે વાગ્યા! મહા ઘોર કર્મ કર્તા પાછું ફરીને જોયું નહીં તેનો આ બદલો તને મળી ચુકયો છે તેનો સ્વાદ ચાખ. બહુ ચઢે તેજ પડે છે. જે પારકા માટે ખાડો ખોદે છે તે પોતાને માટેજ ખોદે છે. તેની તને હવે ખાત્રી થઇ કે થવાની છે? જો! તારા મહા દુષ્ટ કૃત્યના ફળને જો! કયાં ગઇ તારી માયીક શકતી? કયાં ગયો તારો મન્મથ દૈત્ય? ઓ નીચ! હવે ધરતી કાં કોતરે છે? હવે ધરતીને કાં શરમાવે છે? તેમાં ધરતી પણ શું કરે? ધરતી

તારાથી અપવીત્ર થયેલી છે તે ધરતી તારૂં કેવી રીતે રક્ષણ કરશે? બોલ હવે કોનો ભોગ લેવા ઇચ્છે છે? લેવો છે કે દેવો છે. લેવાની વાત મુકી દે. પણ દેવાને તત્પર થા. હવે મારૂં પુરૂં વેર વસુલ થશે; અને તે વસુલ કરવા માટે, તારા મસ્તકની સાથે મારૂ મસ્તક સુદ્ધ કરવાને ક્યારનું તડફડયા મારી રહેલું છે. એજ ઇચ્છા છે, અને તે પરીપુર્ણ કરવા માટે જ મારા મુખમાં બોલવાની શકતી રહી શકી છે. ઓ અબધુત તે તું પુર્ણ કરજે.

ઓ અબધુત! મારા વચનોને સત્ય માનીને મહાભુતનીને તું જે શીક્ષા કરવાને તત્પર થયો છે તે બદલ તારી ઉપર પ્રસન્ન થઇને હું તને સુચવું છું કે, 'જે છબી કળાધરે કરણ સીંહને વીરપુરના દરવાજે ટાંગવાને આપી હતી, તે છબી, અને તેની સાથે પહેલી સોનાની પુતળી, જે તારા હાથમાં આવેલી છે, તે બંને વસ્તુનો તું સત્વર નાશ કરજે. એ અબધુત! હવે તું સાવધ થા.' મહાભુતનીના જાદુઇ પ્રયોગથી તેના મન્મથ નામના દૈત્યની ફોજ, 'કાલ મરદની' નામની મહા ભયંકર તોપને લઇને આ તરફ આવવાને નિકળી ચુકી છે, તે આવે પહેલા, આ મહાભુતનીનાં મસ્તકને ઉરાડી દે.

અબધુત—ઓ મસ્તક- 'તે તારો છેવટનો સમય સુધાર્યો છે. તે તારા છેવટની ઘડીને ન બગડવા દેતા, બહુ સં-

ભાળથી સાચવી રાખીને સુધારી છે તેથી હું તને ધન્યવાદ આપુ છું કે, 'ઇશ્વર તારા પાપનો તને ક્ષમા કરશે. અને તે ક્ષમાથી તારા આત્માની શાંતી થશે. નિર્ભય રહેજે. (ભગવતસીંહને) ક્ષત્રીસીંહ થઇને શું જુઓ છો? સમથને નિર્થક જવા ન દેતાં, સત્વર મહાભુતનીના ધડથી તેના મસ્તકને છુટું પાડી નાંખો.'

મહાભુતનીના ગરદન ઉપર પ્રથમથીજ ભગવતસીંહે તરવાર મુકી રાખી હતી, તેનો ઉપ્યોગ કરવાનો હુકમ થતાંજ ભગવતસીંહ પોતાની તરવાર ઉચકી, તે જોઇને તે મસ્તકે કહયું કે ઓ અબધુત! ભગવતસીંહની તરવારથી મહાભુતનીનું મસ્તક ઉડનાર નથી, પણ તમારા હાથથી ઉડશે.

અબધુત—મસ્તકના કહેવા મુજબ ભગવતસીંહના હાથમાંથી તરવાર લઇને મસ્તકને પુછયું કે, 'ઓ મસ્તક! તારા સબને અગ્નિસંસ્કાર કોના હાથથી કરાવવાની ઇચ્છા રાખે છે તે તું કહે.

મસ્તક—કરણસીંહના સબની સાથેજ, મારા સબનો અગ્નિ સંસ્કાર; ભગવતસીંહે કરવો, કે જેના સ્પર્શથી મારો પણ ઉધ્ધાર થશે. અબધુતે કહયું કે, 'ઠીક છે, તારી ઉચ્છા નુસાર કરવામાં આવશે.' એટલું કહેતાની સાથે અબધુતે મહાભુતનીનું મસ્તક છેદી નાંખ્યું.

મહાભુતનીનું મસ્તક જમીન પર પડતાંની સાથે, કનકસેનના મસ્તકે, મહાભુતનીના મસ્તકની આગળ દોડતાં અટકાવીને તેની સાથે અથડા અથડી કરવા મંડયું, બંને મસ્તક એકમેક સાથે જબરૂં યુદ્ધ કરતાં કરતાં આકાશ સુધી ઉંચે પહોંચી આકાશની પોલમાં રહેલા કાદવમાં સમાઇ ગયા અને તેની સાથેજ પૃથ્વીની બહાર રહેલો રણસ્થંભ પૃથ્વીમાં ગરક થઇ ગયો.

આ સમે જે ત્રણ મસ્તક વગરના શરીરો પૃથ્વી ઉપર પડેલા હતા, અને તેનું માંસ ખાવાને, અનેક પક્ષીઓ તેના ઉપર ભમી રહેલાં હતાં, તેમાંથી એના શબને ઉપાડી અબધુત અને ભગવતસીંહે વીરપુરના દરવાજા આગળ મુકી આવ્યા. અને મહાભુતનીના શરીરને ત્યાં રહેવા દેવાથી માંસના ભુખ્યા પક્ષીઓ પોતાની ક્ષુધા શાંત કરવા માટે તેના શરીર ઉપર તુંટી પડયાં.

ભગવતસીંહ.—અહો ! પરમ પદ પુજ્ય ગુરૂજી ! આપની અનુકુપાથી માથે ગાજી રહેલાં સર્વ ભયનો નાશ થયો છે તેની શાક્ષી આ દીશાઓ કેવી આપી રહીઓ છે.

અબધુત—ભગવતસીંહ! હું તે ઉપમા લાયક મુદલ નથીજ. હું તો એક કીંકર સરખો છું તમારા ચર્ણની રજ છું.

તેને આવી ઉપમા ઘટે? મારી અનુકુપાથી તે ભયનો નાશ થયેલો સમજીને મને આવી ઉપમાઓ આપી, મને મીથ્યા અભીમાની બનાવવાનું ઉત્તેજન આપવા સરખું કંઇક પણ કહેશો નહીં. તે ભયનો નાશ કરતા હું નથીકે તમે નથી. પણ તે સર્વનો મહાન પિતા છે, તેના સામર્થ આગળ આપણું સામર્થ કંઇ ગણુત્રીમાં છે. આપણે તો આ સંસારના અલ્પ કીડાઓ છીએ. માટે તે સમર્થને સાષ્ટાંગ નમસ્કાર કરો, હજાર વાર તેના ચર્ણમાં મસ્તકને નમાવો તે પાર ઉતારશે! તે બચાવશે! તે દૈત્યોના ત્રાસમાંથી મુક્ત કરશે. તેની સત્તા સબળ છે તે સત્તાવાન સત્તાધીશની આજ્ઞાનું પાલન કરો. તે પ્રમાણે વરતો, બીજાને વર્તાવો. તો તે ન્યાયવંત ન્યાયધીશ તમને ન્યાય આપ્યા વગર હરગીજ રહેનાર નથી.

ભગવતસીંહ—તે તો સમર્થનો સમર્થ છેજ, તે ન્યાયવંતને ન્યાય આપશે. તે સત્યવાદીના સતનું રક્ષણ કરશે. તે કાલને કાલ છે. દૈત્યનો સંહારી છે. અધરમીઓનો નાશ કરતા છે. તેની આજ્ઞાને લોપનાર, તેના નિયમને તોડનાર, તેની મર્યાદાનો ભંગ કરનાર ગમે તેવો બળવાન પ્રાણી હશે, ગમે તેવો ક્રૂર સ્વભાવનો હશે, અને પોતાના ક્રૂર સ્વભાવથી અનેક નિરદોષ લોકોને ત્રાય ત્રાય પોકરાવતો હશે, તેને ત્રાય ત્રાય પોકરાવનાર, અમે તેના અપરાધ બદલ તેને શીક્ષા કરનાર તેજ મહાનનો માન્ય જગત

પિતા સમર્થ છે. તેની સત્તાનો આ જગત ઉપર ન્હોત તો આ જગતમાં ઉત્પન્ન થયેલા મનુષ્ય રૂપી રાક્ષસો આ જગતનો, જગતના ધર્મનો, જગતનાં વહેવારનો નાશ કર્યા વગર રહેત નહીં. સત્તા છે. તે જાણુવા છતાં, મનુષ્ય રૂપી રાક્ષસો પોતાનો ક્રૂર સ્વભાવ બતાવ્યા વગર રહેતાં નથી. તેનો અનુભવ આપે લીધો છે, અને તમારી સાથે હું પણ લેવાને કંઈક સમર્થ થયો છું. તમારી કૃપાથી અને તે મહાન ઇશ્વરની કૃપા ન હોત તો, શું હું આ દૈત્યોની માયાને જોવા રહયો હોત? ક્યારનો મને યમપુરીમાં પહોચાડી દીધો હત? મારી ઉપર સીતમ ગુજારનારાઓને, તેના કૃત્ય બદલ તમે જે શીક્ષા કરી છે, તે શીક્ષા જેવી તેવી નથી, તે શીક્ષાથી કંઈક દુષ્ટાચારીઓના પાષાણુ સરખા અંતકરણુ પીગળી ગયા વીના રહેનાર નથી. સનાતન ધર્મનો નાશ કરી, પોતાનો પાખંડી ધર્મ ચલાવવા માટે અનેક મનુષ્ય રૂપી રાક્ષસો આ ભુમીની ઉપર પોતાની સીતમગીરી ચલાવવાને બાકી રાખતાં નથી, તે સીતમગીરી ચલાવનારા રાક્ષસોનો ક્યારે અંત આવશે? તેના અધર્મ કર્મોથી સનાતન ધર્મનો નાશ થતો ક્યારે અટકશે? સનાતન ધર્મનો તંબુ પડી ભાંગવાથી જ્યાં ત્યાં અનાચાર ભ્રષ્ટાચાર વરતાતો જોવામાં આવેછે, આ અનાચાર અને ભ્રષ્ટાચારથી, લોકો વિવેકનો, નિતિનો, પ્રીતિનો, શરમનો, મરમનો

અને ધર્મનો ત્યાગ કરતાં જાય છે, આ સર્વેનો ત્યાગ થવાથી, સર્વેના સ્થાનમાં, સર્વેના મંડળમાં, સર્વેના કુટુંબમાં રહેલા સંપનો નાશ થાય છે, અને તે સંપનો નાશ થવાથી, સત્યનો સંપતીનો અને સંતતીનો પણ નાશ થાય છે, અને તેને બદલે, સર્વત્ર પાપ ફેલાય છે, અને તે પાપથી અનર્થ કરનારા કાર્યો થાય છે. એજ મહા સંતાપની વાત છે. તે આપે આપની ખુલા મુસાફરીના દરમ્યાનમાં જોયું છે. અનુભવ્યું છે એટલે પછી હું એથી વધારે શું કહું, કહેવા જતાં મારૂં રદય કાંપે છે. મારૂં શરીર ધ્રુજે છે, અને તેનું વર્ણન કરવા જતાં, મારી જીભ થરડાઇ જાય છે. એ પણ મારા કુટુંબ સંબંધી જે જોયું છે, જે જાણ્યુ છે, તે મનુસ્યના ધર્મથી કેવળ ઉલટુંજ હતું, મારા કુટુંબ રૂપી બગીચામાં જે કમળો ખીલી નીકળ્યા હતાં, તે કમળોનો નાશ કરાવનાર કળાધર જાદુગર છે, અને તે જાદુગરના હાથથી બાકી રહેલાં એક કમળનો નાશ થતો અટકાનાર આપછો. માટેજ આપને એવી ઉપમાથી બોલાવવામાંજ હું મારો ધર્મ સમજુછું.

અબધુત—ભગવતસીંહ ! સમો બળવાનછે. સમો સમાનું કામ કર્યા વગર રહેનાર નથી. સમાના પ્રબળ આગળ મનુસ્યના વિચારો પાણીના પરપોટા જેવા છે. જે જે આ જગતમાં ફેરફાર થવા પામ્યો છે તેને સમાના બળથીજ, જે જે આ

જગતમાં ન્યાય ન્યાય વર્તાવનારાઓનો નાશ થયો છે, તે સમા-
ના બળથીજ. સમા શીવાય કંઇ થઇ શકતું નથી. માટે સમાને
માન દઇને વર્તનારાઓજ આ જગતમાં સુખ રૂપ રહી શકે છે,
પણ જેઓ સમાને નથી વર્તતા, તેઓ આ જગતમાં નિંદાયછે.
જગતની બત્રીશીએ ચઢે છે, અને અંતે દુખમયી સ્થીતિને
પ્રાપ્ત કરી આ લોક અને પર લોકને બગાડે છે. જો જેને પો
તાના બંને લોક સુધારવા હોય તો તેણે સમાને માન દઇનેજ
વર્તવું. એમ મારૂં માનવું છે. પ્રિય ભગવતસીંહ ! આ બાબત
બહુ ઉંડી છે, અને તે માટે ઉંડામાં ઉંડો વિચાર કરવાની જ-
રૂર છે. પણ તે વિચાર જેટલી ઘડી આપણા હાથમાં ન હોવા
થી, તે માટે હું તમને હાલ કંઇ કહી શકતો નથી. પણ વ-
ખત આવતાં તે માટે હું તમને મારા વિચાર જણાવીશ. હવે
અહીંથી ચાલો અને તમારા મ્હેલમાં જઇએ, અને પહેલી
છબી અને પુતળીનો નાશ કરી, સર્વે ફોજની તૈયારી કરી
રાખીએ. કે જેથી શત્રુને વળતો જવાબ વાળવાને ઠીક થઇ પડે.

આ બંને જણ ભગવતસીંહના મ્હેલમાં ગયા અને પહે-
લી છબી અને સોનાની પુતળીનો નાશ કરી નાખીને, વીરપુર-
ના કીલ્લાં ઉપર જબરી તોપો ચઢાવવાને લશ્કરનાં વડાને
હુકમ આપી, આપ બંને જણ બીજી ફોજને લઇ, વીરપુરના કી-

લ્લા ઉપર ચઢયા અને ત્યાં તે ફોજને અનુક્રમે ગોઠવી શત્રુની રાહ જોતા ઉભા.

એટલામાં મન્મથ નામના દૈત્યની એક જંગી ફોજ ધમશાણ મચાવતી, વીરપુર તરફ આવવા લાગી. આ ફોજના ધમશાણથી, ઉડી રહેલી રજથી આકાશ છવાઈ ગયું, અને તેની ઘોર ગંભીર ગર્જનાથી સર્વત્ર મહા ત્રાસ વર્તાઇ ગયો. પવનના વેગને અટકાવી ન શકાય, તેવા વેગમાં, દૈત્યની ફોજ, ત્રાડ મારતી, આકાશ અને પાતાળને ગજાવતી એક આંખના પળકારામાં, ચપટી વગાડે તેટલી ઝડપમાં, વીરપુરને ઘેરી લઇ, વીરપુરનો નાશ કરવા માટે, વીરપુરના કીલ્લાના જંગી દરવાજાની સન્મુખ કાલ મરદની નામ જપી તોપ ગોઠવી દઇને, ભયંકર સ્વરૂપવાળો, જેનું માથુ બહુ પહોળું અને ઉંચુ છે, જેનું શરીર જુના થએલા ડડના થડના જેવું જાડુ છે, જેના હાથ હાથીની સુંઢ જેટલા લાંબા છે. જેની આંખો મ્હોટા કોડા જેટલી મ્હોટી છે, જેમાંથી લાલ અગ્ની જરી રહયો છે, તે મન્મથ નામનો દૈત્ય વાંદરાની પેઠે છલંગ મારીને વીરપુરના કીલ્લાની રાંગ ઉપર ચડી ગયો, અને જ્યાં અબધુત ઉભો હતો. ત્યાં જઇને, અબધુતનો હાથ પકડી અબધુતને કહેવા લાગ્યો કે, એ લંગોટા ! બોલ મારી ભુતની કયાં છે ?

અબધુત—હે દૈત્ય! તેને તેનું પાપ ગળી ગયું છે.

દૈત્ય—અંહ! તેને તેનું પાપ ગળી ગયું છે કે, તેં-નો તે નાશ કરાવ્યો છે, તે સત્વર કહે. પણ જે જે બાવા તેની પેઠે તારૂં પાપ તને ગળી ન જાય!

અબધુત—જે પાપી હસે તેને પાપ જરૂર ગલી જ-શેજ, તેતો તારા કરતાં, ભડવાડનો છોકરો પણ સમજી શકે છે. તો પછી તું મને શું સમજાવવા નિકળ્યો છે. જરા છેટો ઉભો રહે, હાથ મુકી દેઇ પછી વાત કર.

મન્મથ—ઓ ચંડાલ! મારો ચોર હોઇને, ક્ષમા ન માંગતા, સામું મારૂં અપમાન કરે છે? ભોરીંગના ડરમાં હાથ ઘાલીને, ભોરીંગનો તીરસ્કાર કરે છે? એક ભરવાડના છોકરા કરતાં પણ મને બેહ સમજીને મારી અવગણનાં કરે છે? યાદ રાખ! બાવા! હવે હાથમાં આવેલાને કેમ મુકીશ! મહા ભુત-નીનું વેર, તેનું જે ઝેર આ આંખમાં ભરાયેલું છે તે ખાલી કર્યા વગર તારા હાથને કદી પણ મુકનાર નથી.

અબધુત—ઓ ચોરના સરદાર! ઓ ચંડાલનાં દીકરા! તારા જેવા દૈત્યો જેવા ભોરીંગો, કનકાવતી નગરીના જંગલમાં કંઇક રખડે છે, તે દૈત્યો રૂપી ભોરીંગ જગતને પિડા રૂપ થઇ પડ્યા છે; તે જગતનાં ખરેખર સીકારનેજ પાત્ર છે. તેના પીડા

રૂપ દૈત્યોથી હું ડરતો નથી, તેને બંમાણું આપતો નથી, અને તેના પડછાયાથી દુર રહેવામાં મારૂં શ્રેય સમજું છું, માટે તું જે ઇચ્છાથી આવ્યો છે. તે ઇચ્છા પૂર્ણ કરવામાં સમર્થ હો, તો પછી મારા જેવા બાવાનો હાથ પકડવાથી તને સ્યો લાભ થનાર છે? જેને તારી મહાભુતનીને મારી હોય, તેને શોધી લે! તે તને જવાબ આપશે. પણ આ બાવો તે માટે તને જવાબ આપનાર નથી. માટે કહું છું કે, આ દુષ્ટ દૈત્ય મારા હાથને મુકી દે!

દૈત્ય—તું બાવો નથી. પણ તું દૈત્યોની જાતીને ભ્રષ્ટ કરનાર તું કોઇ મ્હોટો દૈત્યછે તેથી તેં મારા જેવા દૈત્યની સાથે બાથ ભીડી છે. તેજ મહા ભુતનીનો નાશ કરાવ્યો છે, તેજ કનકાવતી નગરીને બાળી ભસ્મ કરાવી છે. તે કેવળ વિલાસ સુંદરીને માટે, તું તે વિલાસ સુંદરીનો પ્રેમી છે, અને છે પ્રેમ પરહરશીત કરવાને માટે, બાવો બનીને, બીજાને હાથે, તારી આપનારાઓનો નાશ કરાવે છે, એતો સત્ય છે. એમાં જરા પણ મીનમેખ જેવું હું જોતો નથી. બોલ બાવા! વિલાસ સુંદરીના કોમળ કંઠમાં તારો કઠોર હાથ નાખવો છે કે મારી કાલ મરદની નામની તોપના ગળામાં હાથ નાખવો છે.

અબધુત—શીલવૃત પાળનારી, બાળાઓનાં, અને ધર્માત્મા પુરૂષોનાં ધર્મનો નાશ કરનારા દૈત્યોનો નાશ કરવા માટે

આવો બન્યોછું. હું સનાતન ધર્મનો શુદ્ધ પ્રેમીછું, અને તે પ્રેમને ખાતર, સનાતન ધર્મ પાળનારાઓની ઉપર સીતમ ગુજારનારા મનુષ્ય રૂપી દૈત્યોનો નાશ કરવાને માટેજ આવો બન્યો છું, માટે ઓ દૈત્ય! વિલાસ સુંદરીના કોમળ કંઠમાં હાથ નાંખવાનો તું અભિલાષી છે, તે અભિલાષા પૂર્ણ કરવા માટે, તારી કાલ મરદનીનો મને ભય બતાવેછે, પણ યાદ રાખ? વિલાસસુંદરીનું રક્ષણ તેનું શીલવૃત કરશે, અને તેના તે શીલવૃતનો ભંગ કરવાને ઉદ્ધત બનેલાઓનો ભોગ આ તારી કાલમરદની તોપ લેશે. માટે ઓ દૈત્ય! તું મહા પાપી હોવાથી, હવે તારો ઉદ્ધાર થઇ શકે એમ નથી. તારા પ્રાણ બચી શકે એમ નથી. માટે તું સાવધ થા. તારા જોરને, તારી માયીક માયાને ખુબ અજમાવ! નહીંતો તારા પેટની ઉમેદ તારા પેટમાં રહી જશે, નહીંતો તારી આશા, તારી જીવમાં રહી જશે. તે આશા, તે ઉમેદ પૂર્ણ કરી લે. હવે હું તને, મારી સન્મુખ ઉભો રહેવા દઇશ નહીં, માટે કહુછું કે, મારો હાથ મુકી દે! તેમાંજ તારી શોભા છે. તેમાંજ તારી આબરૂ છે. માટે સમજી જા! નહીં તો ટકાના ત્રણુસેર જેટલો થઇ જઇશ।

દૈત્ય—ઓ ચંડાલ! તારા બાણુરૂપી બોલ હવે હું સહન કરી શકતો નથી, તે મારી છાતી વીંધી નાખી આરપાર

નિકુળી ગયા છે, તે તારા બાજુરૂપી બાલ વિંધાયલી છાતીના ઝેરી ઘાને રૂઝાવવા માટે તારા રૂધીરનો એક પ્યાલો મને પીવા દે ? તારી આંખને, મારા પગ નીચે, એક વખત કચડવા દે. હવે નહીં મુકુ ! મારૂં વેર લઇશ. એટલું કહેતાની સાથેજ તે દૈત્ય અબધુતના અંગ ઉપર ધસ્યો, તે જોઈ અબધુતે તે દૈત્યના હાથમાંથી પોતાનો હાથ મુકાવી, તે દૈત્યને કમ્મરમાંથી પકડી કીલ્લાની નીચે ફેંકી દીધો.

જાહેર ખબર.

સરવે ભાઇઓને ખબર આપવામાં આવે છે કે નીચે લખેલી ચોપડીઓ અમારે ત્યાંથી રોકડી કીમતે મળશે.

	મયલોદ મહોમદી (નવ મોલુદ શરીફ.)
૦–૧–૦	કસકુલ ખુલાસા
૦–૧–૦	કી. શાહેયમન
૦–૧–૦	કુંજતુલ ઇસલામ
૦–૧–૦	સખાવતનામા હજરતઅલી
૦–૧–૦	નાજની પઠાન
૦–૧–૦	મજમુએ જોગીનામા
૦–૦–૯	વફાતનામા બીબી ફાતમાકા
૦–૧–૦	કીસ્સામીરાંસઇયદઅલી
૦–૦–૯	શાદીનામા ફાતમા
૦–૧–૦	મજમુએ મુનાજાત
૦–૧–૬	સકરાત નામા
૦–૦–૬	તંબોલન જવાનકા કીસ્સા
૦–૧–૬	કી. સીપાઇજાદી
૦–૧–૬	કી. સોદાગર બચ્ચા
૦–૨–૦	કી. લેલીમજનું બડા.
૦–૧–૦	„ „ નાના.
૦–૧–૦	„ ચુવાબીહુીકા
૦–૧–૦	„ કાલી વ ગોરી
૦–૧–૦	„ છબીલી ભઠીયારી
૦–૦–૬	મુસલમાની બારહમાસી
૦–૧–૬	ગુલજારે માતમ
૦–૨–૦	અમેહુસનેન યાને બહારે મહોરરમ
૦–૧–૦	જમજમાની ખોપરી
૦–૩–૦	બીબી મરીયમકા કીસ્સા
૦–૮–૦	યુસુફ જુલેખા.
૦–૨–૦	નાજનીન નાવેલ(હંસાને લાયક કીસ્સા.)
૦–૨–૦	ઇંદરસભા ચીત્ર સાથે
૦–૧–૦	કીસા બીરૂલઆલમકા.
૦–૫–૦	અન્જામે સખાવત બ:દશાહે ખુદાદોસ્ત
૦–૨–૦	ઇનાફતાનેમાતમ
૦–૧–૦	છેલબટાવ રાનીમોહીના
૦–૧–૦	મોજેજીહીરનીકાશહાત નામા

ગઝલો.

૦-૨-૦ અત્રે સખુન ઉરફે મજ
મુઓ કવ્વાલી
૦-૨-૦ નવનેહાલે ગુલશન ઉરફે
નવબહારે ખુંબઇ
૦-૧-૦ ગુલદસ્તે ખુંબઇ
૦-૧-૦ નવબહારે કવ્વાલી ઉ-
રફે ગુલશને ખુંબઇ
૦-૨-૦ ઝોહરે કલીયર ઉરફે
મક ખુલે મીરાં
૦-૨-૦ બહારસ્તાને ખુંબઇ
ઉરફે ગુલીસ્તાને કવ્વાલી
૦-૧-૬ કરામાતે ખ્વાજા ઉરફે
બહારે અજમેર
૦-૧-૬ ગુલદસ્તે કવ્વાલી
નેબહારે મદીના ઉરફે ગુ
લશને કવ્વાલી ૧,૨,૩,૪
૦-૧-૦ ફીરદોસફા અજરા ઉરફે
ગોહરે કવ્વાલી
૦-૧-૬ ગુલચમને બોસ્તાં

૦-૨-૦ ગુલેનવબહાર ગુલેગુલ
જારનો બગીચો.
૦-૧-૦ ગુનચે બુલબુલ.
૦.૧૨.૦ નવીનકવ્વાલી ૧૦ ભાગ
૦-૧-૦જલવાયેખ્વાજા ૧લો ભાગ
૦-૧-૦ નગમે બુલબુલ ઉર્ફે જ
લવએ ખ્વાજા ૨ જા ભાગ
૦-૧-૦ જલવએ મુસ્તફા ઉરફે
રૌનકે સુખન ૩ જા ભાગ.
૦-૧-૦ નાઅતે મુસ્તેફા ઉર્ફે
ગોહરે સુખન ૪ થા ભાગ.
૦-૧-૦ રસીકે બુલબુલ ઉર્ફે
તરાનએ સુખન પાંચવા ભાગ
૦-૧-૦ ગુલે ખુશરંગ ઉર્ફે મા
શુકે બુલબુલ ૬ ટા ભાગ
૦-૧-૦ જલવએ યાર ઉર્ફે બ.
જમે કવ્વાલી સાતવાં ભાગ.
યહ ૧૦ ભાગ છાપે જાયેં
સાત ભાગ છપકર તય્યાર હે,
ઇનમેં કવ્વાલી ઠુમરી, કસીદે

બેનઝીર હૈં એક બાર જરૂર દેખીયે ઉમેદ હય કે આપ જરૂર તારીફ કરેંગે ઔર હમારી મહેનત કી દાદ દેંગે.

૦-૨-૦ આશીકોંકી જાન ઉર્ફે માશુકોં પ્હેછીન (સરસ સવાલ જવાબ)

૦-૨-૦ આશીકોંકી વ માશુકકી છેડ છાડમ કીતાબકા હાલ નાસે જાહેર હે.

૦-૧-૬ ગુલશને બેનઝીર

૦-૧-૬ નીહાલે ગુલશન ૧.૨.૩

૦-૧-૬ ચમને બેનઝીર ૧.૨.૩.૪

૦-૧-૬ બહારે ગુલશન ઉર્ફે બહારે કવ્વાલી.

૦-૨-૦ દીલચમન મોટી

૦-૧-૦ દીલચમન નાની

૦-૪-૦ દીવાન સાદીક.

૦-૪-૦ દીવાન જામીન.

૧-૦-૦ દીવાન દાગ (છપાય છે)

૦-૧-૬ બહાર ગુલશન ૧-૨-૩

૦-૮-૦ ફુળગી ગાયન ચારેં ભાગ

૦-૨-૦ " " પ્રીતી ભાગ.

૦-૦-૬ ચુરનકા લટકા

૦-૨-૦ ફુલોનો હાર મધુર મનહર.

૦-૨-૦ કંચનના કકડા

૦-૨-૦ રાગરાગણી સંગ્રહ.

૦-૧-૦ મુંબઇની મઝા.

૦-૧-૬ ગુલીસ્તાને રાગ ૧-૨-૩

૦-૨-૦ ચવ ચવનો મુરબ્બો.

ઉરદુકી પુરી ગાયન ભાષગુ વાળી નાટકકી પુસ્તકેં.

૦-૬-૦ અસીરે હીર્સ.

૦-૬-૦ સયદે હવસ.

૦-૬-૦ ભુલભુલઇયાં.

૦-૮-૦ જહરીસાંપ

૦-૬-૦ ઇંનતેકામ.

૦-૮-૦ ખુને નાહક.

૦-૩-૦ ગજરામારૂજી મોટી

૦-૪-૦ ગુલબંકાવલી મોટી

૦-૩-૦ બીરબલ બાદશાહ (ભાગ ૧ થી ૬)

૦-૬-૦ જહાંદારશાહ બાદશાહની વારતા ૨૦

૨-૦-૦ અરેબીયન નાઈટસ

૨-૮-૦ ડીટો, ચીત્ર સાથે.

૦-૩-૦ સદેવંત શાવળીંગા મોટી

૦-૩-૦ સુંદર કામદાર મોટી

૦-૩-૦ ખરાસ કસ્તુરી મોટી

૦-૩-૦ મડાપચીશી

૦-૩-૦ અભેમન્યુ ચક્રાવો

૦-૪-૦ ઓખાહરણ મોટું

૦-૨-૦ ઓખાહરણ નાનું

૦-૨-૦ પ્રભાત સંગ્રહ મોટું

૦-૪-૦ ભક્ત શીરોમણી

૦-૪-૦ ધોળ પદ

૦-૮-૦ ભજન ભંડાર

૦-૮-૦ ભજન સાગર

૦-૩-૦ કેશરૂખા

૦-૪-૦ સતી ગોરી અને ભાનુ સિંહ

૦-૪-૦ ઈંદરા અને રઘુનાથ

૦-૮-૦ કમલ કુમારી

૦-૬-૦ મદનચંદ્ર અને નવનીત કળા

૦-૪-૦ માન મુસાફરી

૦-૨-૬ ત્રણ રત્નો

૦-૨-૦ કુસુમ કમળા

૦-૬-૦ છેલની વારતા.

૦-૪-૦ ચતુર સુંદર સ્ત્રી વીલાસ ગરબાવળી.

૦-૪-૦ મદાલસા નોવેલ

૦-૪-૦ સુરેખાહરણ રાગ રાગણીમાં

૦-૪-૦ કામકલાને કામરૂપની વારતા

૨-૦-૦ વિલાસસુંદરી અને જાદુનો પલંગ ૪ ભાગ પાકું બાઈન્ડીંગ સુ

ન્હેરી છાપા વાલી
૦–૬–૦ વિલાસસુંદરી અને
જાદુનો પલંગ ભાગ
૧ લો ત્રીજી આવૃતિ
૦-૧૨-૦ ડીટ્ટો, ભાગ બીજો
બીજી આવૃતિ
૦-૧૨-૦ ડીટ્ટો, ભાગ ત્રીજો
બીજી આવૃતિ
૦-૧૨-૦ ડીટ્ટો, ભાગ ચોથો
બીજી આવૃતિ
૧-૦-૦ ડીટ્ટો, ભાગ પાંચમો
૧ લી આવૃતિ
૦–૫–૦ ચંદ્રસેન વેની પદમની
ચીત્ર સહીત
૦-૧૨-૦ હુનરસાર સંગ્રહ
૧–૪–૦ બત્રીસપુતળી મોટી.
૦-૧૪-૦ ડીટ્ટો નાની
૦–૮–૦ સુખબહોતેરી મોટી

૦–૪–૦ દેવતાઈ જાદુગર
૦–૧–૦ ઈંદ્રજાલ નાની
૦–૬–૦ ઈંદ્રજાલ મ્હોટી.
૦–૮–૦ અકબર બીરબલ ભાગ ૧ થી ૧૨
૦–૪–૦ ભોજ કાલીદાસ
૦–૩–૦ મછવેદ રાજ રાગણીમાં
૦–૩–૦ કુમુદ સુંદરી.
૦–૪–૦ મણિ અને મેના.
૦–૬–૦ ચતુરસીંહ ઠગારો
ભાગ પહેલો.
૦–૬–૦ „ „ „ ભાગ બીજો
૦-૧૨-૦ બીરબલ બાદશાહ ૧૩ થી ૧૮ સુધી (છપાય છે
૦–૪–૦ સુંદર રસિક.
૦–૮–૦ ખંભાતનો ખુની
૦–૪–૦ સતિ તારામતી

વાંચવા લાયક પુસ્તકોની યાદી.

અંક	કીંમત.	રૂ. આ. પા.
૧	ભજન ભંડાર	૦-૧૨-૦
૨	ભજન સાગર	૦-૮-૦
૩	વીલાસ સુંદરી ભાગ ૧ લો (આવૃતી ત્રીજી)	૦-૬-૦
૪	વીલાસ સુંદરી ભાગ ૨ બીજો આવૃતી બીજી	૦-૮-૦
૫	વીલાસ સુંદરી ભાગ ૩ ત્રીજો ,, બીજી	૦-૧૦-૦
૬	વીલાસ સુંદરી ભાગ ૪ ચોથો ,, બીજી	૦-૧૬-૦
૭	વીલાસ સુંદરી ભાગ ૫ મો ,, પહેલી	૧-૦-૦
૮	બીરબલ ૧ થી ૬ સુધી	૦-૬-૦
૯	બીરબલ અને બાદશાહ ૭ થી ૧૨ સુધી	૦-૮-૦
૧૦	બીરબલ અને બાદશાહ ૧ થી ૧૨ સુધી ભેગા	૦-૧૨-૦
૧૧	બીરબલ અને બાદશાહ ૧૩ થી ૧૮ સુધી (છપાય છે)	૦-૧૨-૦
૧૨	ચતુરસીહ ઠગારા ભાગ ૧ લો.	૦-૬-૦
૧૩	ચતુરસીહ ઠગારો ભાગ ૨ જો.	૦-૬-૦
૧૪	નાજનીન નાવેલ (હંસવા લાયક રમુજ વાર્તા.)	૦-૨-૦
૧૫	મોહીનીચંદ્ર યાને સાચા પ્રેમની પરિક્ષા	૦-૮-૦
૧૬	પુષ્પ શૃંગાર નાવેલ	૦-૪-૦

આ સીવાએ અમારે ત્યાંથી વાર્તાઓના ભજન કીર્તનોના નાટકોના ગઝલો કીસ્સાઓ વગેરે ઘણી જાતના પુસ્તકો વ્યાજબી ભાવથી મળશે પ્રાઇસ લીસ્ટ મફત રવાના કરવામાં આવશે.

મળવાનું ઠેકાણું.

શા. એચ. એસ હરીની કંપની

ખેતવાડી, માણેકબિલ્ડીંગ, પોસ્ટ નંબર ૪. મુંબઇ

તથા શા. લછમનદાસ ગુપ્તા અને કંપની બુકસેલર્સ

ભાન્ડી બજાર—મુંબઇ